Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations
GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty
Brokerage* Each Office Independently Owned & Operated

FRIDAY, 22 MARCH, 2024 Vol. 21, No. 12 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# મની લોન્ડરિંગ કેસમાં સીએમ કેજરીવાલની ધરપકડ

## સર્ચ ઓપરેશન અને બે કલાક સુધી પૂછપરછ કર્યા બાદ ઈડીની કાર્યવાહી, 'આપ'ના કાર્યકરોએ હોબાળો મચાવ્યો

**નવી દિલ્હી**

કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરૂવારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરતા ખળભળાટ મચી ગયો હતો. દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં કેસમાં EDએ આઠવાર સમન્સ પાઠવ્યા પછી પણ કેજરીવાલ હાજર ન થતા ગુરૂવારે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. જેમાં કોર્ટે કેજરીવાલને ધરપકડથી રક્ષણ આપવાનો ઈન્કાર કરી દેતા થોડા કલાકોમાં જ EDની ટીમે કેજરીવાલના નિવાસસ્થાને પહોંચી હતી. જ્યાં ઈડીની ટીમે કેજરીવાલના ઘરમાં સર્ચ ઓપરેશન અને તેમની પૂછપરછ કરી હતી, ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલના નિવાસસ્થાન પાસે પોલીસ અધિકારીઓની ટીમ, બહાર બેરીકેડ્સ, પોલીસનો કાફલો અને RAF પણ તહેનાત કરાયો છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા કેટલાક કાર્યકર્તાઓની અટકાયત પણ કરવામાં આવી હતી. કેજરીવાલના ઘરે ઈડી પહોંચ્યા બાદ આમ આદમી પાર્ટીના નેતા સૌરભ ભારદ્વાજ ત્યાં પહોંચ્યા હતા, પરંતુ તેમને ઘરમાં જવા નહોતા દેવાયા. આ દરમિયાન ભારદ્વાજે કહ્યું કે, ઈડીની ટીમે કેજરીવાલની ધરપકડની તૈયારી પહેલેથી જ કરી હતી.



### ધરપકડ પર રોક લગાવવા હાઈકોર્ટનો ઈન્કાર

દિલ્હી હાઈકોર્ટમાં આજે જ લીકર પોલિસી કેસ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની સુનાવણી હાથ ધરી હતી. આ દરમિયાન કોર્ટ તરફથી કેજરીવાલને કોઈ રાહત મળી નથી. કોર્ટે તેમની ધરપકડ પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો. દિલ્હી હાઈકોર્ટે ઈડીને અરવિંદ કેજરીવાલની અરજી પર બે અઠવાડિયામાં જવાબ આપવા કહ્યું છે. હવે આ કેસમાં દિલ્હી હાઈકોર્ટ આગામી સુનાવણી 22મી એપ્રિલે કરશે.

### આઠ સમન્સ છતાં કેજરીવાલ હાજર ન થયા

ઈડીએ દિલ્હી એક્સાઈઝ નીતિ કૌભાંડ કેસ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગની પૂછપરછ કરવા કેજરીવાલને સમન્સ પાઠવ્યા હતા. છતાં તેઓ હજુ સુધી હાજર થયા ન હતા. કેજરીવાલની દલીલ હતી કે. પુછપરછના બહાને ઈડી દ્વારા તેની ધરપકડ કરી દેવાશે. આ જ કારણોસર કેજરીવાલે હાઈકોર્ટમાં અપીલ કરીને કહ્યું હતું કે, તેઓ ઈડીની તપાસમાં સહકાર આપશે પરંતુ તેને ખાતરીઆપવામાં આવે કે પુછપરછ દરમિયાન તેમની ધરપકડ કરવામાં આવશે નહીં. જો કે, આમ છતાં પણ ઈડી દ્વારા તેની કાર્યવાહી ચાલુ રખાઈ હતી.

# કેનેડા વધુ 800 કંપનીઓ દ્વારા બેંક કરપ્સી ફાઇલિંગની અરજી

## નાની કંપનીઓ અને કન્ઝયૂમર્સ હજી પણ મુશ્કેલીમાં

**ટૉરેન્ટો**

કેનેડા, બ્રિટન સહિત દુનિયાના અનેક દેશો આર્થિક મંદીના અણસાર મળી રહ્યા છે. આવા સમયે બેંક કરપ્સી ફાઈલિંગ થવાનું વધી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર કેનેડામાં ગત જાન્યુઆરી મહિનામાં ૮૦૦થી વધુ કંપનીઓએ બેંક કરપ્સી માટે આવેદન આપ્યું હતું.

વર્ષ ૨૦૨૩માં બેંકના દેવાળા ધરાવતી કંપનીઓની સંખ્યામાં ૪૦ ટકા વધારો થયો છે. છેલ્લા ૧૩ વર્ષમાં બેંક કરપ્સી ધરાવતી કંપનીઓની સંખ્યા સૌથી વધારે છે. કોરોનાકાળમાં કંપનીઓને ૪૫૦૦૦ ડોલરની વ્યાજવગરની લોન આપવામાં આવી હતી, જેનું ચુકવણું કરવાની ડેડલાઈન જાન્યુઆરી મહિનો હતો, ત્યારપછી બેંક કરપ્સીનું પ્રમાણ વધ્યું છે. કેનેડાના જીડીપીમાં નાની કંપનીઓની ભાગીદારી ૩૩ ટકા જેટલી છે. કેનેડામાં સરકારી આંકડાઓ મુજબ તો દેશની ઈકોનોમી મજબૂત બની છે, પરંતુ નાની કંપનીઓ અને કન્ઝયૂમર્સે ખૂબ સ્ટ્રગલ કરવી પડી રહી છે. હાલમાં આર્થિક મંદીમાં પણ કેનેડા ટકી રહ્યું છે. પરંતુ નોકરીની તકો ઘટવાથી વિદેશી સ્ટુડન્ટસના આર્થિક બજેટ ખોરવાઈ ગયા છે. મોંઘવારી વધવાથી ન્યુ સેટલમેન્ટ ધરાવતા લોકોને તકલીફનો સામનો કરવો પડયો છે. જાપાનમાં કેન્દ્રીય બેંકે અર્થ વ્યવસ્થાને ઉત્તેજન આપવા માટે ૧૭ વર્ષ પછી વ્યાજદર વધાર્યો છે. આ સાથે જ નકારાત્મક વ્યાજદરોની લાંબા સમયથી ચાલી આવતી આર્થિકનીતિનો અંત આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર બેંક ઓફ જાપાનના વ્યાજદરોમાં ૨૦૦૭ પછી પ્રથમવાર જ આ પગલું ભરવું પડયું છે. બેંક ઓફ જાપાને શોર્ટ ટર્મ વ્યાજદરોને ઋણાત્મક ૦.૧ થી વધારીને ૦.૧ ટકા કર્યા છે. ઉલ્લેખનીય છે કે ૨૦૧૬માં જાપાને વ્યાજદરોને શુન્યથી નીચે નેગેટિવ લાવવા માટેનું પગલું ભર્યુ હતું.

ABOWATH
REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

BEST of MONTREAL
The Suburban BEST of MONTREAL GAGNANT 2023 2023 WINNER
Voyage Intersky Travel
Voted Best Travel Agency
The Suburban
આપ કે પ્યાર ઓર ભરોસે કે લિયે ધન્યવાદ
Airline Tickets (worldwide) &Travel insurance, PR or passport renewal, OCI, Indian Visa, Surrender and more......
VOYAGES InterSky TRAVELS
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# 2023માં ટોરોન્ટોમાં દર 40 મિનિટે એક કારની ચોરી થઈ, 121 શકમંદોની ધરપકડ

## ટાસ્ક ફોર્સ દ્વારા શકમંદો સામે 730થી વધુ આરોપનામા ઘડાયા, 157 વાહન રિકવર

**ટોરોન્ટો**

ટોરોન્ટોના પોલીસ વડાએ કહ્યું હતુ કે, ગયા વર્ષે સમગ્ર શહેરમાં 12,000થી વધુ વાહનોની ચોરી થઈ હતી. એટલે કે દર 40 મિનિટે એક કારની ચોરી ગણી શકાય છે. ચીફ માયરોન ડેમકીવ કહે છે કે, ચોરાયેલી કારની સંયુક્ત કિંમત $ 790 મિલિયન છે. તે કહે છે કે, 2024માં અત્યાર સુધીમાં 68 કાર જેકીંગ થયા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 106 ટકાનો વધારો છે. ડેમકીવ કહે છે કે, જાન્યુઆરીની એક ઘટનામાં શંકાસ્પદ ચોરોએ કરિયાણાની દુકાનના પાર્કિંગમાંથી એક વાહન ચોરી લીધું હતું. જેમાં બે બાળકો કારની સીટ સાથે બંધાયેલા હતા. ડેમકીવ કહે છે કે તેમણે ફેડરલ સરકારને સૂચિત કર્યું છે કે ટોરોન્ટો સંગઠિત ગુનાઓને કારણે અપ્રમાણસર રીતે અસર થઈ રહી છે. ગયા મહિને ઓટાવામાં એક રાષ્ટ્રીય પરિષદ દરમિયાન વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ સૂચવ્યું હતું કે તેમની સરકાર ઓટો ચોરી માટે સખત દંડની વિચારણા કરી રહી છે. ડેમકીવ કહે છે કે ટોરોન્ટો પોલીસે તાજેતરમાં કાર ચોરીઓને સંબોધવા અને સંગઠિત અપરાધને વિક્ષેપિત કરવા માટે પ્રાંતીય પોલીસ સાથે ટાસ્ક ફોર્સ શરૂ કરી છે. યુનિટે અત્યાર સુધીમાં 121 શંકાસ્પદ લોકોની ધરપકડ કરી છે, 730 પર આરોપ મૂક્યા છે અને 157 ચોરેલા વાહનો રિકવર કર્યા છે.

# દર્દીના શરીરને 'પરફેક્ટ' કહેનાર ડોક્ટર ત્રણ મહિના માટે સસ્પેન્ડ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં એક ફેમિલી ડોક્ટરને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. કારણ કે, તે દર્દીના સ્તનની તપાસ કરતી વખતે યોગ્ય પ્રોટોકોલનું પાલન કરવામાં નિષ્ફળ ગયો હતો અને તેના શરીર વિશે અયોગ્ય ટિપ્પણીઓ કરી હતી. માર્ચમાં ઑન્ટેરિયો કૉલેજ ઑફ ફિઝિશિયન્સ એન્ડ સર્જન્સ દ્વારા યોજાયેલી સુનાવણીમાં ડૉ.તાહમૌરેસ બહરામીએ ઑક્ટોબર 2020માં એપોઈન્ટમેન્ટ વખતે મહિલા દર્દી સાથે વ્યાવસાયિક ગેરવર્તણૂક કરી હતી. નિમણૂક સમયે ટ્રિબ્યુનલને જાણવા મળ્યું હતુ કે, બહરામી દર્દીની જે શારીરિક તપાસ કરવા જઈ રહ્યો હતો તે સમજાવવામાં નિષ્ફળ ગયો. પછી તેણે તેની બાજુમાં હાથ ફેરવતી વખતે તેની આસપાસ તેનો હાથ મૂક્યો અને તેણીને કહ્યું કે તેણી પાસે "સ્ત્રીનું શરીર" છે. બે વર્ષ પછી તે જ દર્દી સાથેની બીજી મુલાકાત વખતે બહરામીએ ફરી એક વાર અયોગ્ય વર્તન કર્યું હોવાનું ટ્રિબ્યુનલને જાણવા મળ્યું હતુ. બહરમીએ મહિલાના શરીર વિશે અયોગ્ય ટિપ્પણીઓ કરી હતી, જેમાં તેણીને "સંપૂર્ણ" કહેવાનો પ્રયાસ કર્યો હતો.

# કેનેડામાં અભ્યાસ ઈચ્છુકોને આકર્ષવા ટીડી દ્વારા HDFC બેંક સાથે કરાર

**ઑન્ટેરિયો**

TD બેંક ગ્રુપે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને નવા ગ્રાહકો તરીકે આકર્ષવા અને તેમના માટે વિઝા આવશ્યકતાઓનું પાલન કરવાનું સરળ બનાવવા માટે ભારતીય બેંક સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. ઝડપી અભ્યાસ પરમિટ માટે અરજી કરવાની કેનેડાની આવશ્યકતાઓના ભાગરૂપે વિદ્યાર્થીઓએ નાણાકીય સહાયનો પુરાવો આપવો જરૂરી છે, જે બાંયધરીકૃત રોકાણ પ્રમાણપત્ર સાથે પરિપૂર્ણ થાય છે. પ્રોગ્રામ હેઠળ HDFC બેંક કેનેડામાં અભ્યાસ કરવાની યોજના ધરાવતા વિદ્યાર્થીઓને TDના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી GIC પ્રોગ્રામમાં મોકલશે. ટીડી વિદ્યાર્થીઓને અરજી ફી વિના GIC મેળવવા માટે ઑનલાઈન એપ્લિકેશન પ્રક્રિયાનો ઉપયોગ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. પ્રોગ્રામમાં વિદ્યાર્થીનું ચેકિંગ એકાઉન્ટ અને તેમના TD એકાઉન્ટમાં તેમની પ્રથમ વારની ચુકવણીને આવરી લેવા માટે ફી રિબેટનો પણ સમાવેશ થાય છે.

# 2024માં કેનેડામાં 77 વર્ષનો સૌથી ગરમ શિયાળો અનુભવાયો : ક્લાઈમેટોલોજિસ્ટ

## ઓછા પ્રમાણમાં બરફ પડ્યો, ચાર માર્ચે ગરમીનો પારો 16 ડિગ્રીએ જ અટકી ગયો

**ટોરોન્ટો**

એક ક્લાઈમેટોલોજિસ્ટના જણાવ્યા મુજબ અકાળે ઊંચું તાપમાન હોવા છતાં વસંતની શરૂઆત થોડી બરફ, વરસાદ અને સૂર્યપ્રકાશ લાવશે. કેનેડાની સરકાર દ્વારા 28 ફેબ્રુઆરીના રોજ કરાયેલી આગાહી એવી હતી કે, ટોરોન્ટો સામાન્ય વસંત કરતાં વધુ ગરમ અનુભવશે, પરંતુ ત્યાં સામાન્ય કરતાં તાપમાન 77 ટકા વધુ રહેવાની સંભાવના છે. આગાહી મુજબ ટોરોન્ટોમાં મોસમી ધોરણે તાપમાન સામાન્ય રહેવાની 19 ટકા શક્યતા છે અને તાપમાન સામાન્ય કરતાં નીચું રહેવાની ચાર ટકા શક્યતા છે. ટોરોન્ટોમાં માર્ચ, એપ્રિલ અને મેમાં સરેરાશ તાપમાન -3 સે અને 9 સે વચ્ચે હોય છે. વરિષ્ઠ ક્લાઈમેટોલોજિસ્ટ ડેવિડ ફિલિપ્સે મીડિયાને કહ્યું હતુ કે, કેનેડામાં સરેરાશ 77 વર્ષમાં સૌથી ગરમ શિયાળો હતો, તેથી વસંતમાં સંક્રમણ વધુ સરળ બનશે. શિયાળા દરમિયાન, ટોરોન્ટોએ તાપમાનના બે નવા રેકોર્ડ બનાવ્યા અને ઓછા પ્રમાણમાં બરફ પડ્યો છે. 4 માર્ચના રોજ, પારો લગભગ 16 સે. સુધી પહોંચી ગયો હતો, જેણે 50 વર્ષ જૂના તાપમાનના રેકોર્ડને તોડ્યો હતો, જે 13.3 સે. પર સેટ હતો. ફિલિપ્સે કહ્યું, અમારો શિયાળો વધુ હળવો હતો, લાંબા શોટ દ્વારા રેકોર્ડ તોડનારો હતો.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
(ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિક્લાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA



Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



Mayur Mistry
Broker
Century 21 Titans Realty Inc., Brokerage
2100 Ellesmere Rd, Suite 116, Toronto, ON. M1H 3B7
Email : mayur.mistry@century21.ca
Cell: 647.829.4965
Office: 416.289.2155

- 100's of transactions and counting
- proudly serving GTA for over 17 years
- Centurion Award Winner 2011, 2014, 2017, 2019, 2021

- Pre- Construction
- Upgrading
- Downsizing
- First time home buyers
- Small businesses
- Investment Properties
- Leasing
- No obligation home evaluation
- Competitive listing commission

Call me for all your real estate needs



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news



# ગુજરાતી સિનિયર્સ કલબનો કાર્યક્રમ નૃત્ય અને ભજનોએ જમાવી રમઝટ



## જૂન અને ઓગષ્ટ મહિનામાં પિકનિક યોજવા જાહેરાત સભ્યોના જન્મદિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઇ

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પ્ટનનો માર્ચ માસનો કાર્યક્રમ ૧૦મી તારીખે યોજાયો હતો. પ્રોગ્રામની શરૂઆત સમૂહ પ્રાર્થના અને વૈષ્ણવજન ભજનથી થયા બાદ હસમુખભાઈએ બધા સભ્યઓને આવકારી અને આજના પ્રોગ્રામ વિષે માહિતી આપી હતી.સાથે જ તેમણે જણાવ્યું હતું કે જૂન અને ઓગષ્ટ મહિનામા પીકનીકનું આયોજન કરવામાં આવશે. તેથી જૂન અને ઓગષ્ટ માસમાં આપણો માસિક પ્રોગ્રામ રાખવામાં આવશે નહી.

ત્યારબાદ ઈશ્વરભાઈ પટેલે શિવરાત્રીના ભજનની રજૂઆત કરી હતી અને કલાવતીબેન મિસ્ત્રીએ દેશ વિદેશના મુખ્ય મુખ્ય સમાચારોનો વિષે માહિતી આપી હતી. મહાભારતનો પ્રસંગ વર્ણવતા ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે કૃષ્ણ, બલરામ અને સાત્યકિની વાર્તા દ્વારા મહર્ષિ વેદવ્યાસે બ્રહ્મરાક્ષસ જેવા પડકારો, સમસ્યાઓ અને પ્રશ્નોનો ડર રાખ્યા વિના હસતાં રહી સામનો કરવાથી વિઘ્નો આપો આપ હલ થતાં જાય છે તેની સમજ આપી હતી, ત્યારબાદ જોક્સની રજૂઆતથી સભ્યોમાં આનંદ વર્તાયો હતો. વર્ષાબેન શાહે રજૂ કરેલા બોલિવુડ આધારિત હોળી નૃત્ય, અનિલભાઈ પ્રજાપતિએ રજૂ કરેલ ભજન અને ઈશ્વરભાઈ પટેલે રજૂ કરેલ ગીતની બધા સભ્યોએ મજા માણી હતી.

અંતે સભ્યોના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ સભ્યો તરફથી મળેલા ડોનેશનની રજૂઆત કરવામાં આવી હતી. ભોજનમાં પીરસવામાં આવેલા છોલે-પૂરી, પુલાવકઢી, શીરો અને મેથીના ગોટા ખાવાની મજા માણી બધા છૂટા પડયા હતા. TD 2015 થી કેનેડિયન ડોલર ક્લીયરિંગ માટે HDFC બેંકના મુખ્ય સંવાદદાતા બેંકિંગ ભાગીદાર છે.









તંત્રી સ્થાનેથી

# કેજરીવાલની ધરપકડ, કાયદાકીય કાર્યવાહી કે રાજકીય કાવાદાવા ?



તંત્રી - સ્વદેશ

ભારતમાં વર્તમાન સરકારે તેના વિરોધીઓને ઈડી, આઈટી અને સીબીઆઈના જોરે દબાવી દેવાનું વલણ અપનાવ્યું છે ત્યારથી બુદ્ધિજીવીઓ તથા હરિફ પક્ષોમાં ભારે નારાજગી છે. દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લાં 12 વર્ષથી મોદી અને ભાજપને જોરદાર ટક્કર આપી રહેલાં અરવિંદ કેજરીવાલ તથા આમ આદમી પાર્ટી માટે કેન્દ્ર સરકારે દાખવેલું વલણ પણ વર્ષોથી વિવાદનું કેન્દ્ર રહ્યા છે. લીકર કૌભાંડમાં આપ સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન અને ત્યારબાદ સંજયસિંહ તેમજ મનીષ સિસોદીયા જેવા નેતાઓને જેલમાં ધકેલ્યા બાદ કેજરીવાલ પણ મોદી સરકારના નિશાને હતા.દરમિયાન દિલ્હી હાઈકોર્ટમાં ગુરુવારે લીકર પોલિસી કેસ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસની સુનાવણી હાથ ધરાઈ, જેમાં કોર્ટે તેમની ધરપકડ પર રોક લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો. સાથે જ ઈડીને અરવિંદ કેજરીવાલની અરજી પર બે અઠવાડિયામાં જવાબ આપવા કહ્યું હતુ. હાઈકોર્ટની આ કાર્યવાહી બાદ ઈડીની ટીમ કેજરીવાલના ઘરે પહોંચી અને બે કલાકની પુછપરછ બાદ કેજરીવાલની ધરપકડ કરી હતી. આ સાથે જ રાજકીય માહોલ પણ ગરમાયો છે કારણ કે, આમ આદમી પાર્ટી હાલ ઈન્ડિયા ગઠબંધનનો ભાગ છે. દિલ્હીના કેબિનેટ મંત્રી અતિશીએ કહ્યું કે, કોર્ટે દ્વારા નોટિસ જારી કરાયાના એક કલાકની અંદર ઈડી તેમના નિવાસસ્થાને પહોંચી છે. આના પરથી લાગી રહ્યું છે કે, ઈડી સ્વતંત્ર તપાસ એજન્સી નહીં, પરંતુ ભાજપનું રાજકીય હથિયાર છે. આ અગાઉ ઈડીના સમન્સ પર કેજરીવાલ પૂછપરછ માટે હાજર થઈ રહ્યા ન હતા. તેમણે કોર્ટ પાસે ખાતરી માંગી હતી કે જો તેઓ પૂછપરછ માટે જાય તો તેમની ધરપકડ ન કરવામાં આવે.

આ ઘટનાક્રમ પહેલાં ઈડીએ સોમવારે સત્તાવાર નિવેદનમાં દાવો કર્યો હતો કે, ઈડીની તપાસમાં આરોપી કે. કવિતા સાથે કેજરીવાલનું નામ પણ જોડાયેલું છે. તપાસમાં ખુલાસો થયો છે કે, દિલ્હી લિકર પોલિસીમાં લાભ ખાંટવા તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવની પુત્રી કે. કવિતાએ આમ આદમી પાર્ટીને નેતાઓ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સાથે મળીને ષડયંત્ર રચ્યું હતુ. પોલિસીમાં લાભ મેળવવાના બદલામાં AAPના નેતાઓ સુધી 100 કરોડ રૂપિયા પહોંચાડાયા હતા. અને ષડયંત્ર હેઠળ પોલિસી હેઠળ હોલસેલર્સ દ્વારા લાંચના નાણાં સતત આમ આદમી પાર્ટી સુધી પહોંચી રહ્યા હતા. આ અગાઉ ઈડી કેજરીવાલને 8 વખત પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું. છતાં કેજરીવાલ ઈડી સમક્ષ હાજર થયા ન હતા. આથી ઈડીના અધિકારીઓ બરાબર અકળાયા હતા.

હવે કેજરીવાલની ધરપકડ થયા બાદ આમ આદમી પાર્ટી આગામી લોકસભા ચૂંટણી કેવી રીતે લડશે અને દિલ્હી-પંજાબમાં પાર્ટીનું શું થશે? તેવા સવાલો પણ ઉઠ્યા છે. તેમની ગેરહાજરીમાં ભગવંત માન, આતિશી, સૌરભ ભારદ્વાજ અને રાઘવ ચઢ્ઢા પાર્ટીના મોટા ચહેરાઓ છે જેમના માથે લોકસભાની ચૂંટણીની જવાબદારી આવી જશે. બંધારણ મુજબ દેશના રાષ્ટ્રપતિ અને રાજ્યોના રાજ્યપાલોને સિવિલ અને ફોજદારી બંને દાવાઓમાંથી રાહત મળે છે. જો કે, મુખ્યમંત્રીને કાર્યકાળ દરમિયાન રાહત મળતી નથી. હાલમાં આ પદ સંભાળતા કોઈપણ મુખ્યમંત્રીની અગાઉ ક્યારેય ધરપકડ કરવામાં આવી નથી. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવે ઘાસચારા કૌભાંડમાં ધરપકડ વોરંટ જાહેર થયા બાદ મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. લાલુ યાદવ સરન્ડર થયા તે પહેલા તેમની પત્ની રાબડી દેવીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. અગાઉ 45 દિવસ પહેલા ઝારખંડમાં પણ આવું જ થયું હતું. ED દ્વારા ધરપકડ કરવામાં આવે તે પહેલા હેમંત સોરેને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. તેમના સ્થાને ચંપાઈ સોરેનને મુખ્યમંત્રી બનાવાયા હતા. કેજરીવાલના કેસમાં જેલમાં રહી સરકાર ચલાવવી તેમના માટે પડકારજનક બાબત છે, જો કે, તપાસ દરમિયાન મુખ્યમંત્રીને કાયદેસર રીતે હોદ્દો સંભાળતા અટકાવી શકાય નહીં. મતલબ કે કોઈપણ મુખ્યમંત્રી જ્યાં સુધી દોષિત જાહેર ન થાય, ત્યાં સુધી જેલમાંથી સરકાર ચલાવી શકે છે. કેજરીવાલના ઘટનાક્રમમાં તેની સામે થયેલી કાર્યવાહી કાયદેસરની છે કે પછી રાજકીય કાવાદાવાનો ભાગ છે તેવા સવાલો પણ ઉઠી રહ્યા છે.

# ચૂંટણી પહેલાં બેંક ખાતાઓ સીઝ, કોંગ્રેસે કહ્યું લોકશાહી પર હુમલો

લોકસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસના મોટાભાગના બેન્ક ખાતાઓ ફ્રીઝ થઈ જતા દીગ્ગજ નેતાઓ બરાબર અકળાયા છે. ગુરુવારે તો કોંગ્રેસના હેડક્વાર્ટરમાં પત્રકાર પરિષદને સંબોધીને મલ્લિકાઅર્જુન ખડગે, સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ભાજપ તથા કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. આ વેળા ખડગેએ કહ્યું કે કોંગ્રેસના બેન્ક ખાતા ફ્રીઝ કરી દેવાયા. સત્તાધારી પક્ષ એટલા માટે આ કાર્યવાહી કરી રહ્યું છે કે જેથી કરીને કોંગ્રેસ આ ચૂંટણી જ ના લડી શકે. અમારો ઉદ્દેશ્ય તો લોકતંત્રને બચાવવાનો છે.

હાલની સરકારે દેશના સંસાધનો, મીડિયા અને બંધારણીય તથા ન્યાયિક સંસ્થાનો પર કબજો કરી લીધો છે. જયારે રાહુલ ગાંધીએ આક્રમકતા સાથે કહ્યું હતુ કે, મોદી સરકારે ફક્ત કોંગ્રેસના જ બેન્ક ખાતા સીઝ નથી કર્યા, પરંતુ આ ભારતની લોકશાહીને સીઝ કરી છે. દેશની સૌથી મોટી પાર્ટીને પંગુ બનાવી દેવાનો પ્રયાસ છે. 14 લાખ રૂપિયાની વસૂલીના મામલા માટે કાયદાથી વિપરિત 200 કરોડથી વધુનો દંડ ફટકારી દીધો છે. સરકારની નીતિને કારણે કોંગ્રેસના 285 કરોડ રૂપિયા એકાઉન્ટમાં ફસાઈ ગયા છે. અમારા કાર્યકરો પણ તેનો લાભ લઈ શકી રહ્યા નથી. કોંગ્રેસને ખતમ કરવાનો આ પ્રયાસ છે. અમે સારી રીતે પ્રચાર કરી ન શકીએ તે માટે રાજકીય કિન્નાખોરી સાથે આ કાર્યવાહી કરાઈ છે. આ સીધી રીતે ભારતની લોકશાહી પણ હુમલો છે. ચૂંટણીપંચે પણ આ મામલે કોઈ દખલ નથી કરી. કોર્ટ પણ કંઈ કહેતું નથી. મીડિયા પણ કંઈ કહેતું નથી. ચૂંટણીપંચના મોઢે પણ તાળા વાગી ગયા છે. સોનિયા ગાંધીએ પણ કાર્યવાહીને ગંભીર મામલો ગણાવી ચૂંટણી બોન્ડ મુદ્દે કેન્દ્ર સરકાર સામે નિશાન તાક્યું હતું. સોનિયા ગાંધીએ કહ્યું કે ચૂંટણી બોન્ડનો મામલો પણ અતિ ગંભીર છે. કોંગ્રેસને આર્થિક રીતે કમજોર કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

મનોજ ગાંધી
manoj1968@yahoo. ca






# વેસુમાં ફ્લાય ફાસ્ટ ઈમિગ્રેશનના સંચાલક દ્વારા UKના વર્ક વિઝાના નામે 20 લાખની છેતરપિંડી

## એગ્રીમેન્ટ કર્યા બાદ સ્પોન્સરશીપ લેટર માટે વધુ રૂ. 10 લાખ પણ લઇ લીધા

**સુરત**

ભરૂચ જિલ્લાના જંબુસરના કોટ દરવાજા નજીક ઢોળાવ ફળિયામાં રહેતા ઈંટના વેપારી યતીન નવીન પટેલ (ઉ.વ. 34) એ યુ.કે જવા માટે મિત્ર અભિજીત પટેલ હસ્તક મે 2023 માં વેસુના ટ્રિનીટી સીઝન્સમાં ફલાય ફાસ્ટ ઈમીગ્રેશન નામે વર્ક પરમીટ વિઝાની ઓફિસ ધરાવતા ધાર્મિક સુરેશ માધવાણી (રહે. બ્લ્યુ બેલ્સ, વૈષ્ણોદેવી હાઈટ્સની બાજુમાં, કેનાલ રોડ, વણકલા, જહાંગીરપુરા) નો સંપર્ક કર્યો હતો. ધાર્મિકે જરૂરી ડોક્યુમેન્ટ્સ લઈ રૂ. 20 લાખમાં યુ.કે ના વર્ક પરમીટ વિઝા અપાવવાનું કહી રૂ. 10 લાખ એડવાન્સ અને વિઝા આવ્યા બાદ બાકીના રૂ. 10 લાખ આપવાનું કહ્યું હતું. જેથી યતીને રૂ. 10 લાખ એડવાન્સ ચુકવતા ધાર્મિકે એગ્રીમેન્ટ કરી આપ્યો હતો અને ચાર મહિનામાં વર્ક પરમીટ વિઝાની ખાતરી આપી હતી. ત્રણ મહિનાનો સમય પૂરો થતા યતીને ધાર્મિકનો સંર્પક કરતા પ્રોસેસ ચાલું છે એમ કહી વાયદા કર્યા બાદ યુ.કે.ની કંપનીનો સ્પોન્સરશીપ લેટર જોઈતો હોય તો બીજા રૂ. 10 લાખ આપવા પડશે અને વિઝા ઝડપથી આવી જશે. જેથી યતીને બેંક મારફતે રૂ. 10 લાખ ચુકવ્યા હતા અને ધાર્મિકે યતીનના ભાઈ નયન પટેલના વ્હોટ્સએપ ઉપર જેએસ એન્ડ ડી કેર પ્રોવાઈડર્સ નામની કંપનીનો સ્પોન્સરશીપ લેટર મોકલાવી દસ દિવસમાં વિઝા આવી જશે એવું કહી ધક્કો ચડાવ્યો હતો. જેથી યતીને વેસુ ખાતેની ઓફિસે જતા તે બંધ હતી અને પોતે દિલ્હી ખાતેની ઓફિસે છે એવું કહેતા યતીનનો ભાઈ નયન દિલ્હી ગયો હતો પરંતુ તેણે દિલ્હી ખાતેનું જે સરનામું આપ્યું હતું ત્યાં તેની કોઈ ઓફિસ ન હતી.

# યુક્રેન યુદ્ધમાં મૃત્યુ પામનાર સુરતના યુવકના 26 દિવસ બાદ અંતિમ સંસ્કાર

**સુરત**

યુક્રેનના મિસાઈલ હુમલામાં જીવ ગુમાવ્યાના 25 દિવસ બાદ હેમિલનો પાર્થિવ દેહ 16મી માર્ચે સુરત પહોંચ્યો હતો. હેમિલના મૃત્યુના 26માં દિવસે રવિવાર વહેલી સવારે મૃતદેહ ઉમરા ગામે પહોંચ્યો હતો અને અંતિમયાત્રા નીકળી હતી.

યુક્રેનના મિસાઈલ હુમલામાં સુરતના વેલંજા નજીકના ઉમરા ગામના મૃત્યુ પામેલા 23 વર્ષીય હેમિલ માંગુકીયાનો પાર્થિવ દેહ 25 દિવસ બાદ 16મી માર્ચે શનિવારે બપોરે સુરત પહોંચયો હતો. ત્યારબાદ ત્યાંથી સ્મીમેર લઈ જવામાં આવ્યો છે. મૃતદેહની મેડિકલ પ્રોસિજર કર્યા બાદ રવિવાર અંતિમયાત્રા નીકળી હતી. પરિવાર દ્વારા ભારે હૈયે અંતિમ વિધિ કરવામાં આવી હતી અને કામરેજના કઠોર ગામે આવેલ કૈલાશ ધામમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં સ્થાનિકો જોડાયા હતા. એજન્ટ મારફતે સિક્યોરિટી હેલ્પર રશિયા ગયેલા સુરતના 23 વર્ષીય હેમિલ અશ્વિન મંગુકિયાનું મોત નીપજ્યું હતું. આ પહેલા એજન્ટ દ્વારા સુરતમાંથી લગભગ 12 જેટલા યુવાનો રોજગારી માટે રશિયા ગયા હતા, જેમાં હેમિલ મંગુકિયા પણ સામેલ હતો.

# સુરત એરપોર્ટ પર મોટી જાનહાનિ ટળી, 162 પ્રવાસીના જીવ બચ્યા

**સુરત**

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એર બુધવારે રાત્રે 11.15 નો સમય હતો, ત્યારે ઈન્ડિયા એક્સપ્રેસની શારજાહથી આવતી શારજાહ-સુરત ફ્લાઈટ ફ્લાઈટ લેન્ડ થયા બાદ રન-વેથી એપ્રેન તરફ જઈ રહી હતી. આ જ સમયે ફ્લાઈટની એક વિંગ રન-વેની સાઈડ પર ઊભેલી ટ્રક સાથે અથડાઈ ગઈ હતી. જેને કારણે વિંગ ડેમેજ થતાં જ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ફ્લાઈટને ગ્રાઉન્ડ કરી દેવી પડી હતી. માટી લાવતી ટ્રકનો ચાલક રન-વે પાસે પાર્ક કરી જતો રહ્યો, જેને કારણે આ અકસ્માત સર્જાયો હતો. પેરેલલ ટેક્સી ટ્રેક નિર્માણ કામમાં ટ્રક રન-વેના કિનારે ઉભી હતી. સદનસીબે એક પણ મુસાફરને ઈજા પહોંચી નથી. ઈન્ડિયા એક્સપ્રેસ પ્લેનની વિંગ ક્ષતિગ્રસ્ત થઈ છે. જોકે, આ દુર્ઘટનાને કારણે 162 મુસાફરો સમયસર શારજાહ પહોંચી શક્યા ન હતા. ટ્રક સાથે વિમાનની પાંખ અથડાવવાના કારણે વિમાનની પાંખને સામાન્ય નુકસાન પહોંચ્યો હતો. તો બીજી તરફ આ ઘટનાના પગલે વિમાનમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોટી ગયા હતા અને એરપોર્ટ પર ડરનો માહોલ ઉભો થઈ ગયો હતો. મુસાફરો એરપોર્ટ ઓથોરિટીની આ બેદરકારી બદલ ગંભીર ટીકા કરી રહી છે.

# સુરતની કોન્સ્ટેબલનો આપઘાત કેસ : પ્રેમી સાથેનો વિરહ સહન ન થતા અંતિમ પગલું

**સુરત**



સિંગણપોર પોલીસ દ્વારા મૃતક મહિલા પોલીસ કોન્સ્ટેબલ હર્ષા ચૌધરીની રૂમમેટ જીગીસા બેન ગામીતની પુછપરછ કરી હતી. જે પુછપરછમાં હર્ષા ચૌધરીનો અગાઉ સીંગણપોર પોલીસ મથકમાં ફરજ બજાવી ચૂકેલા અને હાલ સુરત સાયબર ક્રાઈમ શેલમાં કાર્યરત પ્રશાંત ભોંયે જોડે પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું હતું. જે હકીકત સામે આવતા સિંગણપોર પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ શેલમાં ફરજ બજાવતા પ્રશાંત ભોંયેની ઊંડાણપૂર્વકની પુછપરછ હાથ ધરવામાં આવી હતી.

સીંગણપોર પોલીસ મથકની પુછપરછ માં પોલીસ કોન્સ્ટેબલ પ્રશાંત ભોંયે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે,પોતે અને હર્ષા છેલ્લા ત્રણ વર્ષથી પ્રેમ-સંબંધમાં હતા. દોઢ માસ અગાઉ બાઈક સ્લીપ થઈ જવાના કારણે અકસ્માત થયું હતું. જેના કારણે પોતે છેલ્લા દોઢ માસથી પોતાના વતન ડાંગ ખાતે ગયો હતો. પરંતુ ડાંગમાં મોબાઈલ નેટવર્ક ન આવવાના કારણે હર્ષા અને પોતે સંપર્ક વિહોણા બન્યા હતા. લગ્ન ઝડપથી થઈ જાય તે માટે અગાઉ હર્ષા ને ઉતાવળ કરી હતી. પરંતુ અન્ય જોડે લગ્ન કરી લઈશ તેવી ચિંતા હર્ષા ને સતાવી રહી હતી. પોલીસ સમક્ષ આપેલ નિવેદનને લઈ સિંગણપોર પોલીસ દ્વારા પ્રશાંત ભોંયેનું સ્ટેટમેન્ટ રેકોર્ડ કરવામાં આવ્યું હતું. સુસાઈડ નોટમાં કોઈનો વ્યક્તિગત નામનો ઉલ્લેખ નહોતો. પરંતુ મૃતકના રૂમમેટ જીગીસા ગામીતની છપરછ કરતા પ્રશાંત ભોંયે અને મૃતક વચ્ચે પ્રેમ પ્રકરણ હોવાનું સામે આવ્યું હતું. પ્રશાંત ભોંયે અને મૃતક હર્ષના ચૌધરી વચ્ચે પ્રેમ સંબંધ હતો તે જાતે પ્રશાંતે કબૂલાત કરી છે.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax



CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)
Call us for details

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# વડોદરામાં ઠેરઠેર ચૂંટણી બહિષ્કારના બેનરો લાગ્યા

## અનેક સમસ્યા અંગે જનપ્રતિનિધિઓએ બેદરકારી દાખવતાં પ્રજામાં રોષ વધ્યો, કોર્પોરેટરોના ઘર સામે દેખાવો કરવાની ચીમકી

**વડોદરા**

લોકસભાની ચૂંટણીની જાહેરાત સાથે જ વડોદરામાં તો ચૂંટણી બહિષ્કારના બેનરો પણ લાગવાના શરુ થઈ ગયા છે.દર વખતે ચૂંટણી ટાણે વિકાસથી વંચિત લોકોનો રોષ સપાટી પર આવતો હોય છે અને આ વખતે તો શહેરના વડસર વિસ્તારની કેટલીક સોસાયટીઓના લોકોએ ચૂંટણી જાહેર થયાના બીજા જ દિવસે લોકોએ મતદાન નહીં કરવાનુ એલાન કરી દીધુ છે.

વડસરમાં આવેલી મુદ્રા હાઈટસ, સંસ્કૃતિ રેસિડન્સી, અંબે એન્કલેવ અને બીજી કેટલીક સોસાયટીઓના લોકોએ આજે દેખાવો કર્યા હતા અને ચૂંટણી બહિષ્કારના બેનરો દર્શાવ્યા હતા. અહીંના રહેવાસીઓએ કહ્યુ હતુ કે, છેલ્લા 6 વર્ષથી રસ્તા, પાણી અને સ્ટ્રીટ લાઈટ માટે દરેક સ્તરે રજૂઆત કરીને થાકી ગયુ છે પણ કોઈ પરિણામ મળ્યુ નથી.ના છુટકે હવે લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ફરજ પડી છે.અમે અમારી સોસાયટીઓમાં કોઈને ઘૂસવા દેવાના નથી.

લોકોનુ કહેવુ હતુ કે, અમે 2500 ટીડીએસ વાળુ બોરવેલનુ પાણી વાપરી રહ્યા છે.જેના કારણે અમારા તો ઠીક છે પણ બાળકોના માથાના વાળ પણ ખરી રહ્યા છે.રસ્તો નહીં બન્યો હોવાથી ચોમાસામાં પાણી ભરાય છે.બાળકો સ્કૂલે જાય અને ઘરે પાછા આવે ત્યાં સુધી અમે ટેન્શનમાં રહીએ છે.રીક્ષાચાલકો પણ અહીંયા આવવા માટે તૈયાર નથી થતા.અમારી સમસ્યાઓ પ્રત્યે ધ્યાન ખેંચવા માટે ચૂંટણી બહિષ્કારનુ એલાન આપવુ પડયુ છે.એ પછી પણ પાયાની સુવિધાઓ નહીં મળે તો અમે કોર્પોરેટરોના ઘરોની સામે દેખાવો કરીશું.

## પાટીલ સાથે બેઠક બાદ કેતન ઇનામદારે રાજીનામું પરત ખેંચ્યું, કહ્યું- ‘2027ની ચૂંટણી નહીં લડું’

**સાવલી :** ભાજપમાં ચાલી રહેલા ભરતી મેળાથી નારાજ થઈને આજે 19 માર્ચે અચાનક સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારે રાજીનામું ઈ-મેલથી વિધાનસભા અધ્યક્ષને મોકલ્યું હતું. ત્યારબાદથી કેતન ઈનામદારને સમજાવવાના પ્રયત્નો શરૂ થઈ ગયા હતા. જામનગરના ધારાસભ્ય અને વડોદરા જિલ્લાના પ્રભારી સાવલી ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં એક કલાકની બેઠક બાદ તેમને ગાંધીનગર બોલાવવામાં આવ્યા હોવાનો સંદેશો મળતા કેતન ઈનામદાર ગાંધીનગર પહોંચ્યા હતા. જ્યાં તેમણે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સાથે મુલાકાત કરી હતી. જ્યારબાદ તેમણે રાજીનામું પરત ખેંચવાનો નિર્ણય કર્યો હતો. હર્ષ સંઘવીના પ્રયાસથી મામલો શાંત પડ્યો. આમ, કેતન ઈનામદાર માની જતા વડોદરા ભાજપની આગ ઓલવાઈ છે. ઈનામદારે આ અંગે વાત કરતા કહ્યું કે, ‘મેં મારી વેદના સી.આર. પાટીલ સામે રજૂ કરી. દરેકની કામ કરવાની પદ્ધતિ અલગ હોય છે. મારી કામ કરવાની પદ્ધતિ અલગ છે. વ્યક્તિગત કોઈનો વિરોધ નથી. મારા વિસ્તારમાં ખેડૂતોને પાણી મળે તે મારી માંગ હતી. હું 2027ની ચૂંટણી નહીં લડું.’ આમ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે મુદ્દો સાંભળતા સમાધાન થયું છે. ઈનામદારે કહ્યું કે, આચાર સંહિતા પહેલા મારા કામ પૂર્ણ થાય તેવી ઈચ્છા હતી. મારા વિસ્તારમાં મહી વિયર યોજનાને લઈને મારી નારાજગી હતી.



## ડભોઇમાં 50 કોંગી હોદ્દેદારો ભાજપમાં જોડાઈ ગયા

ડભોઇ તાલુકાના 50થી વધુ કોંગ્રેસના આગેવાનો ભાજપમાં જોડાતા ડભોઇ તાલુકા પંચાયત અને નગર પાલિકામાં ભાજપના વિરોધમાં ખૂબ જ ઓછા સભ્ય રહ્યા છે. વડોદરા જિલ્લામાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો મોટેપાયે પક્ષ છોડી રહ્યા હોવા છતાં પક્ષના મોવડીઓ ડેમેજ કંટ્રોલ કરી શકતા નથી. પરિણામે ગઈકાલે ડભોઇ તાલુકામાં કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ડભોઇ તાલુકામાં કોંગ્રેસના તાલુકા પ્રમુખ, જિલ્લા પંચાયતના 1 સદસ્ય, તાલુકા પંચાયતના 5 સદસ્ય, નગરપાલિકાના 1 સદસ્ય તેમજ મોરચાના પ્રમુખ સહિતના 50થી વધુ હોદ્દેદારોએ ભાજપમાં પ્રવેશ લીધો હતો પરિણામે હવે ડભોઇ તાલુકા પંચાયતમાં કુલ 20 સભ્યોમાંથી ભાજપની સામે વિરોધ પક્ષમાં 6ને બદલે માત્ર 1 જ સદસ્ય રહ્યા છે. જ્યારે નગરપાલિકામાં પણ ભાજપ પાસે 36 માંથી 21 ને બદલે હવે 23 સભ્યો થઈ ગયા છે.

## હું સંસદની ચૂંટણી પણ લડીશ, નેતાઓએ મારી સાાથે ગદ્દારી કરી છે : મધુ શ્રીવાસ્તવ

પૂર્વ ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ ફરી મેદાનમાં આવ્યા છે. તેઓ વાઘોડિયા બેઠક પરથી ધારાસભ્યની સાથે સાંસદ સભ્ય તરીકેની ચૂંટણીમાં પણ ઉભા રહેવા તૈયાર હોવાનું જણાવી રહ્યા છે. મધુ શ્રીવાસ્તવે કહ્યું હતું કે, વાઘોડિયા બેઠક પર કઈ પાર્ટીના કેટલા ઉમેદવારો અને કઈ જાતિના કેટલા ઉમેદવારો લડે છે, તેના પરથી સમીકરણો નક્કી થશે. સમીકરણો જોઈને ચૂંટણી લડવી કે નહીં તે નક્કી કરીશ. આ વખતે ચૂંટણી લડનારા ઉમેદવાર જો નબળા હશે તો હું વિધાનસભા જ નહીં, પરંતુ સંસદની ચૂંટણી પણ લડીશ. તેમણે કહ્યું હતું કે, એક જ વર્ષમાં મોકળું મેદાન મળ્યું છે, તો કોઈપણ વ્યક્તિ મોકો ન છોડી શકે. સમીકરણો જો ભાજપની વિરોધમાં ચાલતો હશે, તો હું પાછળથી સપોર્ટ કરીશ. ભાજપની સામે લડવું હશે તો લડીશ પણ ખરો. આ વખતે 110 ટકા ચૂંટણી લડવાનો છું. હારે તેવું લડવાનું નથી. જ્યાં પણ મેં કદમ મૂક્યા છે, ત્યાં મારો વિજય થતો આવ્યો છે. બજરંગબલીના મારા પર આશીર્વાદ છે અને મારું બધું સારું થતું આવ્યું છે. મેં એકપણ રૂપિયાનું કરપ્શન કર્યું નથી. ભાજપ માટે જિલ્લા પંચાયત, કોર્પોરેશન અને સંસદ સુધી જીતાડવાના પ્રયાસ કર્યા છે. પરંતુ વડોદરાના ભાજપના નેતાઓએ મારી સાથે બેઈમાની કરી છે. જેથી હું નારાજ છું. રંજનબેન ભટ્ટને ટિકિટ મળવા અંગે મધુ શ્રીવાસ્તવે કહ્યું કે, આ ચૂંટણીમાં હું તેમના વિરૂદ્ધ લડીશ.

# વડોદરામાં 13 વર્ષની કિશોરી સાથે શરીર સંબંધ બાંધનાર વિધર્મીને 20 વર્ષની કેદ

## કિશોરી ઓનલાઇન અભ્યાસ કરતી હતી ત્યારે ઉત્તર પ્રદેશના યુવક સાથે પરિચય થયો હતો

**વડોદરા**

૧૩ વર્ષની કિશોરીને વડોદરામાં કમાટીબાગમાં લાવીને ધોળે દિવસે તેની સાથે શરીર સંબંધ બાંધનાર મુંબઈના વિધર્મી યુવકને સાવલીની સ્પેશ્યલ પોક્સો કોર્ટે ૨૦ વર્ષ કેદની સજા અને ૫૩,૦૦૦ દંડ ફટકાર્યો છે. જ્યારે કિશોરીને રૃ. ૪ લાખ વળતર તરીકે ચૂકવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને સૂચના આપી છે.

વડોદરા જિલ્લામાં રહેતી કિશોરી ધો.૮માં અભ્યાસ કરતી હતી. કોરોનાની એન્ટ્રી થતાં તમામ શાળાઓ બંધ થઈ હતી અને ઓનલાઈન અભ્યાસ ચાલતો હતો એટલે પરિવારજનોએ કિશોરીને નવો મોબાઈલ લઈ આપ્યો હતો. તે દરમિયાન એક ઓનલાઈન ડેટિંગ એપ્લિકેશન દ્વારા મુંબઈમાં અંધેરી વેસ્ટની જુહુ ગલીમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લાના દખીણ ગામના મોહંમદ તોહીદ ઉર્ફે કાસીફ મોહંમદ સમીમ રંગરેજ (ઉ.૨૨)એ આ કિશોરીનો સંપર્ક કર્યો હતો. ઓનલાઈન પરિચય બાદ બન્ને તા. ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ સાવલી ખાતે મળ્યા હતા,જેના થોડા સમય બાદ તા.૩ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ મોહંમદ તોહીદ સાવલી નજીક ગિરધરનગર આવ્યો હતો અને ત્યાંથી લોકલ ફેરા મારતી ગાડીમાં કિશોરી સાથે વડોદરા આવ્યો હતો. વડોદરામાં આંટાફેરા માર્યા બાદ મોહંમદ તોહીદ કિશોરીને કમાટીબાગના ઝાડી ઝાંખરામાં લઈ ગયો હતો અને કિશોરીએ વિરોધ કર્યો હોવા છતા તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો.

# બોગસ કંપની ઉભી કરીને 1800 લોકોને ઠગનાર 23 વર્ષે પકડાયો

**વડોદરા**

સયાજીગંજના વર્લ્ડ ટ્રેડ સેન્ટરમાં વર્ષ-૨૦૦૦માં રોબિન્સન ઈન્પેક્સ ઈન્ડિયા લિ. નામની કંપનીના નામે લોકોને કોલ કરીને લકી નંબર તરીકે પસંદગી થઈ હોવાનું કહી ડેપો પાસેની હોટલમાં બોલાવવામાં આવતા હતા અને મેડિક્લેમ તેમજ જુદીજુદી વસ્તુઓ પર ફાયદાની સ્કીમોમાં ફસાવી રોકડ અને ચેકથી રકમ પડાવી લેવામાં આવી હતી. ઉપરોક્ત બનાવમાં કંપનીના ચેરમેન ઓમપ્રકાશ પંજાબીએ ૧૮૦૦ જેટલા લોકો પાસે લાખો રૃપિયા પડાવીને ઉઠમણું કર્યું હોવાની વિગતો ખૂલી હતી.જેથી વર્ષ-૨૦૦૧માં તેની સામે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.

પોલીસના કહ્યા મુજબ,ઉપરોક્ત બનાવમાં અમદાવાદ મેમનગર રોડ ખાતે ક્રિષ્ણા કોલોનીમાં રહેતા આરોપીને પકડવા માટે વારંવાર પોલીસની ટીમો જતી હતી.પરંતુ તેનો પત્તો લાગતો નહતો.આખરે તે હાલમાં જ્યાં રહેતો હતો તેની માહિતી મળતાં પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ એનજી જાડેજા અને ટીમે વોચ રાખી ઓમપ્રકાશ કાશ્મીરી લાલ પંજાબી(બાગેશ્વરી ટાવર,સેટેલાઈટ, અમદાવાદ)ને ઝડપી પાડયો છે.

# આંકલાવ ભાજપના પૂર્વ ઉપપ્રમુખ સહિત 6 જુગાર રમતા ઝડપાયા

**આણંદ**

આણંદ એલસીબી પોલીસની ટીમ ગત રોજ નાઈટ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન આંકલાવ સીમ વિસ્તારમાં આવેલ રંજેવાડ તળાવ વિસ્તારમાં રહેતો જગદીશ ઉર્ફે ઝૂમરી ઠાકોર બહારથી પોતાના મળતિયાઓને બોલાવી તેના મકાન નજીક સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા પાનાનો જુગાર રમાડી રહ્યો હોવાની માહિતી પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે મોડી રાત્રીના સુમારે ઓચિંતો છાપો માર્યો હતો. પોલીસને જોતાં જ જુગાર રમી રહેલ શખ્સોમાં નાસભાગ મચી ગઈ હતી. જો કે પોલીસે કોર્ડન કરીને સ્થળ પરથી જગદીશ ઉર્ફે ઝૂમરી પૂનમભાઈ ઠાકોર, દિલુભા ઉર્ફે દીલો, દિપસિંગ રાજ, મેલાભાઈ ઉર્ફે બુધો ઠાકોર, ઐયુબખાન ઉર્ફે મયુરભાઈ પઠાણ, વિક્રમ મકવાણા અને અરવિંદભાઈ શનાભાઈ હરીજનને ઝડપી પાડયા હતા. પોલીસે ઝડપાયેલ શખ્સોની અંગઝડતીમાંથી અને દાવ પરથી મળી કુલ્લે રૃા.૧૬૦૮૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલ તમામ ૬ શકુનિઓ વિરુધ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## કપડવંજના દૂધાથલમાં વીજ ડીપી પર ચઢેલા યુવકનું કરંટથી મોત

કપડવંજ : દૂધાથલ ગામના ખેતર માલિક રાજેશભાઈ શાંતિભાઈ પટેલના ખેતરમાં આવેલા જીઈબીના ટીસી ઉપર દૂધાથલ ગામે રહેતા દિલિપસિંહ રતનસિંહ ઝાલા (ઉ.વ ૩૨) કે જેઓ અસ્થિર મગજના હોવાથી તા. ૧૭-૩-૨૪ના રોજ સવારે ૭.૩૦ કલાક પહેલા જીઈબીના ટીસી ઉપર ચઢી ગયા હતા. જેથી વીજ કરન્ટ લાગતા ઘટના સ્થળ ઉપર તેમનું મોત થયું હતું. આ ઘટના અંગે કપડવંજ રૂરલ પોલીસ મથકે રાજેશભાઈ શાંતિભાઈ પટેલ દ્વારા એડી દાખલ કરવામાં આવી હતી.

# કાલોલમાં ગેસ સિલિન્ડર ફાટતાં 22 ઇજાગ્રસ્ત, 4ની હાલત ગંભીર

**કાલોલ**

કાલોલના રામનાથ ગામે રાવળ ફળીયામાં રસોઈ કરતી વેળા ઘર વપરાશનાં ગેસનો બોટલ ફાટતાં પરિવારના સભ્યો સહિત કુલ 22 લોકો દાજયા હોવાની ઘટના સામે આવી છે. રાવળ ફળિયામાં પરિવાર જ્યારે રસોઈ બનાવી રહ્યો ત્યારે અચાનક જ ગેસ લીકેજ થતા આગ ભભૂકી ઉઠી હતી. ગેસ લીકેજના કારણે આગ લાગતા ભભૂકી ઉઠેલી અગનજ્વાળાઓથી પરિવારના સભ્યો ગંભીર રીતે દાઝી ગયા હતા. અફરાતફરીના માહોલમાં ગેસ બોટલ લીકેજ થઈ આગ લાગતા આસપાસના મકાનોમાં પણ આગની અસર જોવા મળી હતી. ગેસ બોટલ ને ઓલવવા નો પ્રયત્ન કરતા અચાનક બ્લાસ્ટ થયો હતો.ઉપરા છાપરી થયેલા બે બ્લાસ્ટ એટલા પ્રચંડ અને ભયાનક હતા કે મકાનની છત સાથે બોટલ અથડાયો હતો. ગેસ બોટલ બ્લાસ્ટ થતા જ તેની અગન જ્વાળાઓ આસપાસના ત્રણથી ચાર જેટલા ઘર સુધી પહોંચી હતી. ઘટનામાં અત્યાર સુધી કુલ 22 જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. 4ની હાલત ગંભીર જણાતી હતી.

# બનાસકાંઠાની મહિલા ખેડૂતે 1.30 લાખમાં બનાવી દીધું મીની ટ્રેક્ટર

**બનાસકાંઠા**



મહેનતથી સફળતા મળે છે.વિચારોથી નહિ આ વાક્યને સાર્થક કરી બતાવ્યું છે. બનાસકાંઠાના એક નાનકડા ગામના ધોરણ 10 સુધી ભણેલા હંસાભાઈ સુથારે તેમણે બાગાયતી પાકમાં નિંદામણ દૂર કરવા ઉપયોગમાં લેવાતા ટીલરના એન્જીનનો ઉપયોગ કરી ભંગાર માંથી વસ્તુઓ લાવી ફક્ત એક લાખ ત્રીસ હજાર રૂપિયાનો ખર્ચ કરી પોતાની કોઠાસૂઝથી મીની ટ્રેકટર બનાવી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા છે અને આ ટ્રેકટરનું નામ રામલલ્લા રાખ્યું છે. જે ગરીબ ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહેશે.

બનાસકાંઠા જિલ્લો આમ તો અંતરિયાળ જિલ્લો માનવામાં આવે છે. પરંતુ આ જિલ્લામાં અનેક એવો લોકો છે. જે પોતાની કોઠાસૂઝ સારી નામના મેળવી રહ્યા છે. ત્યારે લાખણી તાલુકાના કેસરસિંગ ગોળીયા ગામના હંસાભાઈ સુથારે પોતાની કોઠાસૂઝથી મીની ટ્રેકટર બનાવ્યું છે. હંસાભાઈ સુથારની ઉમર 42 વર્ષ છે. તેમનો પરિવાર વર્ષોથી ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલો છે. હંસાભાઈ માત્ર 10 ધોરણ સુધી ભણેલા છે. 2007થી તેવો ટ્રેકટર બોડી કામ અને કલર કામના વ્યવસાય કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. હંસાભાઈએ એક દિવસ બાગાયતી પાકમાં નિંદામણ દૂર કરવા ઉપયોગમાં લેવાતા ટીલર મશીન વેસ્ટ પડેલ જોઈ તેમાં કઈક નવું કરવાનો વિચાર કરી ટીલરના એન્જીનનો ઉપયોગ કરી મીની ટ્રેકટર બનાવાનું વિચાર્યું. જેમાં તેમને 6થી 7 મહિના જેટલા સમયમાં ભંગારમાંથી સ્પેર પાટ તેમજ જરૂરિયાત પ્રમાણે લાખણી ગામ માંથી નવા ટ્રેકરના સ્પેર પાટ ભેગા કરી માત્ર 1 મહિનામાં ડીઝલ વડે ચાલતું 1 લાખ અને 30 હજારના કુલ ખર્ચે મીની ટ્રેકટર બનાવ્યું હતું.

# વડોદરામાં દિયર અને ભાભુનું અફેર, પતિનું કાસળ કાઢી નંખાયું

**વડોદરા**

વડોદરામાં ચાણક્યપુરી પાસે ડિફેન્સ કોલોની-2 રહેતા અને કલરકામ કરતા 35 વર્ષના હરી ગોવિંદ હુબ્બલાલ યાદવ મૂળ યુપીના ફિરોઝાબાદના વતની હતા. તે સાધના નામની ડિવોર્સી મહિલા સાથે પ્રેમ લગ્ન કરી રહેતા હતા. હરી ગોવિંદનો નાનો ભાઈ ધર્મેન્દ્ર પણ વડોદરામાં રહેતો હતો અને સાધનાના પ્રેમમાં પડ્યો હતો. બંને દિયર ભોજાઈ કલાકો સુધી વાત કરતા હતા અને મજાક મસ્તી કરતા હોવાથી પતિને શંકા ગઈ હતી. જેથી હરી ગોવિંદ પત્નીને ઠપકો આપી મારઝૂડ પણ કરતો હતો. હરિ ગોવિંદની કનડગત વધી જતા સાધના અને ધર્મેન્દ્રએ કાંટારૂપ બનેલા હરી ગોવિંદને ઠેકાણે પાડી દેવા નક્કી કર્યું હતું. મંગળવારે હરિ ગોવિંદ સુઈ ગયો ત્યારબાદ સાધનાએ ધર્મેન્દ્રને ફોન કરી જાણ કરી હતી અને થોડીવારમાં જ ધર્મેન્દ્ર ઘેર આવી ગયો હતો. જે બાદ તેણે હરી ગોવિંદને ઊંઘમાં જ ગળુ દબાવી મારી નાંખ્યો હતો.જ્યારે સાધનાએ પતિના હાથ પકડી રાખ્યા હતા.

# ઠાકોર સમાજે લગ્ન-મરણના અનેક કુરિવાજો પર આખરે પ્રતિબંધ મૂક્યો

**ડીસા**

ડીસા તાલુકાના ઢુવા ગામે ઠાકોર સમાજે ખોટા કુરિવાજો બંધ કરવાનો નિર્ણય લીધો છે. લગ્ન પ્રસંગ, મરણ પ્રસંગ, શ્રીમંત પ્રસંગ, સગાઈ પ્રસંગ, જન્મ દિવસ સહિતના શુભ કે અશુભ પ્રસંગોમાં થતાં કુરિવાજો દૂર કરવા માટે નિયમો બનાવાયા છે. અને આ નિયમોનું પાલન ન કરનારાનો સામાજિક બહિષ્કાર કરવાનો નિર્ણય કરાયો છે, તેમજ તેમના પ્રસંગોમાં કોઈ હાજરી નહિ આપે તેવો નિર્ણય કરાયો છે. સાથે જ તેમને 51 હજાર રૂપિયાનો દંડ પણ ફટાકારાશે.

ઢુવા ગામે ઠાકોર સમાજની એક મીટીગ મળી હતી. જેમાં સમાજમાં રહેલ કુરિવાજો પર પ્રતિબંધ અને આર્થિક રીતે પગભર કરવાની વાત ઉપર ચર્ચા કરવામાં આવી હતી. તેમજ આ બંધારણનું ફરજીયાત સૌ કોઈએ પાલન કરવું અને ન કરે તો દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

ઢુવા ગામમાં ઠાકોર સમાજ દ્વારા ખોટા ખર્ચ અટકાવવા અને સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવાની પહેલ કરાઈ છે. સમાજના આગેવાનો દ્વારા યોજાયેલી બેઠકમાં એક બંધારણ બનાવવામાં આવ્યુ છે. જે મુજબ, લગ્ન પ્રસંગ, મરણ પ્રસંગ, શ્રીમંત, જન્મ દિવસ જેવા પ્રસંગો પર કરવામાં આવતા સામાજિક વ્યવહાર અને ખર્ચ પર કાપ મૂકવાનો નિર્ણય કરાયો છે.

**શું શુ નિર્ણયો લેવાયા :** ■ સામાજિક પ્રસંગમાં ડીજે પ્રથા બંધ રાખવી ■ મરણ પ્રસંગમાં કફન પ્રથા બંધ રાખવી ■ ઓઢામણા રોકડ પૈસામાં કરવા ■ સગાઈ પ્રસંગમાં મર્યાદામાં 25 માણસો લઈ જવા ■ સગાઈ પ્રસંગમાં વર-કન્યાના હાથમાં 2100 રૂપિયા જ આપવા ■ કંકોત્રીમાં ઘરનાં જ વ્યક્તિના નામ લખવા ■ એક દિવસે બોલામણાની પ્રથા બંધ રાખવા ■ વરઘોડાની પ્રથા બંધ રાખવી ■ ઢુંઢ પ્રથા મર્યાદામાં કરવી ■ દીકરાને ફેટો બાંધવાની પ્રથા મર્યાદામાં કરવી ■ સામ સામે લગ્ન મુકવા કે બોલાવવાની પ્રથા બંધ કરવી

Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Free Estimates & Written Guarantee
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4. 416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Designed By: Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# પાસપોર્ટમાં અન્યને પિતા બતાવી લંડન પહોંચી ગયેલો યુવક વતન પોરબંદર આવતા પકડાયો

## ખોટી વિગતોવાળા ડોક્યુમેન્ટ્સ બનાવડાવી તેના આધારે બે વર્ષ સુધી લંડન રહ્યો હતો

**પોરબંદર**

પોરબંદરના બોખીરામાં વાછરાડાડાના મંદિર પાસે રહેતા શખ્સે વર્ષ 2021માં રૂા. 37 લાખના ખર્ચે ખોટી વિગતોવાળા પાસપોર્ટ સહિત કેટલાંક બોગસ જણાતા ડોક્યુમેન્ટ્સ બનાવડાવી તેના આધારે બે વર્ષ સુધી લંડન રહ્યા બાદ વતન પરત ફરતા પોલીસે તેની ધરપકડ કરી હતી. તેણે પિતા- પુત્રના સંબંધ પર લંડન જવા માટે પારકા વ્યક્તિને પાસપોર્ટમાં પોતાના પિતા તરીકે દર્શાવ્યાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. એ.સો.જી.એ પ્રતાપ કાકુભાઈ પરમાર નામના 30 વર્ષના યુવકને બાતમીના આધારે અટકાવીને તેની હેન્ડ બેગની તલાશી લેતા તેમાંથી બોગસ પાસપોર્ટ મળી આવ્યો હતો. તેનું સાચું નામ પ્રતાપ કાકુભાઈ પરમાર છે છતાં પાસપોર્ટ ઉપર તેનું નામ પ્રતાપ અમરત લખેલું બહાર આવ્યું હતું તેથી આ શખ્સને વધુ પુછપરછ માટે પોલીસ મથકે લઈ જવાયો હતો. પોલીસની તપાસમાં પ્રતાપે એવું કબુલ્યુ હતું કે, દેગામ રહેતા પોલા ગોગન સુંડાવદરાએ ઈ.સ. 2021માં 37 લાખ રૂપિયા લઈને પોલીસ ઈન્કવાયરી વગર પાસપોર્ટ તથા જન્મનું પ્રમાણપત્ર સુરત રહેતા કોઈ વ્યક્તિ પાસે તૈયાર કરાવ્યા હતા. આથી, પોલીસે પોલા ગોગન સુંડાવદરા અને સુરત રહેતા અજાણ્યા શખ્સ સામે પણ ધી પાસપોર્ટ અધિનિયમની કલમ-12 (1) (A) (B) મુજબ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે જણાવ્યું કે અમરત નામનો વ્યક્તિ હાલ લંડન રહે છે અને મોલમાં નોકરી કરે છે.

# દ્વારકામાં નકલી આર્મી કેપ્ટન બની એરફોર્સ કોલોનીમાં પ્રવેશનાર ઝબ્બે

**દ્વારકા**



ગુજરાતમાં નકલી અધિકારીઓનો જાણે રાફડો ફાટ્યો છે, અવારનવાર આવા શખસો ઝડપાતા રહે છે. વધુ એક નકલી અધિકારી દ્વારકામાંથી ઝડપાયો છે. તે પોતાને આર્મી કેપ્ટન ગણાવતો હતો. તેની પાસે નકલી આઈ-કાર્ડ પણ હતું, જેને બતાવીને તે એરફોર્સ કોલોનીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યો હતો. નકલી આઈ-કાર્ડ બતાવીને ખોટી ઓળખ ઉભી કરનાર છેતરપિંડી કરનારની પોલીસે ધરપકડ કરી છે. મહેશે પોતે સેનામાં હોવાનું કહીને ખોટી ઓળખ ઊભી કરી હતી. દ્વારકા તાલુકાના ભીમરાણા ગામે રહેતા મહેશ ચાસિયા નામના શખ્સે એરફોર્સ કોલોનીમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કર્યો હતો. એરફોર્સ કોલોનીમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે સિક્યોરિટી ગાર્ડે તેની પાસે તેનું ઓળખ પત્ર માંગ્યું ત્યારે આરોપીએ અનેક નકલી ઓળખ કાર્ડ બતાવ્યા જેમાં તેણે આર્મી કેપ્ટન હોવાનો દાવો કર્યો હતો. એરફોર્સ કોલોનીમાં ફરજ પર તૈનાત સિક્યોરિટી ગાર્ડને શંકા ગઈ અને તેણે પોલીસને જાણ કરી હતી. પોલીસે આ શખ્સની તપાસ કરતા તેને આરોપીનું ઓળખકાર્ડ નકલી હોવાનું જણાયું હતું.

# કનુ કલસરિયાના સૂર બદલાયાં : હવે કહ્યું, ટિકિટ મળે તો ભાજપમાં જઈશ

**વડોદરા**

લોકસભાની ચૂંટણી પહેલા પક્ષપલટાની સીઝન ચાલી રહી છે. ભાજપનો ભરતી મેળો ચાલી રહ્યો છે, ત્યારે ભાવનગરના મહુવાના પૂર્વ ધારાસભ્ય કનુ કલસરિયાને જોડવાના ભરપૂર પ્રયાસ કરાઈ રહ્યા છે. એક સમયના જાયન્ટ કિલર નેતા તરીકેની છાપ ધરાવતા કનુ કલસરિયા ભાજપમાં જોડાશે કે નહીં તે હજુ સુધી સ્પષ્ટ નથી થઈ રહ્યું. કારણ કે હવે કનુ કલસરિયાના સૂર બદલાયા છે. પહેલા કહ્યું હતું કે ભાજપમાં નહીં જોડાઉ. ત્યારબાદ હવે તેઓ કહી રહ્યા છે કે જો મને ચૂંટણી લડાવશે તો જ ભાજપમાં જોડાઈશ.

કનુ કલસરિયાએ વધુ એક નિવેદન આપ્યું છે કે, 'આમ તો એક વાત જગજાહેર થઈ ગઈ છે કે પક્ષ વિના કોઈ કામ નથી થતા. આમ તો હુ પક્ષ વિના જ લોક કલ્યાણના કામ તો જોડાયેલો છું છતા ચાહકવર્ગના લોકો કહ્યા કરે છે કે તમે કોઈ સત્તા પર હોય તેવી પાર્ટીમાં હોવ તો લોકોના ઘણા કલ્યાણના કામો થાય. એમ નેમ આવવાથી તો શું ? એમ નેમ તો હું ખેડૂતોના કલ્યાણના ઘણા કામો કરુ જ છું. પણ એક વાત છે કે અતિશય આગ્રહ થયો ત્યારે તેને ફેસ ન કરી શક્યો. જો તેઓ મને લડાવતા હોય તો હું ચોક્કસ વિચારીશ. હવે તે આખરે પાર્ટીને આધિન છે.

# રાજકોટમાં મહિલાની લિવ ઈન પાર્ટનર દ્વારા ઓશીકા વડે મોઢુ અને ગળું દબાવીને હત્યા

## આરોપી સકંજામાં, શંકા-કૂશંકા અને ઘર-કંકાસને કારણે હત્યા કર્યાનું તપાસમાં ખુલ્યું

**રાજકોટ**

રૈયા રોડ પર આરએમસી આવાસ યોજનાના કવાર્ટર નં. 360માં રહેતી ઈલાબેન મનસુખભાઈ સોલંકી (ઉ.વ. 35)ની તેના જ લીવ ઈન પાર્ટનર સંજયભારથી શંકરભારથી ગોસાઈએ હત્યા નિપજાવ્યાનો બનાવ ગાંધીગ્રામ-2 પોલીસ મથકમાં જાહેર થયો છે. પંદરેક વર્ષ પહેલા તેણે મૂળ નવા થોરાળાના અને તે વખતે એસઆરપી કેમ્પ પાસે 25 વારીયા કવાર્ટરમાં રહેતા મનસુખ રામજી સોલંકી સાથે ઈલાબેને જ્ઞાતિના રીતિરિવાજ મુજબ લગ્ન કર્યા હતા.

કોરોના કાળથી ઈલાબેન હોમ કેરનું કામ કરતા હતા. આ દરમિયાન એમ્બ્યુલન્સ ચલાવતા સંજયભારથી સાથે સંપર્કમાં આવતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. જેને કારણે ગત ઓકટોબર માસમાં બંનેએ મૈત્રી કરાર કરી સાથે રહેવાનું શરૂ કર્યું હતું. ઈલાબેન સાથે તેનો પુત્ર મિલન પણ રહેતો હતો.

પોલીસ તપાસમાં બહાર આવ્યા પ્રમાણે છેલ્લા કેટલાક સમયથી ઈલાબેન અને સંજયભારથી વચ્ચે નાની-નાની બાબતોને લઈને માથાકૂટ ચાલતી હતી. એટલું જ નહીં સંજયભારથી શંકા-કૂશંકા કરતો હોવાની પણ ઈલાબેને તેના માવતર પક્ષના સભ્યોને ફરિયાદો કરી હતી. આખરે ગમે તે બન્યું સંજયભારથીએ ઈલાબેનનું ઓશીકાથી મોઢુ અને ગળું દબાવી તેની હત્યા કરી નાખી હતી. સંભવતઃ હત્યા પહેલા સંજયભારથીએ કોઈ બહાનું કરી ઈલાબેનના પુત્ર મિલનને તેના નાના-નાનીના ઘરે મોકલી દીધો હતો.

# જામનગરમાં ટિફિન આપવા ગયેલી માસુમ બાળકીની છરીના ઘા ઝીંકી વૃધ્ધે હત્યા કરી

**જામનગર**

જામનગરના રાજપાર્ક વિસ્તારમાં વસવાટ કરતી દ્રષ્ટિ કારાવદરા નામની બાર વર્ષીય બાળકી કે જે તેના પાડોશમાં જ રહેતા લાલજી કૈલાશભાઈ પંડયા નામના ૬૦ વર્ષના ટ્રક ચાલક વૃદ્ધને ટિફિન દેવા ગઈ હતી, દરમિયાન ટ્રકચાલકે કોઈ કારણસર બાળકી પર છરી વડે હુમલો કરી દઈ હત્યા નીપજાવ્યાનું સામે આવતાં ભારે અરેરાટી પ્રસરી છે. શરૂ સેકશન રોડ પર પોતાના મકાનના સરકારી કામ સબબ ગયેલા બાળકીના માતા-પિતા બનાવની જાણ થતાં પરત દોડી આવ્યા હતા, અને પોતાની પુત્રીને લોહીથી લથબથ માં જોઈને અવાચક બની ગયા હતા, અને ભારે હૈયાફાટ રુદન કર્યું હતું. ૧૦૮ ની ટુકડી બાળકીને લઈને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં પહોંચી હતી, પરંતુ ત્યાં તેણીનો માત્ર મૃતદેહ જ પહોંચ્યો હતો, અને ફરજ પરના તબીબે બાળકીને મૃત્યુ પામેલી જાહેર કરી હતી, જેથી બનાવ હત્યામાં પલટાયો હતો.

પોલીસે બાળકીના મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ ભાગી છૂટેલા આરોપીને પકડી લેવા દોડધામ શરૂ કરી છે. પોલીસે મૃતક બાળકીની માતા શાંતાબેન તેમજ પિતા રાજેશભાઈ કારાવદરા કે જેઓના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે. હુમલાખોર આરોપી લાલજી કૈલાશભાઈ પંડયા કે જે મૃત બાળકી ના પરિવારની સાથે વર્ષોથી સંબંધો રાખે છે, અને તેને જમવાનું પણ ટિફિન પહોંચાડતા હતા. દરમિયાન આજે બપોરે દ્રષ્ટિ (૧૨ વર્ષ) આરોપીને ટિફિન આપવા ગઈ હતી અને હત્યા નો ભોગ બની છે. સમગ્ર પ્રકરણનું કારણ જાણવા માટે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ ચલાવવામાં આવી રહી છે.

# રાજકોટમાં બેંકમાં આચારસંહિતાનો ભંગ થતાં કોંગ્રેસની પોસ્ટર ફાડ ઝુંબેશ

**રાજકોટ**

ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ ચૂંટણીની આચારસંહિતા લાગુ પડી જાય છે અને તેના અંગે જિલ્લા કલેકટરે દરેક સરકારી અધિકારીઓની મીટીંગ બોલાવી આદર્શ આચાર સહિતનો કડક અમલવારી કરવા આદેશ કર્યો હતો. આમ છતાં જિલ્લા કલેકટરનો આદેશનો ઉલાળીયો કરી અમુક સરકારી કચેરીઓ અને રાજકોટ શહેરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની શાખાઓમાં પ્રધાનમંત્રીના ફોટાઓ યથાવત રાખી આચાર સહિતાનો ખુલ્લેઆમ ભંગ થતો હોવાની ફરિયાદ કોંગ્રેસે કરી હતી.

આ અંગે રાજકોટના સિનિયર કોંગ્રેસ આગેવાનો પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન મેઘજીભાઈ રાઠોડ અને કોંગ્રેસ પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાને શહેરની ગુંદાવાડી શાખા, ભક્તિનગર શાખા, જીમખાના શાખામાં દોડાવતા ફરિયાદમાં તથ્ય જણાતા ગુંદાવાડી બ્રાન્ચ મેનેજર નવનીત કુમારને પ્રધાનમંત્રીના ફોટા હટાવવાનું કહેતા તેઓએ જણાવ્યું કે મારે આચારસંહિતાની અમલવારી કરવાની કે બેંકનું કામ કરવાનું, ત્યારે કોંગ્રેસના આગેવાનોએ કહ્યું અત્યારે આચારસંહિતાનું જ કામ કરવાનું થાય છે અને તાત્કાલિક બેનર હટાવો આચાર સહિતાનો ભંગ થાય છે.

# દ્વારકા સંઘના ૮૦ યાત્રિકોને ફૂડ પોઈઝનિંગ : તંત્ર દોડતું

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના વિજળીયા ગામથી ૧૦૦ માણસોનો સંઘ ચાલીને દ્વારકા જવા નીકળ્યો હતો તેઓ ખંભાળીયા પાસે પહોંચ્યો હતો. જ્યા રાત્રી રોકાણ કર્યુ હતું અને જાતે રસોડુ બનાવી યાત્રિકો જમ્યા હતા. રાત્રે યાત્રીકોને ફૂડ પોઈઝનીગની અસર થઈ હતી. ત્યારબાગદ ૮૦ જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા તાત્કાલિક એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી. જેમાં યાત્રીકોને બેસાડીને ખંભાળિયા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલ તમામ શ્રદ્ધાળુઓની તબિયત સુધારા પર હોવાનું તબીબે જણાવ્યુ હતુ. સંઘ દ્વારા પોતેજ રસોડું બનાવી જમવાનું બનાવેલ હોવાની વિગત આવી છે. હાલ તમામ લોકો ખંભાળિયા સિવિલમાં સારાવાર હેઠળ છે જેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યુ છે.

# ગીરમાં ૧૮૬ સિંહોના મોત, હાઈકોર્ટે રેલવે વિભાગ પાસેથી જવાબ માગ્યો

**ગીર સોમનાથ**

ગીરના જંગલમાં અકાળે સિંહના મોતને લઈ હાઈકોર્ટે રેલવે વિભાગ સામે લાલઆંખ કરી છે. હાઈકોર્ટે ગીરના જંગલમાં ટ્રેનના રૂટ પર થતા સિંહના મોતને લઈ જવાબ આપવા આદેશ કર્યો છે. હાઈકોર્ટે રેલવે વિભાગને આકરા શબ્દોમાં સિંહના મોતને લઈ રેલવે વિભાગે શું કર્યું છે તેનો જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

આ સાથે જ ભવિષ્યમાં રેલવે વિભાગ દ્વારા કેવા પગલાં લેવાશે તેને લઈને પણ રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. મહત્વનું છે કે બૃહદ ગીરમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૮૪ સિંહના મોત થયા હોવાનો કોર્ટ મિત્રએ ખુલાસો કર્યો છે. જેમાં ૩૨ સિંહના અકસ્માતે મોત થયાના આંકડા સામે આવ્યા છે. જંગલમાંથી પસાર થતી રેલવે લાઈન અને ઝડપથી ચાલતી ટ્રેનને કારણે સિંહના મોત થઈ રહ્યા હોવાની અરજી કરાતાં હાઈકોર્ટે રેલવે વિભાગને જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. ત્યારે સિંહના મોત અંગે રેલવે વિભાગને ૨૬ માર્ચે જવાબ રજૂ કરવા આદેશ અપાયો છે.

સિંહોના થતા અકાળે મૃત્યુ મુદ્દે હાઈકોર્ટની લાલ આંખ કરી છે. રેલવે વિભાગને વિગતવાર જવાબ રજૂ કરવા હાઈકોર્ટનો કડક આદેશ છે.

# પોરબંદરમાં કોંગ્રેસની ઓફિસમાં તાળા લાગ્યા

**પોરબંદર**

પોરબંદર જિલ્લા કોંગ્રેસ જાણે સંપૂર્ણ ખાલી થઈ ગઈ છે. અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ મોઢવાડિયાના તમામ સમર્થકો અને જિલ્લા કોંગ્રેસના તમામ પાંખના હોદેદારોએ કેસરિયા કરી લીધા છે. લગભગ ૪ હજાર કાર્યકર્તાઓએ કોંગ્રેસમાંથી રાજીનામા આપી ભાજપમાં જોડાયા છે. આ તમામ કાર્યકરોને ભાજપ આગેવાનોએ આવકાર્યા હતા. મનસુખ માંડવિયાએ કહ્યું હતું કે,કોંગ્રેસના લીડર અર્જુન મોઢવાડિયાના કેસરિયા બાદ તેના હજારો સમર્થકો ભાજપમાં જોડાયા છે અને જેમ દૂધમાં સાકર ભળે તેમ ભાજપમાં ભળી ગયા છે. તમામ ચૂંટણીમાં સૌ સાથે મળીને કામ કરીશું. આ દરમિયાન અર્જુન મોઢવાડિયાએ કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા અને હવે વિપક્ષ નહિ રહ્યું હોવાનું કહી કોંગ્રેસ સામે બાયો ચડાવી હતી.



## કોબ્રાકાંડમાં ફસાયો યુટ્યુબર એલ્વિશ યાદવ

બિગ બોસ OTT-2નો વિનર અને સોશિયલ મીડિયા સ્ટાર એલ્વિશ યાદવની મુશ્કેલી વધતી નજર આવી રહી છે. સાપ અને સાપોના ઝેરના સપ્લાઈ મામલે એલ્વિશ પર એનડીપીએસ એક્ટ હેઠળ ગંભીર કલમો લગાવવામાં આવી છે. એલ્વિશ પર ડ્રગ્સની ખરીદી અને વેચાણમાં ફાઈનાન્સનું કામ કરવાનો આરોપ છે. કોબ્રા કાંડમાં એલ્વિશ યાદવની નોઈડા પોલીસ દ્વારા 17 માર્ચના રોજ ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટના આદેશ બાદ એલ્વિશને આ કેસમાં 14 દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યો છે. હાલ તે જેલમાં બંધ છે.

સ્વદેશ



FRIDAY, 22 MARCH, 2024

## પતિ નિક અને પુત્રી માલતી મેરી સાથે રામલલાના દર્શન કરવા પહોંચી પ્રિયંકા ચોપરા



**નવી દિલ્હી** : બોલિવૂડની દેશી ગર્લ પ્રિયંકા ચોપરા બુધવારે પતિ નિક જોનસ અને પુત્રી માલતી મેરી સાથે રામલલાના મંદિરમાં દર્શનાર્થે પહોંચી. થોડા દિવસો પહેલા ભારત પરત ફરેલી પ્રિયંકા તેમની માતા અને પરિવાર સાથે અયોધ્યા પહોંચી હતી. અભિનેત્રીની રામજન્મભૂમિથી તેના પરિવાર સાથેની તસવીરો પણ સામે આવી છે.આ દરમિયાન તે ભાવુક થઈ ગઈ હતી. આ દરમિયાન પ્રિયંકા પીળા રંગની સાડીમાં જોવા મળી હતી, જ્યારે નિક જોનસ સફેદ રંગના કુર્તામાં જોવા મળ્યો હતો. રામની નગરીમાં પહોંચેલી પ્રિયંકા અને તેના પરિવારનું રામ નામના ‘ગમછા’ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. અભિનેત્રીને મંદિરના પૂજારી માથા પર તિલક લગાવીને સ્વાગત કર્યુ., તસ્વીરો જોઈને ફેન્સ ખુબ જ ખુશ જોવા મળી રહ્યા છે.

## રવિ દુબે નિભાવશે ફિલ્મ રામાયણમાં લક્ષ્મણની ભૂમિકા



**મુંબઇ** : નિતેશતિવારી પોતાની આગામી ફિલ્મ રામાયણ પર હહાલ કાસ્ટિંગ કરી રહ્યો છે. હવે આ ફિલ્મને લઇને એપડેટ છે કે, ફિલ્મમાં  લક્ષ્મણનો રોલ નિભાવવા માટે ટેલિવિઝ અભિનેતા રવિ દુબેને પસંદ કરવામાં આવ્યો છે. જોકે નિતેશ તિવારીએ આ બાબતે સત્તાવાર ધોષણા કરી નથી. ઉલ્લેખનીય છે કે, રવિ દુબે જમાઇ રાજા સિરીયલથી લોકપ્રિય થયો હતો. થોડા સમયથી તે નિર્માતા તરીકે કામ કરી રહ્યો છે. હજી થોડા દિવસો પહેલા જ સમાચાર હતા કે, આ ફિલ્મમાં વિભીષણના રોલમાં હર્મન બાવેજા જોવા મળવાનો છે.

# કરીના કપૂર યશની ટોક્સિક સાથે કન્નડામાં ડેબ્યૂ કરશે



મુંબઈ: કરીના કપૂર યશની ‘ટોક્સિક’ ફિલ્મ દ્વારા કન્નડામાં ડેબ્યૂ કરે તેવી સંભાવના છે. જોકે, આ અંગે હજુ કોઈ અધિકૃત ઘોષણા થઈ નથી.  કરીનાનો એક ઈન્ટરવ્યૂ વાયરલ થયો છે. તેમાં તે સાઉથની એક મોટી ફિલ્મમાં કામ કરી રહી હોવાનું જણાવી રહી છે. તેના આધારે એવી અટકળો વહેતી થઈ છે કે આ યશની ‘ટોક્સિક’ ફિલ્મ હોઈ શકે છે. યશે ગયાં  વર્ષે પોતાની આ ફિલ્મની જાહેરાત કરી હતી. જોકે, તેની બાકીની સ્ટારકાસ્ટ વિશે કોઈ જાહેરાત કરાઈ ન હતી.  કેટલાક સમયથી એવી અટકળો પણ વ્યક્ત થઈ રહી છે કે આ ફિલ્મમાં સાઈ પલ્લવી અથવા તો રાશિ ખન્ના યશની હિરોઈન હોઈ શકે છે. હવે કરીના કપૂરનું નામ પણ વહેતું થયું છે. જોકે, કરીના યશની હિરોઈન તરીકે નહીં પરંતુ અન્ય મહત્વના પાત્રમાં હોઈ શકે તેમ મનાય છે.  કરીના ખરેખર આ ફિલ્મ સાઈન કરશે તો કન્નડા ભાષામાં તેની આ પહેલી ફિલ્મ હશે.

## અજય દેવગણ પછી હવે કાજોલ પણ હોરર ફિલ્મમાં દેખાશે



મુંબઈ : અજય દેવગણની શૈતાન ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા મળી છે. તેના પગલે હવે કાજોલ પણ એક હોરર ફિલ્મમાં કામ કરવાની છે. અજય દેવગણ ખુદ જ આ ફિલ્મનું નિર્માણ કરવાનો છે. જ્યારે ફિલ્મની સ્ક્રિપ્ટ પણ શૈતાનના લેખકો સૈવીન કુદરાસ તથા આમિલ કિયાન ખાન જ લખવાના હોવાનું જાણવા મળ્યું છે. આ જ લેખકોએ અજયની આગામી ફિલ્મ મૈદાનની પણ સ્ક્રિપ્ટ લખી છે.  અજયને શૈતાન ફિલ્મ ફળી છે. બોક્સ ઓફિસ પર બીજી કોઈ મોટી ફિલ્મ સામે મુકાબલો નહીં હોવાનો પણ તેને લાભ મળ્યો છે. આ ફિલ્મમાં અજયે સામે ચાલીને પ્રમાણમાં ગૌણ ભૂમિકા સ્વીકારી છે અને આર. માધવનનેપાવરફૂલ રોલ આપ્યો છે. અજય હોરર મૂવી પર વધુ એક વાર હાથ અજમાવશે. જોકે, આ વખતે તેણે પોતે એક્ટિંગ નહીં કરવાનું નક્કી કર્યું છે. તેની ભૂમિકા પ્રોડયૂસર તરીકે જ સિમિત રહેશે અને ફિલ્મ કાજોલના મુખ્ય પાત્રની આસપાસ જ કેન્દ્રિત હશે તેમ જાણવા મળ્યું છે.



## ડોન થ્રીમાં જાહ્નવી કપૂર આઈટમ સોંગ કરશે

મુંબઈ : રણવીર અને કિયારા અડવાણીની આગામી ફિલ્મ ‘ડોન થ્રી’માં જાહ્નવી કપૂર એક આઈટમ સોંગ કરતી જોવા મળે તેવી શક્યતા છે.

જાહ્નવી કપૂરને ફરહાન અખ્તરની ઓફિસે આંટાફેરા કરતી જોવા મળી હતી. તે પછી આ અટકળો વહેતી થઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફરહાન અખ્તર જાહ્નવી પાસે એવું એક ખાસ ગીત કરાવવા માગે છે જે અગાઉ શાહરુખ ખાનની ‘ડોન’માં કરીના કપૂરે કર્યું હતું.સૂત્રોએ કહ્યું હતું કે ફરહાન અખ્તર એક નવી જનરેશનની ‘ડોન’ રજૂ કરી રહ્યો છે. આથી મુખ્ય હિરો હિરોઈન  ઉપરાંત અન્ય કલાકારોમાં પણ તે નવી પ્રતિભાઓને તક આપવા માગે છે.

જાહ્નવી હાલ બોલીવૂડમાં કોઈ મોટા પ્રોજેક્ટના અભાવે તેલુગુ ફિલ્મો તરફ વળી ચુકી છે. તેણે રામચરણ અને જુનિયર એનટીઆર સાથે પણ ફિલ્મો શેર કરી છે.

## હૃતિક રોશન આગામી ફિલ્મમાં વિલનની ભૂમિકા કરે તેવી શક્યતા



મુંબઈ : રાજામોલીની આગામી ફિલ્મ એસએસએમબી ૨૯માં મહેશ બાબુ મુખ્ય રોલ ભજવી રહ્યો છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે,વિલનના રોલ માટે રાજામોલીએ ઋતિક રોશન પર પસંદગી ઊતારી છે. દિગ્દર્શક મહેશબાબુ સામે એક વિલનના રોલ માટે અભિનેતાની શોધમાં હતો. આ પાત્ર માટે તેના મગજમાં ઘણા અભિનેતાઓ હતા, પરંતુ તે ઋતિક રોશન પર પસંદગી ઊતારે તેવી શક્યતા છે. રાજામોલીને લાગે છે કે, ઋતિક જ આ પાત્રને ન્યાય આપવા માટે યોગ્ય છે. આ પ્રોજેક્ટની સત્તાવાર ઘોષણા ૯ એપ્રિલ, ૨૦૨૪નારોજ કરવામાં આવશે. જોકે રાજામોલીએ હજી ઋતિક રોશનનો સંપર્ક કર્યો નથી. પરંતુ જો બધુ સમૂસુમરું પાર પડશે તો મહેશ બાબુ અને ઋતિક રોશન ફિલ્મ એલએસએમબી ૨૯માં એકબીજા સાથે બાખડતા જોવા મળશે. ફિલ્મ માટે હજી ઘણા એકટર્સોને કાસ્ટ કરવાના બાકી છે. ફિલ્મનું શૂટિંગ વિવિધ લોકેશનો પર થવાનું હોવાથી રાજામોલીએ હજી એ નિર્ણય લેવાનો પણ બાકી છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
Highly Competitive Launching Rates
Guaranteed!!! $500,000 taxable CASH VALUE
at age of 65 with Life Insurance of a Million Dollar.*
*Plan is suitable for age upto 45!
Call for more details
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca

*Disclaimer: This policy is offered by UV Insurance. Everyone may not be eligible for this policy. Smaller face amounts of life insurance also available. Our licensed advisors do comprehensive life insurance and financial needs analysis. Tax applicable at the time of withdrawal. In the case of death, benefits are tax-free.







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper
સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## સુપ્રિમ કોર્ટની વારંવારની ફટકાર બાદ રાજકીય પક્ષોની મેલીમથરાવટી બહાર આવી

# ચૂંટણી બોન્ડ : રાજકીય પક્ષો માટે ખંડણીનું સાધન

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

ભારતમાં લોકસભાની ચૂંટણી પહેલાં રાજકીય મોરચે ભારે ઉથલપાથલ થઈ રહી છે. એક તો રાજકીય પક્ષોને મળેલા ચુંટણી માટેના દાનની વિગતો જાહેર કરવામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ખુદ સરકારને પેટમાં ચુક ઉપડતી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે દાખવેલા કડક વલણને કારણે SBIએ 21 માર્ચ સુધીમાં મહત્તમ વિગતો જાહેર કરવી પડી હતી.

અત્યાર સુધી જાહેર કરાયેલી માહિતીને આધારે એટલું ચોક્કસ કહી શકાય કે, ચૂંટણી બોન્ડના માધ્યમથી રાજકીય પક્ષોએ ઉઘરાવેલા અબજો રૃપિયા ભારતના રાજકારણમાં પ્રવેશેલી ખંડણીની પ્રવૃત્તિને ઉજાગર કરી રહ્યા છે. ચૂંટણી બોન્ડના માધ્યમથી 3 વર્ષમાં આશરે ૧૨ હજાર કરોડ રૂપિયાનું દાન મળ્યું, તેના લગભગ ૫૫ ટકા નાણાં તો શાસક ભાજપને મળ્યા છે. કેન્દ્રમાં તેમજ અનેક રાજ્યોમાં ભાજપનું શાસન હોવાથી વધુ નાણા તેને કેમ મળ્યા તે કહેવાની જરૃર નથી. જયારે ભાજપ પછી કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, ભારત રાષ્ટ્ર સમિતિ, બીજુ જનતા દળ તેમ જ ડીએમકે જેવા પક્ષોને પણ અબજો રૂપિયાની ખંડણી મળી છે. કારણ કે, કેટલાંક રાજ્યોમાં તેમની સરકાર પાર છે. જે પક્ષની જેવી તાકાત તેવી ખંડણી તેણે ઉદ્યોગપતિઓ, વેપારીઓ, માફિયાઓ, બિલ્ડરો, કૌભાંડકારો અને દેશદ્રોહીઓ પાસેથી ઉઘરાવી છે.

ભાજપને 6061, ટીએમસીને 1610, કોંગ્રેસને 1422 કરોડ, રાષ્ટ્ર સમિતિને 1215, બીજુ જનતા દળને 776, ડીએમકેને 639 ચછા વાયએસઆર કોંગ્રેસ પાર્ટીને 337 કરોડ જેવી માતબર રકમ મળી છે. વળી, દાન આપનારી કંપનીઓમાં કેટલીક બેનામી કંપનીનાં નામો પણ સામેલ છે. જેમની રચના કરચોરી માટે કરવામાં આવી હોવાની આશંકા પણ છે. આ સેલ કંપનીઓ અંબાણી અને અદાણી જેવા ઉદ્યોગપતિઓની પણ હોઈ શકે છે. કારણ કે તેમનો નામો અત્યાર સુધીના ચૂંટણી બોન્ડ ખરીદનાર ધનકુબેરોની યાદીમાં દેખાતા નથી.

શાસક પક્ષ માટે તો ખંડણી ઉઘરાવવા માટેનું સૌથી શક્તિશાળી હથિયાર સીબીઆઈ, આઈટી, ઈડી જેવી સંસ્થાઓ છે. હવે અત્યાર સુધીની માહિતી પ્રમાણે ચૂંટણી બોન્ડના જે ટોચના પાંચ ખરીદદારો છે, તે બધાને ત્યાં પહેલાં દરોડા પડ્યા હતા. તે પછી તેઓએ ચૂંટાણ બોન્ડના માધ્યમથી




અબજો રૂપિયાનું દાન ભાજપને આપ્યું હતુ. એટલે સ્પષ્ટ છે કે, દાન મળ્યુ કે પછી મળેલી રકમ ખંડણી છે તે સમજી શકાય તેવી બાબત છે.

ચૂંટણી બોન્ડના માધ્યમથી વિદેશી કંપનીઓ દ્વારા પણ રાજકીય પક્ષોને દાન મળ્યું છે. આ રીતે વિદેશી કંપનીઓને ભારતના રાજકીય પક્ષોને ખરીદવાની સગવડ કરી દેવામાં આવી હતી. ચૂંટણી બોન્ડ ખરીદનારી એક કંપની તો પાકિસ્તાની છે. જેનો ડેટા છૂપાવી રાખવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના ઠપકા પછી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ વિગતો રજ કર્યાના દિવસો બાદ ચૂંટણી પંચે રાજકીય દાન આપવા માટે ચૂંટણી બોલ્ડ ખરીદનારી સંસ્થાઓની યાદી બહાર પાર્ક તેમાં ફ્યુચર ગેમિંગ સોન્ડ હોટેલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની અગ્રેસર હતી. જે લોટરી કિંગ તરીકે ઓળખાતા સેપ્ટિયાગો માર્ટિન દ્વારા સંચાલિત છે. ફ્યુચર ગે મંગ એન્ડ હોટેલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડે 2019થી અને 2024 સુધીમાં 1369 કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. સેન્ટિયાગો માર્ટિન છાપેલું કાટલું છે અને છેતરપિંડી અને જમીન પચાવવાના કેસમાં જેલમાં જઈ આવ્યો છે. કોઈમ્બતુર પોલીસે 2011માં માર્ટિનને ગુંડા એક્ટ હેઠળ જેલભેગો કર્યો ત્યારે તેની સામે 14 કેસ નોંધાયેલા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ તેની સામે મની લોન્ડરિંગનો કેસ કરીને 900 કરોડ રૂપિયાથી વધારેની સંપત્તિ જપ્ત કરી છે. સિક્કિમ સરકારને માર્ટિનની કંપનીએ 4500 કરોડ રૂપિયાથી વધારેનો ચૂનો લગાડી દીધો હોવાનો આક્ષેપ છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ ૨૦૧૯થી ઈલેક્ટોરલ બોન્ડ બહાર પાડવાનું શરૂ કર્યું ત્યારથી અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૫૫ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ વેચાયા અને વટાવાયા છે. તેમાંથી ૧૧.૨૫ ટકા એટલે કે ૧૩૬૮ કરોડ રૂપિયાની કિંમતના બોન્ડ તો એકલા ફ્યુચર ગેમિંગ એન્ડ હોટલ્સ ગ્રુપે જ ખરીદ્યા છે. આ કંપનીને રાજકીય પક્ષો પર પ્રેમ નહોતો ઉભરાઈ આવ્યો, પણ તેના પર દરોડા પાડીને, તેન માલિકને ડરાવી ધમકાવીને આ દાન પડાવવામાં આવ્યું હતું.

ચૂંટણી પંચે એસબીઆઈ દ્વારા આપવામાં આવેલા બોન્ડની માહિતી બે ભાગમાં રાખી છે. ચૂંટણી સંસ્થાના ડેટા અનુસાર જે કંપનીઓએ ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા છે તેમાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, મેઘા એન્જિનિયરિંગ, પિરામલ એન્ટરપ્રાઈઝ, ટોરન્ટ પાવર, ભારતી એરટેલ, ડીએલએફ કોમર્શિયલ ડેવલપર્સ, વેદાંતા લિમિટેડ, એપોલો, ટાયર્સ, લક્ષ્મી મિતલ, એડલવાઈસ, પીવી આર, કેવેન્ટર, સુલા ડબલ્યુ. વેલસ્પન અને સન ફાર્મા જેવી નામાંકિત કંપનીઓના નામ પણ છે. અહેવાલ મુજબ રિલાયન્સ સાથે જોડાયેલી કંપની ક્લિક સપ્લાય ચેઈન પ્રાઈવેટ લિમિટેડે રાજકીય પક્ષોને ૪૫૦ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું, જેને હવે સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યું છે. ટોચની ૩૦ કંપનીઓમાંથી ૧૫ કરતાં વધુ કંપનીઓની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેજાન (CBI) અને આવક વેરા વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. કેન્દ્રીય એજન્સીઓ દ્વારા તપાસ કરાયેલી કંપનીઓમાં ફ્યુચર ગેમિંગ એન્ડ હોટેલ સર્વિસ, મેઘા એન્જિનિયરિંગ એન્ડ ઈન્ક સ્ટ્રક્ટર લિમિટેડ, હલ્દિરા એનર્જી લિમિટેડ, વેદાંત લિમિટેડ, યશોદા રાપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, ડીએલએફ કોમર્શિયલ ડેવલપર્સ લિમિટેડ, જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ, રોન્નાઈ ગ્રીનવુડ્સ પ્રાઈવિટ લિમિટેડનો સમાવેશ વાશ છે. ઉપરાંત અરબિંદ ફાર્મા કંપની તો દિલ્હીના લિક્સ કૌભાંડમાં સંડોવાયેલી હતી. આ કૌભાંડમાં તેના ડિરેક્ટર પી. સરથ રેડ્ડીની ધરપડ પણ કરવામાં આવી હતી. તેમની ૪૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ પણ જપ્ત કરવામાં આવી હતી. તેમણે 52 કરોડ રૂપિયાના ચૂંટાણી બોન્ડ લીધા, તે પછી તે કંપનીના ડિરેક્ટરનું નામ આરોપીની યાદીમાંથી હટાવી તેમને તાજના સાક્ષી બનાવી દેવાયા હતા. આવા તમામ કિસ્સાઓની નિઃપક્ષ તપાસ થાય તો ઘણા રાજકારણી પણ જેલમાં ધકેલાય તેમ છે.

પાંચ વર્ષ પહેલાં મહારાષ્ટ્રના તત્કાલિન સીએમ ફડણવીસે એક કંપનીને રૂ. ૨૮૫ કરોડનો પ્રોપર્ટી ટેક્સ ભરવામાંથી મુક્તિ આપી હતી. ચૂંટણી પંચે ડેટા જાહેર કર્યા પછી, હવે તે જ કંપનીએ ૯ મે, ૨૦૧૯થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીમાં રૂ. ૧૮૫ કરોડના બોન્ડ લીધાની વિગતો બહાર આવી છે. ટોરન્ટ જૂથના અધ્યક્ષ એમેરિટસ સુધીર મહેતાને પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સારા સબંધો હોવાનું કહેવાય છે. તેઓ જૈન તીર્થોનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી પણ છે. આમ છતાં સુધીર મહેતા દ્વારા જૈનતીર્થોને જેટલું દન નહીં આપવામાં આવ્યું તેના કરતા વધુ દાન તો રાજકીય પક્ષોને આપવામાં આવ્યું છે. આવુ કેમ થયું તે સવાલનો જવાબ તરત જ મળી જાય તેવો છે. ચૂંટણી બોન્ડ ખરીદનારી કંપનીઓની યાદીમાં પૂનાવાલાની સિરમ ઈન્સ્ટિટટ્યૂટનું નામ પણ છે. તેણે ૫૨ કરોડ રૂપિયાના બોન્ડ ખરીધા હતા. આ એ જ કંપની છે જેની પાસેથી કોરોનાકાલમાં કેન્દ્ર સરકારે અબજો રૂપિયાની કોરોના વેક્સિનની ખરીદી કરી હતી.

**બોન્ડ ખરીદનારા ટોચના પાંચ માંધાતાને ત્યાં પહેલાં દરોડા પડ્યા અને પછી તેઓએ દાન આપ્યું, અત્યાર સુધીમાં કુલ 12155 કરોડના ઈલેક્ટોરલ બોન્ડ વેચાયા અને વટાવાયા છે. તેમાંથી 1368 કરોડના બોન્ડ તો એકલા ફ્યુચર ગેમિંગ એન્ડ હોટલ્સ ગ્રુપે જ ખરીધા છે**

# Cröwn
CONDOMINIUMS

PHASE 1 - **IMMEDIATE OCCUPANCY**




## SAVE $50,000*

On the **last unit** still available.

**LAST UNIT** with **3 bedrooms,**
from **$513,068 + taxes - 1,244 sq.ft.**

*Offer valid on **PHASE 1** units only

**$50,000 IN VALUES**

**The 3 appliances**
(fridge, stove, dishwasher)

**Indoor parking**

**Notary fees**

**Welcome tax**

**Condo fees for 6 months**

Personalized assistance from our sales manager, **DOLLY.**

Several units available in **PHASE 2** and **3.**

PHASE 2 - **IMMEDIATE OCCUPANCY** (96% SOLD)

PHASE 3 - **DELIVERY LATE SPRING 2024** (93% SOLD)

10 000 MEILLEUR ST. / AHUNTSIC
**514.612.0899 / CONDOS-CROWN.COM**

# જીટીએમાં ડ્રગ્સ, હથિયારો, દારૂગોળો જપ્ત : 4 સામે આરોપ

## યોર્ક પ્રાદેશિક પોલીસી બંદૂકો, ગેંગ્સ અને ડ્રગ એન્ફોર્સમેન્ટ યુનિટની આગેવાની હેઠળ અઢી મહિના સુધી કાર્યવાહી થઈ

**ટોરોન્ટો**

યોર્ક પ્રદેશની પોલીસે ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં શ્રેણીબદ્ધ દરોડા પાડ્યા બાદ ચાર શખ્સો ઉપર આરોપ મૂક્યો હતો અને કથિત રીતે લગભગ 40 કિલોગ્રામ ગેરકાયદેસર ડ્રગ્સ અને હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો હતો.

યોર્ક પ્રાદેશિક પોલીસની બંદૂકો, ગેંગ્સ અને ડ્રગ એન્ફોર્સમેન્ટ યુનિટની આગેવાની હેઠળ હાથ ધરાયેલી તપાસમાં શંકાસ્પદ ડ્રગ તસ્કરોના સંગઠિત જૂથને નિશાન બનાવવામાં આવ્યું હતું. જાન્યુઆરીથી માર્ચ સુધી ચાલેલી કાર્યવાહીમાં પોલીસે બે કિલોગ્રામ કોકેઈન, 34 કિલોગ્રામ



ગાંજો, 263 ગ્રામ MDMA, અને 900 મિલીલીટર કોડીન તેમજ વધારાના દારૂગોળો સાથે લોડેડ હેન્ડ બંદૂક, બે કંડક્ટેડ એનર્જી વેપન્સ અને પિત્તળની નકલો રિકવર કરી હતી. ટોરોન્ટોના રહેવાસી જેક હોલમેન (ઉ.વ. 22) અને એલેક્ઝાંડર ખત્રા (ઉ.વ. 27), વ્હીટબીના 28 વર્ષીય રાગવન રવિન્થિરન અને રિચમંડ હિલના 18 વર્ષીય નોહ બોઝોની પાંચ ઘરોમાં સર્ચ વોરંટ ચલાવ્યા પછી ધરપકડ કરી હતી. ટોરોન્ટો અને યોર્ક અને ડરહામ પ્રદેશોમાં

તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, આરોપીઓની ધરપકડ સમયે, હોલમેન દરેક સમયે તેના નિવાસસ્થાનમાં રહેવાની શરતો સાથે ન્યાયિક મુક્તિના આદેશ પર હતો.

# સેલફોન સાથે સંકળાયેલા કથિત વોયુરિઝમ પછી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી ઉપર આરોપ

## કુલ 19ની ધરપકડ, કબજે કરાયેલો સેલફોન શૌચાલયમાં રેકોર્ડીંગ કરતો હતો

**ટોરોન્ટો**

સ્પાડિના એવન્યુ નજીક વિલકોક્સ સ્ટ્રીટ પર ન્યૂ કોલેજ પાસેના નિવાસસ્થાનના શૌચાલયમાંથી સેલફોન મળવાની ઘટનામાં પોલીસે એક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સામે આરોપ ઘડીને કુલ 19ની ધરપકડ કરી હતી. ટોરોન્ટો પોલીસના જણાવ્યા મુજબ તાજેતરમાં એક ઘટના મંગળવારે સ્પાડિના એવન્યુ નજીક વિલકોક્સ સ્ટ્રીટ પર ન્યૂ કોલેજ ખાતે વિલ્સન હોલ નિવાસસ્થાનમાં બની હતી. જે બાદ વિદ્યાર્થીઓનો આરોપ હતો કે શાવરના પડદા પર સેલફોન રાખવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે જ્યારે એક મહિલા વિદ્યાર્થિની નિવાસસ્થાનના શૌચાલયમાં સ્નાન કરી રહી હતી, ત્યારે તેણે શાવરના પડદા પર પડછાયો જોયો હતો. થોડા સમય પછી વિદ્યાર્થીનિએ ફરીથી એ જ સેલફોનને શાવરના પડદા પર જોયો અને તે રેકોર્ડિંગ કરી રહ્યો હતો, પોલીસે જણાવ્યું હતું કે, ઘટનાની જાણકારી મળ્યા બાદ એક માણસ સહિત કુલ 19ની ધરપકડ કરવામાં આવી હતી. તપાસકર્તાઓએ કહ્યું કે તેઓ માને છે કે વધુ પીડિતો હોઈ શકે છે. "જાતીય હુમલો એ અનિચ્છનીય જાતીય સંપર્કનું કોઈપણ સ્વરૂપ છે. શુક્રવારે એક નિવેદન પ્રો. ડિક્સન ઈયોહે (ન્યૂ કોલેજના વચગાળાના પ્રિન્સિપાલએ જણાવ્યું હતું કે, કોલેજે વોયરિઝમના અહેવાલોને પગલે નિવાસસ્થાન પર સુરક્ષા અને ગોપનીયતા વધારવા માટે પગલાં લીધાં છે.

# પેલેસ્ટિનિયન રાજ્ય માટે દરજ્જા સંબંધિત NDPનો પ્રસ્તાવ પસાર

**ઓન્ટેરિયો**

ફેડરલ ન્યૂ ડેમોક્રેટ્સ તરફથી શરૂઆતમાં કેનેડાને "સ્ટેટ ઑફ પેલેસ્ટાઈન"ને માન્યતા આપવાનું આહ્વાન કરતી એક દરખાસ્ત સોમવારે વ્યાપક ઉગ્ર વિરોધ વચ્ચે પસાર થઈ હતી. જે પછી લિબરલ્સે બે-રાજ્યના ઉકેલના ભાગ રૂપે તે ઉદ્દેશ્ય તરફ સરકાર માત્ર કામ કરે, તે જોવા માટે તેના શબ્દોમાં ભારે ફેરફાર કર્યા હતા. જ્યારે ગવર્નિંગ લિબરલ્સે સોમવારે વિપક્ષને તેની વિદેશ નીતિને પ્રભાવિત ન થવા દેવાની પ્રતિજ્ઞા લીધી તે પછી ગવર્નમેન્ટ હાઉસના નેતા સ્ટીવન મેકકિનોન ચર્ચા કરવા ઉભા થયા હતા. લગભગ દિવસભર ચાલેલી ચર્ચા દરમિયાન નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય ધ્યાન અને સાંસદો વચ્ચે મતભેદ પેદા થયા પછી એનડીપીનો પ્રસ્તાવ આખરે 204 વિરુદ્ધ 117 મતે પસાર થયો હતો. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અને લગભગ તમામ લિબરલ સાંસદોએ NDP, બ્લોક ક્વિબેકોઈસ અને ગ્રીન સાંસદોની સાથે તરફેણમાં મતદાન કર્યું હતું. કન્ઝર્વેટિવ લીડર પિયર પોઈલીવરે અને તેમની પાર્ટીએ દરખાસ્તની વિરુદ્ધમાં મત આપ્યો હતો.

# જૈનો માટે મહત્ત્વની પાલિતાણાના શેત્રુંજય મહાતીર્થની છ ગાઉની યાત્રા

શત્રુંજયના અર્થ "આંતરિક શત્રુઓ પર વિજય પમાડનાર સ્થળ" અથવા "આંતરિક શત્રુને જીતનાર" એવો થાય છે. ફાગણ સુદ તેરસના દિવસે અનેક આત્માઓને છ ગાઉની યાત્રામાં આવવાનું મન થાય છે. આ યાત્રા એટલે ૧૮ કિ.મી. ફરી દહીં થેપલાં ખાવા એ નથી. પંડિત વીરવિજયજી ૯૯ પ્રકારી પૂજામાં કહે છે તેમ"તીરથની આશાતના નવિ કરી. નવ કરીએ તો ભવજળ તરિયે."

પણ આ દિવસે ભાડવા ગિરિ (પર્વત) ઉપર શ્રી કૃષ્ણ મહારાજાના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્ન જે ગિરિ પર સાડા આઠ કરોડ મુનિઓની સાથે સિદ્ધિ પદને પામ્યા છે તે પવિત્ર સ્થાનને સ્પર્શના કરવાનો અમૂલ્ય દિવસ છે.

આ વિસ્તાર છ ગાઉનો હોવાથી એને ફાગણ ફેરી અથવા છ ગાઉ યાત્રા કહેવામાં આવે છે. ફાગણ સુદ-૧૩ની યાત્રા કરવા માટે અત્રે દેશ-વિદેશમાંથી લાખો ભાવિકો ઊમટી પડે છે, ત્યારે આપણે આ પાલિતાણા અને લોકોમાં ઢેબરા તેરસ તરીકે પણ જાણીતી એવી છ ગાઉની યાત્રાનો મહિમા જોઈએ.

> **કૃષ્ણ મહારાજાના પુત્ર શાંબ અને પ્રદ્યુમ્ન જે ગિરિ પર સાડા આઠ કરોડ મુનિઓની સાથે સિદ્ધિ પદને પામ્યા છે તે પવિત્ર સ્થાનને સ્પર્શના કરવાનો અમૂલ્ય દિવસ ફાગણ સુદ તેરસ છે**

**શેત્રુંજ્ય તીર્થનું જૈન શાસ્ત્રોમાં માહાત્મ્ય**

એક વખત આદિનાથ ભગવાનનું નામ લેવાથી અડસઠ તીર્થયાત્રાનું ફળ મળે છે એમ શિવપુરાણમાં લખ્યું છે. (अष्ट षष्टिषु तीर्थेषु यात्रायाँ यत्फलं भवेत् आदिनाथस्य देवस्य समरणे नापि तद भवेत्) જય જય જય શ્રી આદિનાથ, કર્મ ખપાવે આદિનાથ,. પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ (આદિશ્વરભગવાન) અહીં પૂર્વ નવ્વાણું વાર પધાર્યા છે. પ્રથમ તીર્થંકર આદિશ્વર ભગવાનને કેવલજ્ઞાન થયું, ત્યારે આ પર્વત પર કોઈ મંદિર ન હતું. કોઈ આ ધરતીનું મહત્વ નહોતું સમજતું. શાશ્વતી-પવિત્ર આ ધરતીનું માહાત્મ્ય સમજાવવા ઋષભદેવ ભગવાન નવ્વાણું વાર પોતાના પરિવાર સાથે અત્રે પધાર્યા. તીર્થકર ઋષભદેવથી પવિત્ર આ ભૂમિ પર કરોડો મુનિવર કેવલજ્ઞાન પામી મુક્તિએ ગયા. જૈનશાસ્ત્રો અનુસાર આ તીર્થને પ્રાય: શાશ્વત તીર્થ માનવામાં આવે છે. આ તીર્થનો સદાય મહિમા અપાર રહ્યો છે.

**આદિનાથ ભગવાનનું જીન મંદિર :** ઋષભદેવ પ્રભુના પ્રથમ ચક્રવર્તી પુત્ર ભરત મહારાજાએ અહીં સર્વ પ્રથમ જિનમંદિર નિર્માણ કર્યું. શત્રુંજય તીર્થ વિશ્વ ભરમાં કદાચ એકમાત્ર એવું તીર્થ છે કે જેમાં ડુંગર પર ૮૬૩ ઉપરાંત શિખરબંધી નાનાં-મોટાં દેરાસરો છે. જેમાં લગભગ ૧૭૦૦૦ ઉપરાંત પ્રતિમાઓ બિરાજમાન છે. ૬૦૩ મીટર ઊંચી શત્રુંજય પર્વતમાળા પર આવેલાં આ દેરાસરો મોટાભાગે આરસપહાણથી અને સફેદ પથ્થરોથી બંધાયેલાં છે. ત્યારબાદ અનેક તીર્થોદ્ધાર આ ક્ષેત્રમાં થયાં.

**રાયણ પગલાંના દર્શન :-** આ શંત્રુજય ગિરીરાજ ઉપર જે જે તીર્થંકર પરમાત્મા પધારે છે. તે તમામનો સમવસરણ આ રાયણવૃક્ષ નીચે મંડાય છે. આ વૃક્ષની નીચે, સુરાસુરેન્દ્રોએ સેવેલ શ્રી આદેશ્વર ભગવાનની ચરણ પાદુકા છે. જે રાયણ પગલાં તરીકે પ્રસિદ્ધ છે. તેની પ્રતિષ્ઠા કર્માશાએ કરાવી છે.

**સિદ્ધવડ :-** ભાડવા ગિરિથી નીચે ઉતરતા એક વિશાળ વડ નજરે પડે છે જેને "સિદ્ધવડ" તરીકે ઓળખવામાં આવે છે. અહીં અનેક આત્માઓ સિદ્ધ ગતિને પામ્યા છે. અહીં દેરીમાં ભગવાન ઋષભ દેવના પગલાં છે. યાત્રાળુઓ છેલ્લું ચૈત્ય વંદન કરીને અહીં છ ગાઉની યાત્રા પૂર્ણ કરે છે. પહાડ ઊતરીને આવેલા યાત્રિકો માટે અનેક પાલ બાંધવામાં આવે છે. જેમાં વિવિધ પ્રકારની વાનગીઓ યાત્રિકો આરોગી શકે છે.

**ડો. જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક, જૈન સંગીતકાર**

# ઈશ્વરીય શક્તિની જીતનું રંગીલું પર્વ હોળી-ધુળેટી

હોળી એટલે 'સર્વાય સ્વાહા'ની પ્રકૃતિ ધરાવતા અગ્નિની આગોશમાં દરેક અનિષ્ટની આહુતિ અને ઈષ્ટના ઓચ્છવનું પર્વ. હિરણ્યકશિપુના નાશ માટે નૃસિંહ અવતાર ધારણ કરીને પ્રગટેલા ભગવાન વિષ્ણુ તેમજ ભક્ત પ્રહલદને ભસ્મ કરવાના હોળિકાના પ્રયાસોની પૌરાણિક કથા આ પર્વ સંદર્ભે જાણીતી છે, પરંતુ એ સિવાય પણ અનેક કથાઓ અને માન્યતાઓ રંગ અને રાગના આ ઉત્સવ સાથે સંકળાયેલી છે. એ નિમિત્તે પ્રસ્તુત છે હોળી-ધુળેટીનું વૈદિક, પૌરાણિક, પારંપરિક અને વૈજ્ઞાનિક માહાત્મ્ય.

**હોલિકાના દહનનું વિશેષ માહાત્મ્ય**

બળતાં લાકડાંની તડતડાટી અને સ્વાહા થઈ રહેલા સમિધની ખુશબો વચ્ચેથી ઊઠતો ધુમાડો પહેરીને આવતો હોળીનો તહેવાર ખરા અર્થમાં લોકપર્વ છે. દિવાળી જેવા સપરમા દહાડે ભભકાદાર વસ્ત્રો અને સોડમદાર વાનગીઓ વડે શ્રીમંતાઈનું પ્રદર્શન થતું હોય છે ત્યારે હોળી-ધુળેટી એવો તહેવાર છે જ્યાં સામાજિક ભેદભાવ પારખી શકાય તેવો સ્પષ્ટ રહેતો નથી. ગુલાલથી રંગાયેલા ચહેરા અને ખુશાલીથી મઢેલા સ્મિત વચ્ચે ગરીબ કે શ્રીમંતના ચહેરા એકાકાર થઈ જાય છે. હોળીદહન અને પછીના દિવસે રંગોની જાહોજલાલીના સંગમાં મિજાજની મસ્તી માણવાના આ પર્વ સાથે મહાન ભારતીય પરંપરાનું વિજ્ઞાન પણ સંકળાયેલું છે અને તેની સાથે પ્રાચીન વૈદિકદર્શન પણ જોડાયેલું છે.



**હોલિકાનું દહન અને પૂજન**

ફાગણ સુદ આઠમના દિવસથી પૂર્ણિમા સુધીના આઠ દિવસ હોળાષ્ટક મનાવવામાં આવે છે. તેની સાથે જ હોળી ઉત્સવ ઉજવવાની શરૂઆત થાય છે. હોળિકાદહનની તૈયારીનો ત્યારથી જ આરંભ થાય છે. હોળિકાનું દહન ને પૂજન કેટલીક બાબતોનું ધ્યાન રાખીને કરવામાં આવે છે.

હોળાષ્ટકના છેલ્લા દિવસે એટલે કે ફાગણ સુદ પૂનમના દિવસે રાત્રે ઘાસ-પૂડા, લાકડાં, છાણાથી એક ઢગલો કરવામાં આવે છે. તે ઢગલાને હોળિકા કહેવામાં આવે છે. હોળિકાનું મુહૂર્ત અનુસાર પૂજન કરવામાં આવે છે.

અલગ અલગ સમાજ અને ક્ષેત્રની અલગ અલગ પૂજનવિધિ હોય છે. આથી હોળિકાનું પૂજન પોતાની પારંપરિક પદ્ધતિ અનુસાર કરવું જોઈએ. હોળીનું પૂજન ધાણી, નાળિયેર, આઠ પૂરીઓમાંથી બનાવવામાં આવેલી અઠાવરી તથા હોળીના દિવસ માટે બનાવવામાં આવેલા મિષ્ટાન્નથી કરવામાં આવે છે.

# સાંસદોનો રિપોર્ટ કાર્ડ, ગૃહમાં સરેરાશ 206 સવાલ પૂછ્યાં

**સંસદમાં પાંચ સાંસદો દ્વારા જ 300થી વધુ સવાલ પૂછવામાં આવ્યા : ડિબેટ્સમાં ભાગ લેવામાં પણ ગુજરાતના મોટાભાગના MP નીરસ રહ્યા હતા**

**પંચમહાલ**

17મી લોકસભામાં એટલે 2019થી 10 ફેબ્રુઆરી 2024માં ગુજરાતના 26 સાંસદોની સંસદમાં સરેરાશ 79 ટકા હાજરી નોંધાઈ હતી અને તેમના દ્વારા સરેરાશ 206 સવાલ પૂછવામાં આવ્યા હતા. જેમાં પંચમહાલના સાંસદ રતનસિંહ રાઠોડની 96 ટકા સાથે સૌથી વધુ હાજરી નોંધાઈ હતી. ગુજરાતના અન્ય સાંસદો કે જેમની હાજરી 90 ટકાથી વધુ હોય તેમાં છોટા ઉદેપુરનાં ગીતાબેન રાઠવા, સુરેન્દ્રનગરના સાંસદ મહેન્દ્ર મુંજપુરા શારદાબેન બનાસકાંઠાના પરબત પટેલ, આણંદના મિતેષ પટેલ, અમદાવાદ પશ્ચિમના કિરિટ સોલંકીનો સમાવેશ થાય છે.



વાત સંસદમાં સવાલ કરવાની આવે તો તેમાં ગુજરાતના સાંસદોની સરેરાશ દેશના અન્ય સાંસદોની સરેરાશ કરતાં ઓછી જોવા મળી છે. ગુજરાતના સાંસદોએ સરેરાશ 206 સવાલ પૂછ્યા હતા જ્યારે આ મામલે નેશનલ એવરેજ 210 હતી. અમરેલીના નારણ કાછડિયા દ્વારા સૌથી વધુ 471 સવાલ પૂછવામાં આવ્યા હતા જ્યારે વલસાડના કે.સી. પટેલે સંસદમાં એકપણ સવાલ પૂછવાની તસ્દી લીધી નહોતી. ગુજરાતમાંથી કુલ પાંચ સાંસદો દ્વારા જ 300થી વધુ સવાલ પૂછવામાં આવ્યા હતા. ડિબેટ્સમાં ભાગ લેવામાં પણ ગુજરાતના મોટાભાગના સેસનીરસ રહ્યા હતા. ડિબેટ્સમાં ભાગ લેવા માટે ગુજરાતના સાંસદની સરેરાશ 29.9 ટકા જ્યારે આ મામલે નેશનલ એવરેજ 46.7 ટકા હતી. પ્રાઈવેટ મેમ્બર્સ બીલમાં ગુજરાતના સાંસદોની સરેરાશ 0.8 ટકા હતી.

## ચૂંટણી પહેલા ગુજરાતમાંથી જ 1600 ફરિયાદ, 5.92 કરોડની વસ્તુઓ જપ્ત

**અમદાવાદ**

લોકસભા ચૂંટણીની જાહેરાતની સાથે જ આદર્શ આચારસંહિતાની ચુસ્ત અમલવારી, ચૂંટણી ખર્ચ નિરિક્ષણ તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા વિવિધ ટીમો કાર્યરત થઈ ગઈ છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારો માટે નક્કી કરવામાં આવેલી ખર્ચ મર્યાદા જળવાઈ રહે અને પ્રતિબિંધિત વસ્તુઓની હેરફેર અટકે તે માટે ચૂંટણી ખર્ચ દેખરેખ અને નિયંત્રણ માટે રાજ્યમાં 756 ફ્લાઈંગ સ્કવોર્ડ કાર્યરત છે. આ ટીમો દ્વારા અત્યાર સુધીમાં રૂ.1.35 કરોડની કિંમતનો 39,584 લીટર દારૂ, રૂ.2.28 કરોડની કિંમતનું 3.41 કિલો સોનું અને ચાંદી તથા મોટરકાર, મોટર સાઈકલ અને અખાદ્ય ગોળ સહિતની રૂ.2.27 કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂ.5.92 કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

## ગુજરાતના 11 સહિત કોંગ્રેસના 57 લોકસભા ઉમેદવારની ત્રીજી યાદી જાહેર

### કોંગ્રેસે પહેલી યાદીમાં 39 અને બીજી યાદીમાં 43 નામોની જાહેરાત કરી હતી

**અમદાવાદ :** કોંગ્રેસે લોકસભા ચૂંટણી ત્રીજી યાદી પણ બહાર પાડી છે. પાર્ટીએ 57 ઉમેદવારોના નામ જાહેર કર્યા. કોંગ્રેસે તેની ત્રીજી યાદીમાં ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર, પુડુચેરી, રાજસ્થાન, તેલંગાણા અને પશ્ચિમ બંગાળની લોકસભા બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી છે. આ પહેલા ભાજપે ત્રીજી યાદીમાં નવ નામોની જાહેરાત કરી હતી. ભાજપની ત્રીજી યાદીમાં તમિલનાડુ રાજ્યની લોકસભા બેઠકો માટેના નામોની જાહેરાત કરવામાં આવી છે.

કોંગ્રેસ દ્વારા 43 ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. જેમાં ગુજરાતના સાત ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. આજે 57 ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે, જેમાં ગુજરાતના 11 ઉમેદવારોના નામની જાહેરાત કરી છે.

ગુજરાતની 11 બેઠક પર જાહેર થયેલા ઉમેદવારોની યાદી ● સુરત- નિલેશ કુંભાણી ● પાટણ- ચંદનજી ઠાકોર ● ગાંધીનગર- સોનલબેન પટેલ ● સાંબરકાંઠા- તુષાર ચોધરી ● જામનગર- જે.પી.મારવિયા ● અમરેલી- જેની બેન ● આણંદ- અમિત ચાવડા ● ખેડા- કાળુસિંહ ડાભી ● પંચમહાલ- ગુલાબસિંહ ચોહાણ ● દાહોદ- પ્રભાબેન તાવિયાડ ● છોટા ઉદેપુર- સુખરામ રાઠવા.

## અમદાવાદ પૂર્વના કોંગ્રેસના ઉમેદવારે ચૂંટણી લડવા ઇનકાર કર્યો

**અમદાવાદ**

લોકસભા ચૂંટણીની જાહેરાત થઈ ચુકી છે, એવાં કોંગ્રેસને ગુજરાતમાંથી ઝટકો લાગ્યો છે, કોંગ્રેસના તરફથી અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક માટે જાહેર કરાયેલા ઉમેદવાર રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે. જોકે તેમણે એમ પણ કહ્યું કે વ્યક્તિગત કારણોસર તેમણે આ નિર્ણય લીધો છે. કોંગ્રેસે ગત 12 માર્ચે ઉમેદવારોની જે યાદી જાહેર કરી હતી, તેમાં રોહન ગુપ્તાના નામની પણ જાહેરાત કરવામાં આવી હતી. રોહન ગુપ્તાએ સોમવારે 'X' પર એક પોસ્ટ કરી જણાવ્યું કે મારા પિતા ગંભીર તબીબી સ્થિતિને કારણે હોસ્પિટલમાં દાખલ છે અને હું અમદાવાદ પૂર્વ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે મારું નામ પાછું ખેંચી રહ્યો છું. પાર્ટી દ્વારા નિયુક્ત નવા ઉમેદવારને હું સંપૂર્ણ સમર્થન આપીશ.

## ગુજરાતમાં દસ્તાવેજ નોંધણીના નિયમો બદલાયા, અનેક વિગતો આપવી ફરજિયાત

**દસ્તાવેજ કરવા માટે બંને પક્ષકારના ફોટોગ્રાફ અને ફિંગરપ્રિન્ટ આપવા પડશે**

**અમદાવાદ**

પહેલી એપ્રિલથી રાજ્યભરમાં દસ્તાવેજ નોંધણીના નિયમમાં ફેરફાર કરતો પરિપત્ર નોંધણી સર નિરીક્ષક અને સુપરિન્ટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ્સની કચેરી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ ફેરફારમાં હવે દસ્તાવેજ તૈયાર કરનારનું નામ, સરનામું, વ્યવસાય અને મોબાઈલ નંબર આપવા ફરજિયાત દર્શાવાયું છે.

દસ્તાવેજ નોંધણી સમયે અત્યાર સુધી કોઈપણ દસ્તાવેજ રજૂ કરતી વ્યક્તિએ દસ્તાવેજ ઉપર પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો અને આંગળાની છાપ લગાડવાની તેમજ નોંધણી અર્થે રજૂ થતા સ્થાવર મિલકતની તબદિલીના લેખ સંબંધમાં દરેક લખી આપનાર અને લખાવી લેનારની અંગુઠાની છાપ તથા પાસપોર્ટ સાઈઝના ફોટા લગાડવાની જોગવાઈ કરવામાં આવી હતી. હવે આ જોગવાઈમાં જરૂરી સુધારા કરવાના હોવાથી નવી સૂચનાઓ રાજ્યની દરેક સબ રજિસ્ટ્રાર કચેરીઓને આપવામાં આવી છે. મહેસૂલ વિભાગ દ્વારા ઈસ્યૂ કરવામાં આવેલા પરિપત્રમાં જણાવ્યું છે કે અત્યાર સુધી દસ્તાવેજ તૈયાર કરનારનું નામ, સરનામું, વ્યવસાય અને મોબાઈલ નંબરની નોંધણી કરવામાં આવતી ન હતી પરંતુ હવે તા.૧ એપ્રિલથી દસ્તાવેજ નોધણીમાં દસ્તાવેજ તૈયાર કરનારનું નામ, સરનામું, વ્યવસાય અને મોબાઈલ નંબર ફરજિયાત કરવામાં આવ્યા છે. આ સાથે એક ફોર્મનું ફોર્મેટ તૈયાર કરવામાં આવ્યું છે જેના આધારે સમગ્ર વિગતો ભરવા તાકીદ કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના આ પરિપત્રની નકલ સમગ્ર રાજ્યના સબ રજિસ્ટ્રાર કચેરીઓને પહોંચાડી દેવામાં આવી છે.

## ગુજરાત યુનિવર્સિટીમાં નમાઝ પઢતાં વિદેશી વિદ્યાર્થી પર હુમલાથી વિવાદ

**અમદાવાદ**

ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ હોસ્ટેલમાં શનિવારે નમાઝ અદા કરવા બાબતે થયેલા સામાન્ય ઝઘડાએ ગંભીર સ્વરૂપ લીધું હતું. જેમાં 20થી 25 યુવકોના ટોળાએ હોસ્ટેલમાં પથ્થરમારો કર્યા બાદ વાહનોમાં તોડફોડ કરી હતી. એટલું જ નહી હોસ્ટેલમાં ઘુસીને રૂમમાં લેપટોપ, ફર્નિચર સહિત તોડફોડ કરી હતી. જેમાં ચાર વિદેશી યુવકોને પહોંચી હતી. આ બનાવ અંગે પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવતા પોલીસે સ્થળ પર પહોંચીને કાર્યવાહી કરી હતી. જેમાં વાયરલ વિડીયોને આધારે સાત જેટલા લોકોની ઓળખ કરીને તોડફોડ કરનાર બે યુવકોને ઝડપી લીધા હતા. આ બનાવના રાષ્ટ્રીય સ્તરે ઘેરાપ્રત્યાઘાત પડયા હતા. જેને લઈને ક્રાઈમબ્રાંચને પણ તપાસમાં જોડવાનો પોલીસ કમિશનર દ્વારા હુકમ કરાયો છે. યુનિવર્સિટીમાં આવેલી એનઆરઆઇ હોસ્ટેલના એ બ્લોકમાં અફઘાનિસ્તાન, શ્રીલંકા,બાંગ્લાદેશ, ઉઝબેકિસ્તાન અને આફ્રિકન દેશોના વિદ્યાર્થીઓ રહે છે. શનિવારે રાતના સાડા દશ વાગ્યાના સુમારે અફઘાનીસ્તાન તેમજ અન્ય દેશના 10થી 15 વિદ્યાર્થીઓ નમાઝ અદા કરી રહ્યા હતા ત્યારે કેટલાંક યુવકો ત્યાં આવ્યા હતા. જેમાં તેણે નમાઝ કરી રહેલા યુવકોને રોક્યા હતા. જેમાં શરૂઆતમાં સામાન્ય તકરાર થઇ હતી.

## અમદાવાદમાં કચરાના કોન્ટ્રાક્ટ પાછળ અધધ 3400 કરોડનો ખર્ચ કરાશે

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જેટલી મોટી રકમના ટેન્ડર એટલી મોટી કટકી, એટલું મોટું ચૂંટણી ફંડ, દરખાસ્તની શબ્દાવલી અને આંકડાની રમત પાછળની સચ્ચાઈ છૂપાવવાના એટલાં જ મોટા પ્રયાસો. સ્ટેન્ડિંગ કમિટીમાં 10 વર્ષના લાંબા ગાળાના સફાઈના રૂ. 3400 કરોડનાં તગડાં ટેન્ડરને પાસ કરાવવામાં અધિકારીઓ-એન્જિનિયરોને સફળતા મળી છે. અગાઉના વર્ષોમાં રૂ.300 કરોડનો ખર્ચ સફાઈના કોન્ટ્રાક્ટરો પાછળ દર વર્ષે થતો હતો તે વધીને 340 કરોડ થઈ ગયો છે અને દર વર્ષે પાંચ ટકા વધારાની શરત ટેન્ડરમાં મૂકવામાં આવી છે.

મ્યુનિસિપલએ લીધેલા નિર્ણય પાછળ કેટલાક પ્રશ્નો ઉભા થાય છે.

## અમદાવાદમાં હવે 30થી વધુ મામલે અપાશે ઈ-મેમો

**AIની મદદથી સૉફ્ટવેર તૈયાર કરાયું : નિયમ ભંગ કરનારા પર સીસીટીવીથી રખાશે ચાંપતી નજર**

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા આર્ટિફિશિયલ ટેકનોલોજિની મદદથી એક ખાસ સૉફટવેર તૈયાર કર્યું છે. આ સૉફટવેર દ્વારા લોકો દ્વારા કરવામાં આવતા 30થી વધુ નિયમભંગ પર E-Memo મોકલશે. અમદાવાદ પોલીસ અને AMC સાથે મળીને પાંચ હજારથી પણ વધુ CCTV કેમેરાની મદદથી નિયમ ભંગ કરતાં લોકો પર ચાંપતી નજર રાખશે.

AMC કે પોલીસને લગતા નિયમોની અવગણના કરવી અમદાવાદીઓને હવે ભારે પડી જશે. આગામી સમયમાં AIની મદદથી તૈયાર કરેલા સોફ્ટવેરને CCTV કંટ્રોલરુમ સાથે જોડી દેવામાં આવશે. જેમાં 30 જેટલા નિયમભંગનો ઈ મેમો જનરેટ થશે અને લોકોને નિયમભંગ માટે દંડ ભરવો પડશે. આગામી બે મહિનામાં અમલવારી કરવા માટે પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.



# ફટકાર બાદ ભારતીય સ્ટેટ બેંકે ઈલેક્ટોરલ બોન્ડનો તમામ ડેટા ચૂંટણી પંચને સોંપી દીધો

**નવી દિલ્હી**

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ 21 માર્ચ, ગુરુવારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, આલ્ફા ન્યુમેરિક નંબર સહિતની તમામ વિગતો ચૂંટણી પંચને આપી છે. એસબીઆઈએ કહ્યું કે,'અમારા તરફથી અત્યારે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. અમે ઈલેક્ટોરલ બોન્ડની તમામ માહિતી ચૂંટણી પંચને સોંપી દીધી છે.'




એસબીઆઈ દ્વારા અગાઉ સબમિટ કરવામાં આવેલી સંપૂર્ણ માહિતીના અભાવ પર નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે આજે પહેલા તમામ માહિતી સબમિટ કરવા અલ્ટીમેટમ આપ્યું હતું. ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બેન્ચે નિર્દેશ આપ્યો હતો કે પ્રાપ્ત માહિતી ચૂંટણી પંચની વેબસાઈટ પર પ્રકાશિત થવી જોઈએ.

એસબીઆઈના ચેરમેન દિનેશ કુમાર ખારાએ સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું દાખલ કરીને કહ્યું છે કે, 'કોર્ટના આદેશ મુજબ અમે નિર્ધારિત સમય પહેલા ચૂંટણી પંચને ઈલેક્ટોરલ બોન્ડ સાથે સંબંધિત તમામ વિગતો આપી દીધી છે. આ વખતે આપવામાં આવેલી માહિતીમાં બોન્ડનો આલ્ફા ન્યુમેરિક નંબર એટલે કે યુનિક નંબર, બોન્ડની કિંમત, ખરીદનારનું નામ, પેમેન્ટ મેળવનાર પાર્ટીનું નામ, પાર્ટીના બેંક એકાઉન્ટ નંબરના છેલ્લા ચાર અંક, કિંમત અને રિડીમ કરેલ નંબરનો સમાવેશ થાય છે. સાયબર સુરક્ષાને ધ્યાનમાં રાખીને, રાજકીય પક્ષનો સંપૂર્ણ બેંક એકાઉન્ટ નંબર, પક્ષની કેવાયસી માહિતી અને ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનારને શેર કરવામાં આવ્યા નથી.'

# મહારાષ્ટ્રમાં શરદનો 'પાવર' વધ્યો સત્તાધારી ગઠબંધનનું ટેન્શન વધ્યું!

**મુંબઈ**

મહારાષ્ટ્રના સત્તાધારી ગઠબંધનના અસંતુષ્ટ નેતાઓ હવે મહા વિકાસ આઘાડી કેમ્પ તરફ લોકસભાની ટિકિટ મેળવવા વલખાં મારી રહ્યા છે. એટલા માટે તેમણે શરદ પવારનો ફરી સંપર્ક શરૂ કરી દીધો છે. ખરેખર ભાજપ, શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (અજિત પવાર) ના 'ગઠબંધન વચ્ચે સીટ વહેંચણીની ડીલ લગભગ ફાઈનલ થઈ ગઈ છે. આવી સ્થિતિમાં ઘણા નેતાઓને લાગે છે કે તેમને ટિકિટ નહીં મળે. આ ડરના કારણે તેમણે હવે વિપક્ષી છાવણી સાથે સંપર્કો બનાવવાનું શરૂ કરી દીધું છે.



બુધવારે બીડ જિલ્લા NCP નેતા બજરંગ સોનાવણે પુણેમાં એક કાર્યક્રમમાં NCP (શરદચંદ્ર પવાર)માં જોડાયા હતા. સોનવણેએ પાર્ટી વિભાજન વખતે અજિત પવારનો પક્ષ લીધો હતો. ભાજપે પંકજા મુંડેને બીડમાંથી મેદાનમાં ઉતારતા નારાજ સોનાવણેએ પક્ષ બદલી નાખ્યો હતો. મહારાષ્ટ્રની 48 સીટો માટે લોકસભા ચૂંટણી 19 એપ્રિલથી 20 મે વચ્ચે પાંચ તબક્કામાં યોજાશે. 4 જૂને મતગણતરી થશે.

# કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેની કારને નડ્યો અકસ્માત

**નવી દિલ્હી**

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (A)ના વડા અને કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે ગુરુવારે (21 માર્ચ) ના રોજ એક માર્ગ અકસ્માતમાંથી બચી ગયા હતા. રામદાસ આઠવલેની કારને સાતારાના વાયમાં અકસ્માત નડ્યો હતો. એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા અનુસાર, કન્ટેનર અચાનક બ્રેક લેતા તેની કાર એક કન્ટેનર સાથે અથડાઈ હતી. મળતી માહિતી મુજબ આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી. જણાવવામાં આવી રહ્યું છે કે તેમની કારનો આગળનો ભાગ ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે.

# I.N.D.I.A.ગઠબંધનમાં ફરી બખેડો, એક બેઠક માટે 2 ઉમેદવાર! બળવા થવાના એંધાણ

**નવી દિલ્હી**

સમાજવાદી પાર્ટીએ બુધવારે લોકસભા ચૂંટણી માટે છ ઉમેદવારોની બીજી યાદી બહાર પાડી. બીજી તરફ અપના દળ જે I.N.D.I.A. ગઠબંધનનો ભાગ છે, તેણે બળવો કરતાં પહેલાંથી જ યુપીની ત્રણ લોકસભા બેઠકો પર તેના ઉમેદવારો ઉભા કરવાનો નિર્ણય લઈ લીધો છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ક્રિષ્ના પટેલે ખુદ આ જાહેરાત કરી હતી.




પાર્ટીએ ફુલપુર, મિર્ઝાપુર અને કૌશામ્બી લોકસભા સીટ પરથી ઉમેદવારો જાહેર કરવા અંગે યોજના બતાવી હતી. અપના દળના રાષ્ટ્રીય અધ્યક્ષ ક્રિષ્ના પટેલે જણાવ્યું કે અમે લાંબા સમયથી I.N.D.I.A. એલાયન્સના ભાગીદાર છીએ. અમે ગઠબંધનની દરેક બેઠકમાં સામેલ થયા છીએ. પાર્ટીએ ત્રણ સીટો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. જાહેરાતના થોડા સમય બાદ સપાએ પણ પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી.

# સંપૂર્ણ સ્વનિર્મિત યુદ્ધ વિમાન LAC માર્ક-1 મહિનાના અંતે એર ફોર્સને મળી જશે

**નવી દિલ્હી**

પહેલું સ્વદેશી યુદ્ધ વિમાન એલ.એ.સી. તેજસ માર્ક-૧ આ માસના અંત સુધીમાં ભારતીય વાયુસેનાને મળવાનું છે. તે વિમાનો ૩૧ માર્ચ સુધીમાં વાયુસેનાને મળી જાય તે માટે હિન્દુસ્તાન એરોનાટિક્સ લિમિટેડ પૂરી મહેનત કરી રહ્યું છે. આ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ-માર્ક-૧ તેનાં તમામ ઈન્ટીગ્રેશન સાથે વાયુ સેનાને મળવાનાં છે. વાસ્તવમાં સંરક્ષણ મંત્રાલયે એચ.એ.એલ સાથે ફેબ્રુઆરી ૨૦૨૧માં આ માટે રૂ. ૪૮ હજાર કરોડનો સોદો કર્યો હતો. તે પ્રમાણે એચ.એ.એલ. ૮૩ તેજસ માર્ક-૧ યુદ્ધ વિમાનો સંરક્ષણ મંત્રાલયને તા. ૩૧મી માર્ચ સુધીમાં આપવાનાં હતાં. એચ.એ.એલે તે સમય મર્યાદા બરોબર ધ્યાન રાખી છે.

# શ્રીકૃષ્ણ જન્મભૂમિ વિવાદ: હાઈકોર્ટમાં 15 કેસની એકસાથે સુનાવણી થશે

**અયોધ્યા**

મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ કેસમાં સુપ્રીમ કોર્ટે મસ્જિદ સમિતિને ફટકો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે મંગળવારે શ્રીકૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ મસ્જિદ વિવાદ સંબંધે ૧૫ કેસોની સુનાવણી એક સાથે કરવાના અલ્લાહાબાદ હાઈકોર્ટના આદેશને પડકારતી મસ્જિદ સમિતિની અરજી ફગાવી દીધી છે. જોકે, ન્યાયાધીશ સંજિવ ખન્ના અને દિપાંકર દત્તાની બેન્ચે ટ્રસ્ટ શાહી મસ્જિદ ઈદગાહ મેનેજમેન્ટ સમિતિને હાઈકોર્ટ સમક્ષ તેમની અરજી કરવાની છૂટ આપી છે. અલ્લાહાબાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે, બધા જ કેસોમાં એક સમાન પુરાવાના આધાર પર ચૂકાદો આવવો જોઈએ અને આ જ કારણે એક સાથે તેની સુનાવણી થવી જોઈએ.

## પોલિટિક્સ ન્યૂઝ

# કોંગ્રેસને વર્ષો બાદ ભૂલ સમજાઇ, ભાજપના દાવ બાદ મતબેંક બનાવવા માટે મથામણ

**નવી દિલ્હી** દેશમાં ઓબીસી મતદારો મોટી સંખ્યામાં છે. આરજેડી અને સમાજવાદી પાર્ટીની સાથે ચાલી રહેલી કોંગ્રેસ છેલ્લા એક વર્ષથી સામાજિક ન્યાયના મુદ્દે સત્તાસ્થાને બેસેલા ભાજપને ઘેરવાના પ્રયાસ કરી રહી છે. વિપક્ષનું નેતૃત્વ કરી રહેલા રાહુલ ગાંધીએ દેશમાં ફરીને જનસંખ્યાના અનુરૂપ સત્તામાં સૌની હિસ્સેદારીનો નારો લગાવી રહ્યા છે. ઓબીસીની મોટી વોટબેંક પર વિપક્ષની નજર છે. ભાજપ પણ કોંગ્રેસની રણનીતિથી અજાણ નથી. પહેલા કર્પૂરી ઠાકુરને ભારત રત્ન અને લોકસભા ચુંટણીની જાહેરાતના થોડા સમય અગાઉ હરિયાણામાં મનોહરલાલ ખટ્ટરને બદલે ઓબીસી સમાજના નાયબસિંહ સૈનીને મુખ્યમંત્રી બનાવીને ભાજપે પણ પોતાનો દાવ રમી લીધો છે. આ ઉપરાંત મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો.મોહન યાદવ પણ બિહાર અને ઉત્તર પ્રદેશના ઓબીસી વર્ગને આકર્ષવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

# હિન્દુઓને કોંગ્રેસ ગાળો આપે છે : અન્ય ધર્મ સામે શબ્દ નથી નીકળતો : મોદી

**નવી દિલ્હી :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ ઉપર હિન્દુ ધર્મનું અપમાન કરવાનો આક્ષેપ કરતા કહ્યું હતું કે 'ઈંડિયા' ગઠબંધન જાણી જોઈને હિન્દુ ધર્મ વિરૂદ્ધ બોલે છે. વડાપ્રધાન મંગળવારે તમિલનાડુનાં એલમ પહોંચ્યા હતા. ત્યાં તેઓએ એનડીએ માટે ૪૦૦ ને પારનો નારો લગાવ્યો હતો. ત્યાં એક જાહેર સભાને સંબોધતા તેઓએ ડીએમકે પર હિન્દુ ધર્મનું અપમાન કરવાનો આક્ષેપ મુક્યો હતો તેઓએ કહ્યું 'ઈંડીયા' ગઠબંધનવાળા વારંવાર જાણી જોઈને હિન્દુ ધર્મનું અપમાન કરે છે. હિન્દુ ધર્મ વિરૂદ્ધ તેમના દરેક કથનો ખુબ સમજી વિચારીને કરવામાં આવ્યા હોય છે. પરંતુ ડી.એમ.કે. કે કોંગ્રેસ, અન્ય કોઈ ધર્મનું અપમાન નથી કરતા. અન્ય કોઈ ધર્મ વિરૂદ્ધ તેમની જીભેથી એક શબ્દ પણ નીકળતો નથી, પરંતુ હિન્દુ ધર્મને ગાળો દેવામાં એક સેકન્ડની પણ વાર કરતા નથી. વડાપ્રધાને વધુમાં કહ્યું હજી તો ચુંટણી અભિયાનનો પ્રારંભ થયો છે.

# ભાજપે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી, અન્નામલાઈ કોઇમ્બતુરથી ચૂંટણી લડશે

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. પાર્ટીએ કુલ નવ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં તમામ નવ ઉમેદવારો તમિલનાડુના છે. ચેન્નાઈ દક્ષિણથી પાર્ટીએ તેલંગાણાના પૂર્વ રાજ્યપાલ તમિલિસાઈ સુંદરરાજનને ટિકિટ આપી છે. તમિલનાડુ ભાજપ અધ્યક્ષ કે. અન્નમલાઈને કોઈમ્બતુર બેઠકની ટિકિટ અપાઈ છે. આ અગાઉ ભાજપે બીજી માર્ચે પહેલી યાદીમાં 195 ઉમેદવારો તો 13 માર્ચે બીજી યાદીમાં 72 ઉમેદવારોના જાહેર કર્યા હતા, તો કોંગ્રેસે અત્યાર સુધીમાં બે યાદી જાહેર કરી છે. જેમાં પહેલી યાદીમાં 39 ઉમેદવાર અને બીજી યાદીમાં 43 ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા. ત્યારે ભાજપે આજે ત્રીજી યાદી જાહેર કરી છે. આમ ભાજપે અત્યાર સુધીમાં કુલ 276 ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. પ્રથમ યાદીમાં 195 અને બીજી યાદીમાં 72 ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા.

# રાજકારણમાં કેટલાકને વારંવાર લોન્ચ કરવા પડે છે : રાહુલ પર મોદીનો ટોણો

**નવી દિલ્હીઃ** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે સ્ટાર્ટઅપ મહાકુંભની શરૂઆત કરી હતી, જે દરમિયાન તેમણે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પર પ્રહારો કરતા કહ્યું હતું કે કેટલાક લોકો રાજકારણમાં સ્ટાર્ટઅપની શરૂઆત કરતા હોય છે પણ તેમને વારંવાર લોન્ચ કરવા પડે છે. જોકે કેટલાક લોકો એવા પણ હોય છે કે જે એક સ્ટાર્ટઅપમાં નિષ્ફળતા મળે તો બીજામાં શરૂઆત કરતા હોય છે. વડાપ્રધાને કહ્યું હતું કે દેશ ૨૦૪૭ના વિકસિત ભારતના રોડમેપ પર કામ કરી રહ્યો છે. આવા સમયે મને લાગે છે કે આ સ્ટાર્ટઅપ મહાકુંભનું મહત્વ વધી જાય છે. ગત દસકામાં આપણે જોયું કે ભારતે કેવી રીતે આઇટી અને સોફ્ટવેર સેક્ટરમાં પોતાની છાપ છોડી છે. હવે આપણે ભારતમાં ઇનોવેશન અને સ્ટાર્ટઅપ કલ્ચરનો ટ્રેન્ડ સતત વધતો જોઇ રહ્યા છીએ. સાથે જ મોદીએ દાવો કર્યો હતો કે ભારત આજે વૈશ્વિક સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં નવી આશા, નવી તાકાત બનીને ઉભર્યો છે.

# માયાવતીની પાર્ટીમાંથી સસ્પેન્ડ કરાયેલા સાંસદ દાનિશ અલી કોંગ્રેસમાં જોડાયા

**નવી દિલ્હી :** લોકસભા ચૂંટણી પહેલા પાર્ટીઓમાં ઉથલ-પાથલ મચી ગઈ છે. અમરોહા લોકસભા સાંસદ દાનિશ અલી કોંગ્રેસમાં સામેલ થઈ ગયા છે. દાનિશ અલીને બહુજન સમાજ પાર્ટી (BSP)એ ગત વર્ષે પાર્ટી વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના આરોપમાં સસ્પેન્ડ કરી દીધા હતા. દાનિશ અલીની કોંગ્રેસ સાથે નિકટતા સતત વધતી જઈ રહી હતી. આ જ કારણોસર તેમને બસપાએ સસ્પેન્ડ કરી દીધા હતા. દાનિશ અલીએ કોંગ્રેસમાં સામેલ થયા બાદ કહ્યું કે, આજે દેશની જે સ્થિતિ છે તે કોઈનાથી છુપાયેલી નથી. એક બાજુ વિભાજનકારી શક્તિઓ છે જ્યારે બીજી તરફ દેશના ગરીબ, વંચિત, પીડિત લોકોને ન્યાય અપાવવા માટે સંઘર્ષ કરનારા લોકો છે. આજે નિર્ણય લેવાનો સમય આવી ગયો છે. અમારે વિભાજનકારી શક્તિઓ સાથે લડવાનું છે. પરંતુ તેની સાથે લડવા માટે કેટલીક અડચણો આવી રહી હતી. એટલા માટે મેં આ નિર્ણય લીધો છે અને કોંગ્રેસમાં સામેલ થયો છું.

# જયપુરમાં પરિવાર સૂતો હતો ત્યારે ઘરમાં આગ ભભૂકી : 3 બાળકો સહિત 5 ભડથું

## આગ કયા કારણોસર લાગી તે હજુ કોઈ ખુલાસો થયો નથી, તમામ મૃતકો બિહારના

**જયપુર**

જયપુરના વિશ્વકર્મામાં એક ભયાનક દુર્ઘટના સર્જાઈ. અહીં એક મકાનમાં ભીષણ આગ લાગતાં 5 લોકો જીવતા ભૂંજાઈ ગયા હતા. વિશ્વકર્માના જૈસલ્યા ગામમાં આગની લપેટમાં આવનારા લોકોમાં 3 બાળકો પણ સામેલ હતા. જોકે આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ કોઈ ખુલાસો થયો નથી. તમામ મૃતકો બિહારના વતની હોવાની માહિતી મળી રહી છે. પોલીસે એફએસએલ ટીમને ઘટનાસ્થળે બોલાવી હતી.




જૈસલ્યા ગામમાં મધુબની બિહારનો એક પરિવાર ભાડે રહેતો હતો. માહિતી અનુસાર રાતે જ્યારે પરિવારના લોકો સૂતા હતા તે સમયે જ આગ લાગી હતી. તેમને બહાર નીકળવાની તક પણ ના મળી. આગથી બચવા તેઓ એક ખૂણામાં છુપાઈ ગયા હતા. જ્યાં જીવતા જ ભડથું થઈ ગયા.

# લોકસભાની ચૂંટણી પહેલા BJPનો મોટો નિર્ણય, 3 રાજ્યોમાં બદલ્યા ચૂંટણી પ્રભારી

**નવી દિલ્હી**

લોકસભાની ચૂંટણી પહેલા બીજેપીએ મોટુ પગલુ ભર્યુ છે. પાર્ટી હાઈકમાન્ડે રાજસ્થાન, હરિયાણા અને આંધ્ર પ્રદેશના ચૂંટણી પ્રભારીઓની બદલી કરી છે. પ્રથમ તબક્કાના મતદાનના એક મહિના પહેલા લેવાયેલો પક્ષનો આ નિર્ણય ચોંકાવનારો છે. મહત્વનું છે કે દેશમાં પ્રથમ તબક્કાનું મતદાન 19 એપ્રિલે થવાનું છે અને આ માટે નોટિફિકેશન પણ બહાર પાડવામાં આવ્યું છે.

હરિયાણામાં આ વર્ષે ભાજપે બિપ્લબ કુમાર દેબને લોકસભા ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા હતા. બિપ્લબ કુમાર દેબ ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભા સભ્ય છે. ત્રિપુરાના પૂર્વ મુખ્યમંત્રી બિપ્લબ કુમાર દેબને 2018માં ત્રિપુરામાં પાર્ટીની જીતના શિલ્પકાર માનવામાં આવતા હતા. પાર્ટીએ તેમના સ્થાને સતીશ પુનિયાને પ્રભારી બનાવ્યા છે. તેમની સાથે સુરેન્દ્ર સિંહ નાગરને સહ-પ્રભારી બનાવવામાં આવ્યા છે.

રાજસ્થાનમાં ભાજપે વર્તમાન પ્રભારી પ્રહલાદ જોશીને હટાવીને તેમના સ્થાને વરિષ્ઠ નેતા વિનય સહસ્ત્રબુદ્ધેને ચૂંટણી પ્રભારી તરીકે નિયુક્ત કર્યા છે. વિજયા રાહતકર અને પ્રવેશ વર્માને રાજસ્થાનના સહ-ચૂંટણી પ્રભારી બનાવવામાં આવ્યા છે. જો આંધ્ર પ્રદેશની વાત કરીએ તો અહીં પાર્ટીએ અરુણ સિંહને નવા ચૂંટણી પ્રભારી બનાવ્યા છે. સિદ્ધાર્થનાથ સિંહ અહીં અરુણ સિંહને સમર્થન આપશે.

# દિલ્હીમાં બે માળનું મકાન ધરાશાયી થતાં 2નાં મોત, 1ની હાલત ગંભીર

## મકાન માલિક ફરાર, મૃતકોની ઓળખ જાહેર કરાઈ

**નવી દિલ્હી**

પૂર્વ દિલ્હીના વેલકમ વિસ્તારમાં એક જૂની ઈમારત ધરાશાયી થઈ જતાં આ દુર્ઘટનામાં બે લોકો કાટમાળ નીચે દટાઈ જતાં મૃત્યુ પામ્યા. આ ઘટનામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. વિસ્તારના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ જોય તિર્કીએ જણાવ્યું હતું કે અકસ્માતમાં બે શ્રમિકો અરશદ (30) અને તૌહીદ (20) મૃત્યુ પામ્યા જ્યારે અન્ય એક કામદાર રેહાન (22)ની હાલત ગંભીર છે અને તેની સારવાર કરવામાં આવી રહી છે. આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. વધુ તપાસ ચાલુ છે. ઘટનાની માહિતી મોડી રાતે 2.16 કલાકે મળી હતી. ઈમારતનોનો પહેલો માળ ખાલી હતો જ્યારે ગ્રાઉન્ડ ફ્લોરનો ઉપયોગ જીન્સ કટિંગ કારખાના માટે કરવામાં આવી રહ્યો હતો. બિલ્ડિંગ ધરાશાયી થતાં બે કામદારોને ગંભીર ઈજા પહોંચતાં મોત થયા હતા. આ વિસ્તારમાં એક વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે મકાન માલિક ફરાર થઈ ગયો છે. તેને શોધવામાં આવી રહ્યો છે.

# બદાયુમાં ત્રણ બાળકોને ચપ્પુ વડે ઘા ઝીકાતાં 2ના મોત, 1 ગંભીર, હત્યારાનું એન્કાઉન્ટર

## સલૂનની દુકાન ચલાવનારાએ હત્યાને અંજામ આપ્યો, ઘટના બાદ તંગદીલી

**બરેલી**

ઉત્તર પ્રદેશના બદાયૂંમાં બે બાળકોની કરપીણ હત્યા કરી દેવામાં આવી હતી, આ હત્યાને અંજામ આપ્યાના થોડા જ કલાકો બાદ એક હત્યારા સાજિદનું પોલીસ એન્કાઉન્ટરમાં મોત નિપજ્યું હતું. જ્યારે બીજા આરોપીની શોધખોળ ચાલી રહી છે. આ હત્યાકાંડને પગલે બદાયૂંમાં સ્થિતિ તંગદીલી છે. હત્યારો એ જ વિસ્તારમાં સલૂન પાર્લર ચલાવતો હતો જ્યાં તેણે આ હત્યાને અંજામ આપ્યો હતો. બાળકોની હત્યાથી ઉશ્કેરાયેલા પરિવારજનોએ હત્યારાની દુકાનને આગ લગાવી દીધી હતી. સાજિદને હત્યામાં તેના ભાઈ જાવેદે સાથ આપ્યો હતો. પોલીસે સાજિદની જાણકારી મેળવી તેનો પીછો કર્યો હતો, જે દરમિયાન સામસામે ગોળીબાર થતા આરોપીનું એન્કાઉન્ટરમાં મોત નિપજ્યું હતું. બદાયૂં પોલીસના જણાવ્યા અનુસાર ૨૨ વર્ષીય આરોપી સાજિદ બદાયૂંના બાબા કોલોની વિસ્તારમાં સલૂન પાર્લર ચલાવતો હતો. તાજેતરમાં જ તેણે આ દુકાન ખોલી હતી. સાજિદ પોતાના ભાઈ જાવેદ સાથે દુકાનની સામે રહેતા વિનોદ કુમારના ઘરમાં પ્રવેશ્યો હતો. ઘરમાં વિનોદ કુમાર નહોતા, અને માત્ર તેમની પત્ની અને ત્રણ બાળકો હતા. સાજિદે બાદમાં ૧૨ વર્ષનો આયુષ, આઠ વર્ષના અહાન અને ૧૦ વર્ષના યુવરાજ પર ચાકુથી હુમલો કર્યો હતો. આયુષને ચાકુના પાંચ ઘા માર્યા હતા જ્યારે અહાનનું ગળુ કાપ્યું હતું. યુવરાજને પણ ચાકુના ઘા માર્યા હતા. આ હુમલામાં બે બાળકોના મોત નિપજ્યા હતા જ્યારે ત્રીજા બાળકની હાલ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# ચીનના 263 નાગરિકોને વીઝા આપવાનું કૌભાંડ: કાર્તિ ચિદમ્બરમને કોર્ટના સમન્સ

## કોર્ટે કંપની પ્રતિનિધિઓ સહિત અન્યને પાંચ એપ્રિલે હાજર થવાનો આદેશ આપ્યો

**નવી દિલ્હી**

દિલ્હીની કોર્ટે કથિત ચાઈનિઝ વિઝા કૌભાંડ સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ કેસમાં કોંગ્રેસ સાંસદ કાર્તિ ચિદમ્બરમને સમન્સ પાઠવ્યા છે. ચાર્જશીટને આધારે સ્પેશિયલ જજ એમ કે નાગપાલે કાર્તિ ચિદમ્બરમને સમન્સ આપ્યા છે. જજ એમ કે નાગપાલે કાર્તિ ચિદમ્બરમ, તેમના પૂર્વ ચાર્ટડ એકાઉન્ટન્ટ એસ ભાસ્કરરમન, કેટલીક કંપનીઓના પ્રતિનિધિઓ સહિતના અન્યને પાંચ એપ્રિલે હાજર થવાનો આદેશ આપ્યો છે. આરોપીઓમાં પદમ દુગાર, વિકાસ મખારિયા, મંસૂર સિદ્દીકી, દુગાર હાઉસિંગ લિમિટેડ, એડવાન્ટેજ સ્ટ્રેટિજિક કન્સલટીંગ પ્રાઈવેટ લિમિટેડ અને તલવંડી સાબો પાવર લિમિટેડ પણ સામેલ છે. ઈડીએ ૨૦૧૧માં ૨૬૩ નાગરિકોને વિઝા જારી કરવા સંબધિત કથિત કૌભાંડમાં આરોપીઓની વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો. કથિત કૌભાંડ સમયે કાર્તિના પિતા પી ચિદમ્બરમ કેન્દ્રીય પ્રધાન હતાં. ઈડીએ સીબીઆઈની એફઆઈઆરને આધારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની વિવિધ જોગવાઈઓ હેઠળ મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો. ૨૦૧૧માં ચીનના ૨૬૩ નાગરિકોને વિઝા આપવામાં ૫૦ લાખ રૂપિયાની લાંચ લેવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# 3 વખત ચાર્જશીટ, છતાં તપાસ ચાલે છેઃ સુપ્રીમે ઈડીને ખખડાવી

**નવી દિલ્હી**

ટ્રાયલ વગર લાંબા સમય સુધી આરોપીને કસ્ટડીમાં રાખવા બદલ કેન્દ્રીય એજન્સી ઈડીને સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવી છે. ઝારખંડના પ્રેમ પ્રકાશની જામીન અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ઈડીએ આ મામલામાં ત્રણ વખત ચાર્જશીટ દાખલ કરી છતા તપાસ કરી રહી છે. કોઈ પણ આરોપીને ટ્રાયલ વગર લાંબા સમય સુધી ટ્રાયલમાં કેવી રીતે રાખી શકાય?

કોર્ટે ઈડીને કહ્યું કે આ પ્રકારની પ્રેક્ટિસ ઠીક નથી, વારંવાર ચાર્જશીટ દાખલ કરીને કોઈ આરોપીને આ રીતે કસ્ટડીમાં ના રાખી શકાય. આ કેસમાં આરોપી પ્રેમ પ્રકાશ ૧૮ મહિનાથી જેલમાં છે. જ્યારે તમે કોઈની ધરપકડ કરો છો ત્યારે તેની સામેની કાર્યવાહી શરૂ કરવી જરૂરી છે. ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનના કથિત સાથી ગણાતા પ્રેમ પ્રકાશની ઈડીએ ઓગસ્ટ ૨૦૨૨માં રાંચીથી ધરપકડ કરી હતી. પ્રેમ પ્રકાશના ઘરેથી કેટલાક હથિયારો પકડાયા હતા, જેમાં એકે -૪૭ રાઈફલનો પણ સમાવેશ થાય છે.

# ભારતમાં આવક-સંપત્તિની અસમાનતાનું પ્રમાણ ઐતિહાસિક ઊંચા સ્તરે પહોંચ્યું

## 10 ટકા ધનિકોનો દેશની કુલ રાષ્ટ્રીય આવકમાં 22.6 ટકા હિસ્સો

**નવી દિલ્હી**

ભારતમાં આવક અને સંપત્તિની અસમાનતાનું પ્રમાણ ઐતિહાસિક ઊંચા સ્તરે -બ્રિટીશ રાજ કરતા પણ વધારે - પહોચી ગયું છે. નવા અંદાજ અનુસાર વર્ષ ૨૦૨૨-૨૩માં રાષ્ટ્રીય આવકમાં ૨૨.૬ ટકા હિસ્સો દેશની સૌથી ધનિક એક ટકા વસતિને ફાળે ગયો હતો અને કુલ સંપત્તિમાં તેમનો હિસ્સો વધીને ૪૦.૧ ટકા થઈ ગયો છે. આ પ્રમાણ ૧૯૬૧માં વર્લ્ડ ઈન્કવાલિટી લેબની શરૂઆત થઈ ત્યારથી સૌથી વધારે છે. ભારતમાં ૧૯૯૧માં આર્થિક ઉદારીકરણ, વૈશ્વીકરણની નીતિ અમલમાં આવી ત્યારથી સૌથી ધનિક પાસે આવક અને સંપત્તિ સતત વધી રહી છે. વિખ્યાત અર્થશાસ્ત્રી થોમસ પીકેટી, લુકાસ ચાન્સેલ, નીતિન કુમાર અને અનમોલ સોમાંચીએ લેબના આધારે ૧૯૨૨ થી ૨૦૨૩ વચ્ચે ભારતમાં આવક અને સંપત્તિની અસમાનતા ઉપર એક રિસર્ચ પેપર મંગળવારે રજૂ કરવામાં આવ્યું હતું.

આ રિસર્ચ પેપરમાં અનુસાર બ્રિટીશ રાજ કે વિશ્વયુદ્ધના સમયે ભારતમાં જેટલી આવક અને સંપત્તિની અસમાનતા હતી તેના કરતા પણ વધારે અસમાનતા હવે જોવા મળે છે.

# બિહારમાં DRIની મોટી કાર્યવાહી, કારમાંથી 3.94 કરોડના સોનાના બિસ્કિટ મળી આવ્યા

**પટના**

બિહારના કૈમુરમાં એક કારમાંથી 5 કિલો 807 ગ્રામ સોનાના બિસ્કિટ મળી આવ્યા છે . જેની કિંમત 3 કરોડ 94 લાખ રૂપિયા આંકવામાં આવી છે. કૈમુરના મોહનિયા ટોલ પ્લાઝા પર કરવામાં આવેલી કાર્યવાહીમાં DRIની પટના સ્પેશયલ ટીમે પણ દાણચોરોની ધરપકડ કરી છે. DRIની ટીમ તસ્કરોની ધરપકડ કરીને પટના લઈ ગઈ છે.

ખરેખર, પટના DRIને માહિતી મળી હતી કે દાણચોરીનું સોનું ઉત્તર પ્રદેશથી લાવવામાં આવી રહ્યું છે. પટનાની ટીમે મોહનિયાના ટોલ પ્લાઝાથી ચાર કિલોમીટર પહેલા જઈને દાણચોરો પર નજર રાખવાનું શરૂ કર્યું. આ પછી વાહનને રોકીને તલાશી લેતા તેમાંથી 5.807 કિલો સોનું મળી આવ્યું હતું. જ્યારે ડીઆરઆઈની ટીમે દાણચોરીની પૂછપરછ કરી તો તેણે જણાવ્યું કે તે




મ્યાનમારથી ભારતમાં દાણચોરી કરીને લાવવામાં આવ્યો હતો. ભારતમાં મ્યાનમાર સોનાની દાણચોરી કરવામાં આવી રહી હતી. ઉત્તર પ્રદેશમાંથી દાણચોરો સોનાના બિસ્કિટ લાવતા હતા. અમે તેને કારમાં લઈને કૈમુર જવા રવાના થયા. પૂછપરછ દરમિયાન તસ્કરો અલગ-અલગ વાતો કરતા રહ્યા અને ફસડાઈ પડયા હતા.

# અમેરિકામાં ડ્રગ ડીલર દ્વારા ભારતીય વિદ્યાર્થીનું અપહરણ કરાયું, 1200 ડોલરની ખંડણી માંગી

**વોશિંગ્ટન**

અમેરિકામાં છેલ્લા કેટલાક સમયથી ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષા જોખમાઈ છે. મૂળ હૈદરાબાદનો ભારતીય વિદ્યાર્થી અબ્દુલ મોહમ્મદ ગુમ થયો હોવાની માહિતી સામે આવી છે. મોહમ્મદે ગયા મે મહિનામાં ક્લેવલેન્ડ, ઓહિયો યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો હતો.

વિદ્યાર્થી અબ્દુલના પરિવારે દાવો કર્યો છે કે, ૭ માર્ચથી તેમની દીકરા સાથે વાત થઈ નથી. તે અચાનક ગુમ થયા બાદ પરિવારને ખંડણી માટે ફોન આવ્યો હતો. ખંડણીખોરે પરિવાર પાસે રૂપિયા ૧ લાખની માંગ કરી હતી. ફોન કરનારે તેમને જણાવ્યું હતું કે, તેમના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું છે. આ સાથે જ તેની કિડની વેચવાની ધમકી ઉચ્ચારી હતી.




અબ્દુલના પિતા મોહમ્મદ સલીમને ગત અઠવાડિયે ક્લીવલેન્ડમાં સ્થિત ડ્રગ ડીલરો દ્વારા ધમકી આપવામાં આવી હતી. અપહરણકારોએ તેની મુક્તિ માટે ૧,૨૦૦ ડોલર એટલે કે, લગભગ રૂપિયા ૧ લાખની માંગ કરી હતી. ખંડણીની ધમકી મળ્યા બાદ અબ્દુલના માતા-પિતાએ અમેરિકામાં રહેતા તેમની સંબંધીઓને જાણ કરતા તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# ભારતે વિશ્વમાં શિખોની સલામતીની ખાતરી આપી છે : US શિખ નેતાઓ

**વોશિંગ્ટન**

એક અગ્રીમ અમેરિકન શિખ નેતાએ કહ્યું હતું કે ભારત સરકારે વિશ્વભરમાં પથરાયેલા શિખોની સલામતી અને સંરક્ષણની ખાતરી આપી છે. શિખ પ્રતિનિધિ મંડળ લઈને ભારતની મુલાકાતેથી તાજેતરમાં જ અહીં પરત આવેલા જસ્સીસિંહ સાધુએ જણાવ્યું હતું કે 'અમારૂં પ્રતિનિધિ મંડળ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને વિદેશ મંત્રી એસ. જયશંકરને મળ્યું હતું. તે સર્વે તરફથી અમોને ઉષ્માભર્યો અને રચનાત્મક આવકાર મળ્યો હતો.' અમે ભારતની વિકાસ યાત્રા જોઈ સાથે તેઓને પૂછ્યું કે અમે કઈ રીતે ભારતના વિકાસમાં સહભાગી બની શકીએ.

અમે એસ. જયશંકરને મળ્યા ત્યારે તેઓએ કહ્યું હતું કે વિશ્વભરમાં પથરાયેલા ભારતીય બિન નિવાસીઓ તેમાં આવૃત્ત શિખોની સલામતી અને સ્વરક્ષણ માટે અમો પ્રતિબદ્ધ છીએ. અમારી મીટીંગો દરમિયાન પંજાબના વિકાસ ઉપર પણ અમે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અમે જાણીએ જ છીએ કે પંજાબમાં અકારણ જાગેલી બળવાખોરીને લીધે તેને ઘણું ઘણું નુકસાન થયું છે.

# ગાઝાની અલ-શિફા હોસ્પિટલમાં મોટી કાર્યવાહી, 20 આતંકી ઠાર

**ગાઝા**

ઈઝરાયેલી સેનાએ ફરી ગાઝાની મુખ્ય હોસ્પિટલ અલ-શિફામાં મોટી કાર્યવાહી કરી છે. ઈઝરાયેલે હમાસના 20 આતંકવાદીઓને ઠાર કર્યા હોવાના તેમજ 200ની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો છે. આઈડીએફે કહ્યું કે, અલ-શિફા હોસ્પિટલમાં આતંકી પ્રવૃત્તિ ચાલતી હોવાની સૂચના મળ્યા બાદ આ કાર્યવાહી કરાઈ છે.

અલ શિફા હોસ્પિટલ ગાઝાની સૌથી મોટી હોસ્પિટલ છે. યુદ્ધ બાદ ઉત્તર ગાઝામાં આ માત્ર એક હોસ્પિટલ બચી છે અને તેમાં પણ આંશિક આરોગ્ય સુવિધા અપાઈ રહી છે. આ ઉપરાંત ઈઝરાયેલી હુમલામાં ઘર વિહોણા હજારો લોકોએ હોસ્પિટલમાં આશરો લીધો છે. જોકે ઈઝરાયેલી સેનાની આ કાર્યવાહી બાદ પેલેસ્ટાઈની લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે. ઈઝરાયેલી સેનાના પ્રવક્તા ડેનિયલ હગારીએ હમાસના 20 આતંકવાદીઓને ઠાર કર્યા હોવાનો અને 200ની ધરપકડ કરી હોવાનો દાવો કર્યો છે. જ્યારે પેલેસ્ટાઈનના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, મૃતકો અને ધરપકડ થયેલાઓમાં મોટાભાગના સામાન્ય લોકો છે. તો બીજીતરફ પેલેસ્ટાઈના હથિયારધારી સંગઠન હમાસે ઈઝરાયેલી સેનાએ અલ-શિફા હોસ્પિટલમાં કરેલી કાર્યવાહીની નિંદા કરી છે.

# અમેરિકાના જ્યોર્જિયામાં હાઈવે ઉપર કારની ટક્કર વાગતાં 36 વર્ષના ગુજરાતી યુવકનું મોત

## અકસ્માત કરનારો કારચાલક નશામાં હોવાની આશંકા, આરોપીની ધરપકડ થઇ

**જ્યોર્જિયા**

અમેરિકામાં કારની ટક્કરે 36 વર્ષના એક ગુજરાતી યુવકનું કરૂણ મોત થયું છે, ૦૭ માર્ચના રોજ શનિવારે બનેલી આ ઘટનામાં પોલીસ દ્વારા દસ દિવસ બાદ મૃતકની ઓળખ જાહેર કરવામાં આવી છે. જ્યોર્જિયાના ડગ્લાસવિલેમાં બનેલી આ ઘટનામાં મોડી સાંજે ફોક્સવેગર પસાટ કારની ટક્કરે ક્રિશ્ના પટેલ નામના એક ગુજરાતી યુવકનું મોત થયું હતું. ઓરેગન સ્ટેટ પોલીસના જણાવ્યા અનુસાર, ક્રિશ્ના પટેલને કારની ટક્કર વાગતા ઘટનાસ્થળ પર જ તે મોતને ભેટ્યો હતો. આ કાર એલેક્સ પેટ્રોવ્સકી નામનો 43 વર્ષનો એક શખસ ચલાવી રહ્યો હતો.

આ અકસ્માત હાઈવે ૧૧Eની ફાસ્ટ લેનમાં થયો હતો, જેની જાણ થતાં જ પોલીસ ત્યાં પહોંચી હતી, પરંતુ ક્રિશ્ના પટેલને હોસ્પિટલ પહોંચાડવામાં આવે તે પહેલા જ તેનું મોત થઈ ગયું હતું. આ અકસ્માત કઈ રીતે થયો હતો તેની હાલ તપાસ ચાલી રહી છે, અને અકસ્માત કરનારા કારચાલકની પોલીસે ધરપકડ પણ કરી લીધી છે. અકસ્માત થયો ત્યારે મૃતક ક્રિશ્ના પટેલ રસ્તો ઓળંગી રહ્યો હતો કે કેમ તેની કોઈ સ્પષ્ટતા પોલીસ દ્વારા કરવામાં નથી આવી, એટલું જ નહીં અકસ્માત કરનારો કારચાલક ત્યારે નશામાં હતો કે કેમ તેની પણ હાલ તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર આ અકસ્માત ઓક ગ્રોવની મેપલ સ્ટ્રીટમાં થયો હતો.

# હૈતીમાં પરિસ્થિતિ વધુ વકરી : ગેંગસ્ટરો દ્વારા લૂંટફાટ, 15 હજારથી વધુ લોકો બેઘર બન્યા

**પોર્ટ ઓફ પ્રિન્સ**

કેરેબિયન સી સ્થિત ટાપુ રાષ્ટ્ર હૈતીમાં પરિસ્થિતિ બેકાબુ બની ગઈ છે. પાટનગર પોર્ટ ઓફ પ્રિન્સમાં જ સોમવારે સવારે સશસ્ત્ર ડાકુ ટોળીઓએ પાટનગરમાં તેમજ આસપાસના વિસ્તારોમાં અચાનક હુમલા શરૂ કરી દીધા. તેથી સોમવારે જ ૧૨થી વધુ લોકો માર્યા ગયા હોવાની માહિતી મળી છે.

સશસ્ત્ર ડાકુઓએ પાટનગર ઉપરાંત લાંબુબે અને થોમ્સનમાં પણ ઘરોમાં ખુલ્લે આમ લૂંટફાટ ચલાવી હતી. આથી લોકોને ઘરબાર છોડી નાસી જવું પડયું હતું. કેટલાક લોકોએ રેડીયો સ્ટેશન પરથી જાહેરાત કરાવી પોલીસની મદદ માગી હતી પરંતુ તે મદદ ઘણી મોડી અને ઘણા ઓછા પ્રમાણમાં પહોંચી શકી હતી. ત્યાં સુધીમાં તો ડાકુઓએ તેમનું કામ પતાવી દીધું હતું. આ પૂર્વે ૨૯મી ફેબ્રુઆરીએ પણ



ડાકુટોળીઓએ લૂંટફાટ ચલાવી હતી. તે વખતે એક ફોટો જર્નાલિસ્ટે લાબૂદે અને થોમસન જિલ્લાઓને સ્પર્શીને રહેલા પેરીસનવિલેમાં ઓછામાં ઓછા ૧૨ પુરુષોના શબ માર્ગ પર પડેલા જોયા હતા. ટૂંકમાં હૈતીમાં ગૃહ યુદ્ધ જેવી પરિસ્થિતિ વ્યાપી રહી છે.

# બ્રિટનની હેલ્થ સર્વિસ સંકટમાં, ભારતે 2000 ડોક્ટરો મોકલવા તૈયારી બતાવી

**લંડન**

બ્રિટનની આરોગ્ય સેવા નેશનલ હેલ્થ સર્વિસ તરીકે ઓળખાય છે.એક સમયે સૌથી સારામાં સારી લોકસુવિધા તરીકે જાણીતી નેશનલ હેલ્થ સર્વિસ પર અત્યારે ડોક્ટરો અને નર્સોની અછતનુ સંકટ તોળાઈ રહ્યુ છે. બ્રિટનમાં નેશનલ હેલ્થ સર્વિસમાં દર્દીઓની સારવાર માટે બેડ પણ ઓછા પડી રહ્યા છે, એમ્બ્યુલન્સો મોડી પહોંચી રહી છે, ઈજા થઈ હોય તો સારવાર માટે બાર-બાર કલાક સુધી રાહ જોવી પડે છે અને હાર્ટ એટેક જેવા ગંભીર મામલામાં પણ દર્દીની સારવાર આઠ કલાક પછી થતી હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે ત્યારે બ્રિટને ભારત પાસે મદદ માંગી છે. બ્રિટનની વિનંતી બાદ ભારતે પોતાના 2000 ડોકટરોને નેશનલ હેલ્થ સર્વિસ માટે મોકલવા તૈયારી બતાવી છે. આ ડોકટરોની પહેલી બેચને 6 થી 12 મહિના સુધી બ્રિટનમાં તાલીમ આપ્યા બાદ તેમને હોસ્પિટલોમાં તૈનાત કરાશે. તેમને બ્રિટનમાં નોકરી માટે જરૂરી પ્રોફેશનલ્સ એન્ડ લિંગ્વિસ્ટિક બોર્ડની પરીક્ષા પણ પાસ નહીં કરવી પડે. બ્રિટિશ સરકાર આ પ્રોજેકટને ફંડ આપી રહી છે. આ ડોકટરોને સ્થાયી નોકરી તો હાલમાં નહીં મળે પણ તેમને વિદેશની હોસ્પિટલોમાં કામ કરવાનો અનુભવ અને ખાસા એવા પૈસા ચોક્કસ મળશે.

# પાકિસ્તાનના ગ્વાદર બંદર પર બલૂચ આતંકવાદીઓનો હુમલો : સાતને ઠાર મરાયા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનના ગ્વાદર બંદર પર બલોચ આતંકવાદીઓએ નિષ્ફળ હુમલો કર્યો હતો. પાકિસ્તાની સુરક્ષા દળોએ સાતેય આતંકવાદીને ઠાર કરવામાં સફળતા મેળવી હતી. અલગતાવાદી બીએલએ બલૂચિસ્તામાં ચીનના રોકાણનો વિરોધ કરી રહી છે અને ચીન તથા પાકિસ્તાન પર સંસાધનોથી સમૃદ્ધ બલૂચિસ્તાનનું શોષણ કરવાનો આરોપ મૂકી રહી છે. મકરાન ડિવિઝનના કમિશ્નર એહમદ ઉમરાનીએ પણ આ હુમલાને સમર્થન આપ્યું હતું અને જણાવ્યું હતું કે આતંકવાદીઓ ગ્વાદર પોર્ટ ઓથોરિટીના બિલ્ડિંગમાં પ્રવેશ્યા હતા અને ત્યારે ત્યાં ક્લિયરિંગની કામગીરી ચાલતી હતી. અગાઉ સ્થાનિકોના અહેવાલ મુજબ આ અથડામણમાં આઠ આતંકવાદી માર્યા ગયા છે.

# વર્લ્ડ હેપિનેસ ઇન્ડેક્સ : ફિનલેન્ડ ટોચ પર, ભારત કરતાં પાકિસ્તાન વધુ ખુશ

**વોશિંગ્ટન**

વિશ્વભરનાં દેશોમાં લોકો કેટલા ખૂશ છે તેને લઈ હાથ ધરાયેલો વર્ષ ૨૦૨૪નો હેપિનેસ ઈન્ડેક્સ જાહેર કરાયો છે. સંયુક્ત રાષ્ટ્રના આ ઈન્ડેક્સમાં જણાવ્યું છે કે ફિનલેન્ડ પ્રથમ ક્રમે છે અને ત્યાંના લોકો વિશ્વમાં સૌથી ખુશ છે. ભારત ૧૨૬માં ક્રમે છે. ભારતનો હેપિનેસ ઈન્ડેક્સ પાડોશી દેશો નેપાળ, ચીન અને પાકિસ્તાન કરતા પણ ઉપર છે. જ્યારે સૌથી વધુ ખુશહાલ દેશોમાં પ્રથમ ક્રમે ફિનલેન્ડ, બીજા ક્રમે ડેનમાર્ક અને ત્રીજા ક્રમે આઈસલેન્ડ છે.

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરાયેલા વર્ષ ૨૦૨૪ના વર્લ્ડ હેપિનેસ રિપોર્ટ મુજબ ફિનલેન્ડ સતત 7 વખત વિશ્વનો સૌથી વધુ ખુશહાલી ધરાવતો દેશ બન્યો છે. લોકોની ખુશહાલી અંગે સંશોધન કરનારા સંયુક્ત રાષ્ટ્રના નિષ્ણાંતોએ આ રિપોર્ટમાં જણાવ્યું છે કે લોકોનો પ્રકૃતિ સાથેનો લગાવ, સ્વસ્થ લાઈફસ્ટાઈલ અને કામ વચ્ચેનું સંતુલન જાળવી રાખવાને કારણે ફિનલેન્ડ પ્રથમ ક્રમે પહોંચ્યો છે. આ ઉપરાંત વિવિધ દેશોમાં લોકોની સામાજિક સુરક્ષા, સરકારી સંસ્થાઓ પર વિશ્વાસ, ઓછો ભ્રષ્ટાચાર, સારુ સ્વાસ્થ્ય-શિક્ષણ અને સરકાર દ્વારા અપાતી વિવિધ સુવિધાઓ, સમાજમાં ભાઈચારો, સ્વતંત્રતા, ઉદારતાને ધ્યાનમાં રાખીને આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં છે.

# આયર્લેન્ડમાં ભારતીય મૂળના લિયો વરાડકરે પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપી દીધું

**આયર્લેન્ડ**

આયર્લેન્ડના ભારતીય મૂળના પ્રધાનમંત્રી લિયો વરાડકરે બુધવારે વ્યક્તિગત અને રાજકીય કારણોને ટાંકીને તેમના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. તેમણે ડબલિનમાં તેમના ભાવુક નિવેદન દરમિયાન આ જાહેરાત કરી હતી. લિયો વરાડકરે કહ્યું કે તેઓ માને છે કે આગામી વર્ષ થનાર સામાન્ય ચૂંટણીમાં તેમની પાર્ટી ફાઈન ગેલ માટે વધુ બેઠકો જીતવા માટે નવો નેતા મારા કરતાં સારી સ્થિતિમાં હશે. લિયો વરાડકરે કહ્યું કે હવે પદ છોડવાના મારા કારણો વ્યક્તિગત અને રાજકીય છે, પરંતુ મુખ્યત્વે રાજકીય છે. ઓફિસમાં સાત વર્ષ પછી, મને હવે લાગતું નથી કે હું તે પદ માટે શ્રેષ્ઠ વ્યક્તિ છું. તેમણે કહ્યું કે હું પાર્ટીમાં અન્ય લોકોને તક આપવા માંગુ છું.

# IPL-2024 : બેંગ્લોર અને ચેન્નઈ વચ્ચે પ્રથમ મુકાબલો

## સાંજે 6.30 કલાકે યોજાનારી ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ છવાશે : બેંગ્લોર-ચેન્નઈની મેચ ભારતીય સમય મુજબ 8 વાગે શરૂ થશે

## MS ધોનીની વધુ એક ટ્રેડમાર્ક સરપ્રાઇઝ, IPLની પૂર્વસંધ્યાએ CSKની કેપ્ટનશિપ છોડી



ચેન્નઈ : ના કોઈ નિવેદન, ના કોઈ જાહેરાત, એક તસવીર આવીને પૂરી સ્ટોરી બદલાઈ ગઈ. તમામ બાબતો ધોનીની ટ્રેડમાકર્ સ્ટાઈલમાં થયું છે. જે રીતે ટેસ્ટ ટીમની કેપ્ટનશિપને છોડવાથી લઈને નિવૃત્તિ સુધી બન્યું હતું તેવી રીતે આઈપીએલની પૂર્વસંધ્યાએ પાંચ વખતની ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સની કેપ્ટનશિપ છોડીને ધોનીએ તમામને ચિકત કરી દીધા છે. કરોડો સમર્થકોને આશા હતી કે નિવૃત્તિ પહેલાં ધોની ચેન્નઈને વધુ એક વખત ચેમ્પિયન બનાવશે પરંતુ `થાલા'ના દિમાગમાં શું હતું તેની અટકળ કોઈ કરી શકતું નથી. ધોનીએ આ પહેલાં 2022માં પણ કેપ્ટનશિપ છોડી હતી અને રવીન્દ્ર જાડેજાને સુકાની બનાવવામાં આવ્યો હતો પરંતુ ટીમના ખરાબ પ્રદશ્રાનના કારણે ધોનીને ટૂર્નામેન્ટની અધવચ્ચે જ ફરીથી નેતૃત્વ સંભાળવાની ફરજ પડી હતી. ચેન્નઈ સુપર કિંગ્સના મેનેજમેન્ટે પણ સત્તાવાર જાહેરાત કરીને જણાવ્યું હતું કે 17મી સિઝન પહેલાં ધોનીને કેપ્ટનશિપ છોડી દીધી છે અને તેના સ્થાને ઋતુરાજને સુકાની બનાવવામાં આવ્યો છે.

। ચેન્નઇ ।

ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઇ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના મુકાબલા વડે શુક્રવારથી ક્રિકેટના સૌથી મોટા જલસા સમાન આઈપીએલ ટી20 લીગનો પ્રારંભ થઈ જશે.

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)નું બ્યુગલ વાગી ગયું છે. તેની શરૂઆત 22 માર્ચથી વર્તમાન ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચથી થશે. આ ઉદ્ઘાટન મેચ પહેલા, તે જ દિવસે IPLનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે. આ સમારોહમાં બોલિવૂડના ઘણા મોટા કલાકારો પરફોર્મ કરવાના છે. IPL દ્વારા બુધવારે સત્તાવાર માહિતી આપવામાં આવી હતી કે ઓપનિંગ સેરેમનીમાં કયા સેલેબ્સ પરફોર્મ કરશે. ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ સ્ટાર્સ અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ પરફોર્મ કરશે. આ સિવાય એઆર રહેમાન અને સોનુ નિગમ પણ પરફોર્મ કરશે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં IPL ઓપનિંગ સેરેમનીનું આયોજન કરવામાં આવશે. તે સાંજે 6:30 કલાકે શરૂ થશે. આ પછી, સિઝનની પ્રથમ મેચ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. ઓપનિંગ મેચ રાત્રે 8:00 વાગ્યાથી રમાશે. ચેન્નાઈની ટીમની કમાન ઋતુરાજ ગાયકવાડ સંભાળશે, જ્યારે RCBની કમાન દક્ષિણ આફ્રિકાના ફાફ ડુ પ્લેસિસ સંભાળશે. CSK 5 વખત ચેમ્પિયન છે, RCB છેલ્લા 16 વર્ષથી તેના પ્રથમ ટાઈટલની રાહ જોઈ રહ્યું છે.

### કેપ્ટન્સ ફોટો સેશન, છ બદલાયા, ચાર યથાવત્ રહ્યા



## એક ઓવરમાં બે બાઉન્સર, વાઇડ માટે પણ રિવ્યૂ

આઇપીએલની 17મી સિઝન માટેના કેટલાક નિયમો બદલવામાં આવ્યા છે જેમાં એક ઓવરમાં બે બાઉન્સર નાખી શકાશે અને વાઇડ તથા નો-બોલ માટે પણ રિવ્યૂ લઈ શકાશે. આ નિયમો ઇન્ટરનેશનલ ક્રિકેટનો હિસ્સો નથી. લીગ દરમિયાન 60 સેકન્ડની સ્ટોપવોચનો ઉપયોગ કરાશે નહીં. સ્ટમ્પિંગની અપીલ ઉપર કોટ બિહાઇન્ડ પણ ચેક કરવામાં આવશે.

## IPL 2024 પહેલા લખનઉની ટીમ અયોધ્યા પહોંચી : રામલલાના દર્શન કર્યા

IPL 2024: આઈપીએલની 17મી સીઝન 22મી માર્ચથી શરૂ થઈ રહી છે. આઈપીએલ માટે તમામ ટીમોએ તૈયારી કરી લીધી છે. આ દરમિયાન લખનઉ સુપર જાયન્ટ (LSG)ની ટીમ અયોધ્યા પહોંચી હતી. જોન્ટી રોડ્સ, જસ્ટિન લેંગર, આફ્રિકન ક્રિકેટર કેશવ મહારાજ અને રવિ બિશ્નોઈએ રામલલ્લાના દર્શન કર્યા હતો.

ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર કેશવ મહારાજે રામલલાના દર્શન કર્યા હતા. આ વખતે તે આઈપીએલમાં લખનઉ સુપર જાયન્ટ તરફથી રમશે. એલએસજી કોચ અને પૂર્વ ઓસ્ટ્રેલિયન ક્રિકેટર જસ્ટિન લેંગર અને પૂર્વ દક્ષિણ આફ્રિકાના ક્રિકેટર જોન્ટી રોડ્સે મેચ પહેલા રામલલાના દર્શન કરીને આઈપીએલમાં ટીમની સફળતા માટે આશીર્વાદ માગ્યા. 34 વર્ષીય કેશવ મહારાજે દક્ષિણ આફ્રિકા માટે 50 ટેસ્ટ અને 44 વનડે રમી છે અને અનુક્રમે 158 અને 55 વિકેટ લીધી છે. તે સારી બેટિંગ પણ કરે છે. 24મી જાન્યુઆરીએ જયપુરમાં લખનઉ સુપર જાયન્ટ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મેચ રમાશે.

## ટી-20 રેન્કિંગ રાશિદનું ટોપ-10માં પુનરાગમન, સૂર્યકુમાર ટોચના ક્રમે યથાવત્

દુબઈ : બાદ ટીમમાં પુનરાગમન કરનાર અફઘાનિસ્તાનનો લેગ સ્પિનર રાશિદ ખાન આયરલેન્ડ સામે તાજેતરમાં રમાયેલી શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કરીને ટી20 ઈન્ટરનેશનલ બોલિંગ રેન્કિંગમાં ફરીથી ટોપ-10માં સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે. રાશિદ ચાર ક્રમાંકની આગેકૂચ કરીને નવમા ક્રમે પહોંચી ગયો છે. ભારતીય બેટ્સમેન સૂય્રાકુમાર યાદવે કુલ 861 પોઈન્ટ સાથે બેટ્સમેનોમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. આયરલેન્ડના ખેલાડીઓને પણ લાભ થયો છે. જોશ લિટલ 39મા, માર્ક એડેર 56મા તથા બેરી મેકાર્થી 15 ક્રમાંકની આગેકૂચ કરીને 77મા ક્રમાંકે પહોંચી ગયો છે.

## પેરિસ ઓલિમ્પિકના ઉદ્ઘાટનમાં રશિયા- બેલારુસના એથ્લેટ્સ પ્રતિબંધિત કરાયાં

જિનીવા : રશિયા અને બેલારુસના એથ્લેટ્સ પેરિસ ઓલિમ્પિકના ઉદ્ઘાટનના કાર્યક્રમમાં પરંપરાગત પરેડમાં ભાગ લઈ શકશે નહીં. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિએ આ જાણકારી આપી હતી. ઓલિમ્પિકનો ઉદ્ઘાટન કાર્યક્રમ 26મી જુલાઈએ યોજાશે જેમાં હજારો ખેલાડીઓ સીન નદીથી એફિલ ટાવર તરફ બોટ્સ દ્વારા આવશે. સામાન્ય રીતે પરેડ સ્ટેડિયમની અંદર થતી હોય છે. ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિએ જણાવ્યું હતું કે રશિયા અને બેલારુસના ખેલાડીઓ નદી કિનારેથી સમારંભને નિહાળી શકશે. તેમને તટસ્થ એથ્લેટ્સ તરીકે આઈઓસીના ફ્લેગ હેઠળ ગેમ્સમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે.

## પેરિસ ગેમ્સ માટે શ્રેયસી અને ગનેમત પાસે છેલ્લી તક, ભારતના 12 શૂટર્સ જાહેર

નવી દિલ્હી : કોમનવેલ્થ ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા શ્રેયસીસિંહ, અનુભવી શૂટર મેરાજ એહમદ ખાન તથા વર્લ્ડ કપ વિજેતા ગનેમત શેખોને પેરિસ ઓલિમ્પિક માટે દોહા ખાતે 19મીથી 29મી એપ્રિલ સુધી યોજાનારી અંતિમ ક્વોલિફાઈંગ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે 12 શૂટર્સની ભારતીય ટીમમાં સ્થાન અપાયું છે. નેશનલ રાઈફલ એસોસિયેશને પેરિસ ખાતે ઓલિમ્પિક પહેલાં ઘણી મહત્ત્વપૂણ્ર ઈવેન્ટ માટે ટીમની જાહેરાત કરી છે. દોહા ખાતેની ઈવેન્ટમાં ચાર ક્વોટા દાવ ઉપર લાગશે જેમાં મેન્સ તથા વિમેન્સ ટીમ માટે ટ્રેપ તથા સ્કિટમાં એક-એક ક્વોટા સામેલ રહેશે.

## અફઘાનિસ્તાન સામે ટી-20 સીરિઝ રમવા ઓસ્ટ્રેલિયા દ્વારા સાફ ઈનકાર

નવીદિલ્હી: ઓસ્ટ્રેલિયા અને અફઘાનિસ્તાન વચ્ચે ઓગસ્ટમાં સંયુક્ત આરબ અમીરાતમાં ત્રણ મેચોની T20 સીરિઝ યોજાવાની હતી. જોકે ઓસ્ટ્રેલિયાએ તાલિબાની સત્તાનો ઉલ્લેખ કરી સીરિઝ રમવાનો ઈન્કાર કરી દીધો છે. ICCના આગામી કાર્યક્રમો હેઠળ બંને દેશો વચ્ચે આ સીરિઝ યોજવાનો પ્રસ્તાવ હતો અને અફઘાનિસ્તાન તેની યજમાની કરવાનું હતું. જોકે હવે ઓસ્ટ્રેલિયાના ઈન્કાર બાદ સીરિઝ પડતી મુકાઈ છે. સીરિઝ રદ કરવાના કારણ અંગે ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આજે 19 માર્ચે જણાવ્યું કે, 'તાલિબાની સત્તાના કારણે મહિલાઓ અને યુવતીઓના માનવાધિકાર અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.





# કેનેડામાં તકરાર બાદ મૂળ ભારતીય પતિ દ્વારા છરી વડે ઘા ઝીંકી પત્નીની હત્યા

## દિકરીને મળવા માટે જગપ્રીત ચાર દિવસ પહેલાં જ લુધિયાણાથી કેનેડા પહોંચ્યો હતો

**બ્રિટીશ કોલંબિયા**

કેનેડામાં પંજાબની એક વ્યક્તિએ છરી મારીને તેની પત્નીની હત્યા કરી હતી. સુત્રોના જણાવ્યા મુજબ 15મી માર્ચે બ્રિટિશ કોલંબિયાના એબોટ્સફોર્ડમાં વેગનર ડ્રાઈવના 3400-બ્લોકમાં 41 વર્ષીય બલવિંદર કૌર ઘરે ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવી હતી.

જે બાદ કેનેડાની ઈન્ટિગ્રેટેડ હોમિસાઈડ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા મહિલાનો જીવ બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ થોડા સમય પછી હોસ્પિટલમાં તેનું મોત થયું હતું. આ મામલે મહિલાના પતિ જગપ્રીત સિંહની ઘટના સ્થળેથી ધરપકડ કરવામાં આવી હતી. ચોંકાવનારી વાત એ છે કે, જગપ્રીતે લુધિયાણામાં તેની માતાને વીડિયો કોલ કરીને તેણે તેની પત્નીની હત્યા કરી હોવાની જાણકારી પણ આપી હતી.

બલવિંદર કૌરની બહેને મીડિયા સમક્ષ કહ્યું હતુ કે, "મારી બહેનની છરીના ઘા મારીને હત્યા કરવામાં આવ્યા પછી જગપ્રીતે લુધિયાણામાં તેની માતાને વીડિયો કોલ કર્યો અને કહ્યું કે તેણે હંમેશાં માટે બલવિંદરને સૂવડાવી દીધી છે. પૈસાને લઈને દંપતી વચ્ચે રોજેરોજ બોલાચાલી થતી હતી. બે અઠવાડિયાં પહેલાં જ કેનેડા પહોંચેલા જગપ્રીત કામ કરતો નહોતો અને બેરોજગાર હતો. રિપોર્ટ અનુસાર બંનેએ વર્ષ 2000માં લગ્ન કર્યાં હતાં. બંનેને બે સંતાન- એક પુત્રી અને એક પુત્ર છે. જોકે જગપ્રીતના પરિવારે તમામ આરોપોને નકારી કાઢ્યા હતા.

# વાર્ષિક વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં કેનેડા 15મા સ્થાને પહોંચી ગયું

**ક્યૂબેક**

વાર્ષિક ડાઉનમાં કેનેડા ગયા વર્ષે 13મા સ્થાનેથી 15મા સ્થાને સરકી ગયું છે, કેનેડા હવે કોસ્ટા રિકા, કુવૈત અને ઓસ્ટ્રિયા જેવા દેશોને પાછળ રાખી દે છે. કેનેડિયન અર્થશાસ્ત્રી અને વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટના સ્થાપક સંપાદક જોન હેલીવેલે મીડિયાને જણાવ્યું હતું કે, "કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં જે બન્યું છે તે એ છે કે, છેલ્લા કેટલાક વર્ષોમાં 30 વર્ષથી ઓછી ઉંમરના લોકો 10 કે એક ડઝન વર્ષ પહેલાંની સરખામણીમાં ઘણા ઓછા ખુશ થયા છે. 60થી વધુ વયના લોકોમાં બહુ બદલાવ આવ્યો નથી, અને તે તેમના જીવનના સંજોગોમાં ફેરફારના માગ કોઈ પણ વસ્તુ સાથે મેળ ખાતો નથી. 140 દેશોના સર્વેક્ષણ ડેટાના આધારે પ્રસિદ્ધ અહેવાલ ઉત્તરદાતાઓના જીવન મૂલ્યાંકનને સમજાવવામાં મદદ કરવા માટે છે. માથાદીઠ જીડીપી, સામાજિક સમર્થન, આયુષ્ય, સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચારની ધારણાઓને આધારે આ અહેવાલ તૈયાર કરાય છે. પ્રોફેસર એમેરિટસ હેલિવેલ માને છે કે અંગ્રેજી-ભાષાના મીડિયામાં નકારાત્મક સમાચાર - અને ખાસ કરીને સોશિયલ મીડિયાને જ સુખી ધોરણે કેનેડાના પતન માટે આંશિક રીતે દોષી ગણી શકાય તેમ છે.

# ઓન્ટેરિયોમાં મકાનમાં આગ લાગતાં મુળ ભારતીય પરિવારના ત્રણ ભડથું

## ઘરમાં આગ આકસ્મિક રીતે નહીં, પણ કોઇ દ્વારા લગાડવામાં આવી હોવાની આશંકા

**ઓન્ટારિયો**

કેનેડાના ઓન્ટારિયોમાં રહેતા એક ભારતીય પરિવારના ઘરમાં આગ લાગવાથી ત્રણ સભ્યો મૃત્યુ પામ્યા હતા. આગ લાગવાનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસને આશંકા છે કે ઘરમાં આગ લગાવવામાં આવી હતી. પોલીસે શનિવારે જણાવ્યું હતું કે, 7 માર્ચે બ્રામ્પટન શહેરમાં એક મકાનમાં આગ લાગી હતી. આગ ઓલવાયા બાદ અહીં માનવ અવશેષો મળી આવ્યા હતા. 15 માર્ચે, માનવ અવશેષોની ઓળખ ભારતીય પરિવારના ત્રણ સભ્યો તરીકે કરવામાં આવી હતી. પોલીસ અધિકારી ટેરીન યંગે કહ્યું કે, રાજીવ વારિકુ, તેમની પત્ની શિલ્પા કોઠા અને 16 વર્ષની પુત્રી મહેક વારિકુનું આગમાં ભડથું થઈ ગયા હતા. આગ લાગી તે પહેલા ત્રણેય ઘરમાં હાજર હતા. આગ ખૂબ જ ભયાનક હતી. ઘર સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયું હતું. અમે તપાસ કરવા માટે હજી સુધી કંઈ કડી મળી નથી. અમને લાગે છે કે તે અકસ્માત નહોતો, પરંતુ આગ લાગાવવામાં આવી હતી. હાલમાં અમને કોઈ પુરાવા મળ્યા નથી, પરંતુ અમે હત્યાના એંગલથી પણ તપાસ કરી રહ્યા છીએ.

# ટ્રુડોને કામનું ભારણ, દરરોજ રાજીનામું આપવાનો વિચાર પણ આવવા માંડ્યો

## લોકપ્રિયતા ઘટ્યાના અહેવાલ બાદ ટ્રુડોએ જાહેરમાં અંગત જીવનની વાતો કરી

**ટોરોન્ટો**

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને માટે કામકાજનું ભારણ મુસીબત નોતરી રહ્યું છે. તેમણે મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતુ કે, તેમને દરરોજ રાજીનામું આપવાના વિચાર આવે છે. હું દરરોજ રાજકારણ છોડવાનું વિચારું છું. રાજીનામું આપવાનો વિચાર દરરોજ આવે છે. કામના ભારણને કારણે અંગત બલિદાન આપવું પડે છે. કેટલીકવાર આ બિલકુલ સારું નથી લાગતું. ટ્રુડો ઓગસ્ટ 2023માં તેમની પત્ની સોફીથી ડિવોર્સ લીધા હતા. લગ્નના 18 વર્ષ બાદ બંનેએ અલગ થવાનો નિર્ણય લીધો હતો. બંનેને 3 બાળકો છે. જસ્ટિન પિયરે જેમ્સ ટ્રુડો નવેમ્બર 2015માં કેનેડાના 23મા વડાપ્રધાન બન્યા હતા. તેઓ એપ્રિલ 2013થી લિબરલ પાર્ટીના નેતા છે. કેનેડામાં ઓક્ટોબર 2025માં સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. આ પહેલા ત્યાં વડાપ્રધાનના ચહેરાનો સર્વે કરવામાં આવી રહ્યો છે. ટ્રુડો આ સર્વેમાં ઘણા પાછળ જોવા મળે છે. તેમની લોકપ્રિયતામાં ઘટાડો થતો જોવા મળી રહ્યો છે. સર્વે અનુસાર તેમની લિબરલ પાર્ટી પણ કન્ઝર્વેટિવ પાર્ટીથી પાછળ રહી છે. આ અંગે ચર્ચા કરતી વખતે તેમણે રાજકારણ છોડવાનો ઉલ્લેખ કર્યો હતો. જો કે, તેમણે કહ્યું કે તેઓ આગામી ચૂંટણી સુધી રાજીનામું નહીં આપે. તેણે કહ્યું- હું લોકપ્રિય થવા માટે રાજકારણમાં આવ્યો નહોતો અને મારી પાસે રાજકારણમાં આવવાનું કોઈ અંગત કારણ પણ નથી. હું માત્ર લોકોની સેવા કરવા માટે રાજકારણી બન્યો છું.

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
Among TOP 75 Producers in Canada Award & Centurion Producer Awards Winner

19 ROOM MOTEL IN NIAGARA FALLS on MLS Asking $2.5 Million
5 minutes to Niagara Falls, 15 minutes to Rainbow Bridge USA. Schools, College, Shopping, Hospital, Highways etc. all aminites close by. Currently over 50% Rooms are given to workers on Weekly and Monthly basis for steady and regular income. Motel has mix of single, double and Five kitchennet units + 2 BR appartment for the owner with finished basement having additional 2 rooms. Separate breakfast area with tables and chairs (currently closed and using as storage). Ideal opportunity for the Owner Operator to live and work for yourself.

35 ROOM MOTEL- $3.3 Million
Highway 11, Northern Ontario
Coming up for Sale on MLS- March 2024

30 ROOM MOTEL $2.4 Million
Near Ottawa
Coming up For Sale Exclusive- March 2024

FRANCHISE HOTEL - $6.9 Million
Near Kingston
Coming up for Sale on MLS - March 2024

BURRITO FOR SALE on MLS
Fat Bastard Burrito Kingston- $499,000
Fat Bastard Burrito Belleville- $299,000
Burrito Boyz Appleby, Burlington SOLD
Burrito Boyz Plains Rd, Burlington SOLD

SMALL MOTELS: Under $1 Million
Coming up For Sale on MLS- Mar 2024
10 Room Hwy 11, Northern Ontario
12 Room Hwy 17, Northern Ontario
15 Room Hwy 17, Northern Ontario

Need Working Partner to Run Motels
Wiling to invest min $100,000
% partnership + salary

Motel Jobs Avaiable
Housekeeping, General work, Front-desk
Location: 4 Hrs to 8 Hrs from Toronto

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100


CLUB CERAMIC
Porcelain Tiles : Premium Quality and Best Price
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD
MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030
https://clubceramic.com Email : sales@clubceramic.com


EXPERT IN VISITOR TOURIST VISA
AUSTRALIA
NEWZEALAND
USA
UK ENGLAND
EUROPE SCHENGEN
AFRICA
Please Contact Today
499 Main Street, Unit 94, Brampton, Ontario L6Y1N7. +1 416-745-2466
AMI MEHTA
CEO SHARP Immigration
SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
Canada | India | Nigeria
CICC
+1-416-745-2466 (Canada)
+91-98255 56911 (India)
+234-8146184869 (Nigeria)


EARLY BIRD DISCOUNT
GLOBALHOLIDAYS
GROUP TOURS | MICE | EVENT
www.globalholidays.tours
TOLL FREE : +1844-900-8099
ಹೋಗೋಣ...
ਚਲਾਂ ਚਲਦੇ ਹਾਂ...
Let's go...
चलो घूमने..
ચાલો ફરવા ...
14 Days $3399* Grand Europe MAY 19 2024, JUN 24 2024, JUNE 28 2024, JULY 24 2024, AUG 19 2024
10 Days $2799* Amazing Europe MAY 23 2024, JUN 18 2024, JULY 02 2024, JULY 28 2024, AUG 23 2024
12 Days $2799* Best Of Portugal & Spain MAY 07 2024, JUN 02 2024, JULY 12 2024, AUG 07 2024, SEP 02 2024, OCT 13 2024
12 Days $2699* Eastern Europe AUG 07 2024, SEP 02 2024, SEP 27 2024
09 Days $2799* Canadian Rockies MAY 19 2024, JULY 17 2024, AUG 11 2024, SEP 08 2024
11 Days $3499* South Korea & Japan MAR 21 2024, APR 11 2024
09 Days $3599* Scenic Iceland SEPT 12 2024, SEPT 21 2024, SEPT 30 2024, OCT 09 2024
15 Days $4799* Grand South America OCT 22 2024, NOV 06 2024, JAN 22 2024, FEB 06 2024
16 Days $4499* Grand Australia & New Zealand JAN 22 2024, FEB 07 2024, MAR 22 2024, APR 07 2024
12 Days $3399* Splendid Kenya & South Africa Any Date
Scan For Website
www.globalholidays.tours
12 Days $3499* Jordan & Egypt FEB 01 2024, MAR 02 2024, OCT 11 2024, NOV 08 2024
08 Days $3399* Amazing Costa Rica Any Date
12 Days $2699* Spectacular China Any Date
ज़िन्दगी एक सफ़र है सुहाना !
*T&C Apply + Airfare
* Prices are in US dollars
For Price in CAD Pls Call +1-416-912-6534
Delicious Food
Summer & Winter Family Tours
Group Tours
WHY GLOBAL HOLIDAYS?
• Bonded: 100% money protected
• Handpicked executive hotel
• Luxurious transportation
• Finest Tour Managers
• 23 years plus professional experience
Accredited by IATAN
ATLANTA : 2470 Windy Hill rd, Ste 160 Marietta (Atlanta) GA 30067
NEW JERSEY : 66 Middlesex Ave, Suite #103 Iselin. NJ 08830
globalholidays.us globalholidaysusa info@globalholidays.us
BOOK NOW
+1 770 599 7099